



પ.પૂ. ભદ્ર સ્વામી

સ્વામી ભદ્ર સ્થાપિત પ્રાર્થના સંઘ – ભદ્ર આશ્રમનું સામયિક

# ચૈતન્ય પ્રાર્થના

નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૪





## નારાયણ દેસાઈ શતાબ્દી સ્મૃતિ અંક

સંપાદક : નરેશ કાપડીઆ

## ગાંધીસ્તોત્ર

એનું જીવનકાર્ય અખંડ તપો, અમ વચ્ચે બાપુ અમર રહો;
એના જીવનમંત્ર સમો ચરખો, પ્રભુ, ભારતમાં ફરતો જ રહો.
અમ જીવનમાં અમ અંતરમાં, એની ઉજ્જ્વળ જ્યોત જ્વલંત રહો;
અમ દેશનાં દૈત્ય ને દુર્બલતા, એની પાવક આતમ-જ્વાલ દહો.
એનો સત્યનો સૂર્ય સદાય તપો, અમ પાપ નિરાશાના મેલ દહો;
એનાં પ્રેમ અહિંસાનાં પૂર પ્રભો, અમ ભારતના સહુ ક્લેશ વહો.
એણે જીવતાં રામ સદાય રટ્યા, એ તો રામ વદીને વિદાય થયા;
લઘુ માનવમાં મહિમા ભરવા, નિજ લોહી અશેષ વહાવી ગયા.

- જુગતરામ દવે

# ચૈતન્ય પ્રાર્થના – નવેમ્બર - ડિસેમ્બર, ૨૪

## (નારાયણ દેસાઈની શતાબ્દી સ્મૃતિ)

સર્વનું કલ્યાણ હોજો
સર્વનું મંગલ હોજો
સર્વના તનમાં પૂર્ણ આરોગ્ય હોજો
સર્વના મનમાં પૂર્ણ પ્રસન્નતા હોજો
સર્વને પૂર્ણતાનો પરમાનંદ હોજો
ઓમ શાંતિ શાંતિ શાંતિઃ
આત્મ શાંતિ, વિશ્વ શાંતિ
વિશ્વ શાંતિ!

**વર્ષ: ૭૩ અંક: ૧૧-૧૨** **નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૪**

**: સંપાદક :**

નરેશ કાપડીઆ
99099 21100

**: સંપાદક મંડળ :**

ડો. કિશોર દેસાઇ - ઉમેશ ભટ્ટ - શંભુભાઈ પ્રજાપતિ

**: પ્રકાશક :**

નવીનચંદ્ર રમણલાલ ચોખાવાલા
પ્રાર્થના સંઘ - ભદ્ર આશ્રમ, સરકારી વસાહત પાછળ,
અઠવાલાઇન્સ, સુરત ૩૯૫ ૦૦૭ ફોનઃ (૦૨૬૧) ૨૬૫ ૦૮૦૮
મો.: ૯૯૦૯૬ ૪૭૪૫૩ - ૯૧૦૬૯ ૨૮૬૦૩

**: મુદ્રક :**

ઈમેજ આર્ટ
સૈયદપુરા, સુરત. મો.: ૮૨૦૦૭ ૭૯૭૯૩

**: લવાજમ :**

વાર્ષિકઃ રૂ. ૧૦૦ (યુએસ ડોલર ૧૦, યુકે પાઉન્ડ ૫)
આજીવનઃ રૂ. ૫૦૦ (યુએસ ડોલર ૧૦૦, યુકે પાઉન્ડ ૫૦)
છુટક અંક : રૂ. ૧૨

# સંપાદકીય

'ચૈતન્ય પ્રાર્થના'ના આત્મીય પરિવારજનો,

નમસ્કાર.

'ચૈતન્ય પ્રાર્થના'નો નવેમ્બર – ડિસેમ્બર ૨૦૨૪ - આપની સેવામાં રજૂ કરતાં આનંદ અનુભવીએ છીએ.

ગાંધીજીના કાર્યો અને વિચારોનો ફેલાવો કરવામાં જીવન સમર્પિત કરનારા નારાયણભાઈ દેસાઈની શતાબ્દી સ્મૃતિને આ અંક સમર્પિત છે.

મહાત્મા ગાંધીના અંગત સચિવ રહેલાં મહાદેવભાઈ દેસાઈની નોંધો, ડાયરી દ્વારા જ દુનિયા મહાત્માની નજીક જઈને તેમને જાણવાનો પ્રયાસ કરતી રહી છે અને કરતી રહેશે. તે સમયે એક તોફાની બાળક રૂપે નારાયણભાઈએ એ બધું નજીકથી કુતુહલભરી આંખે જોયું હશે. તેમના અંતરમનમાં તેની કેવી ઘેરી છાપ હશે કે તેમણે આજીવન તે છાપને ઉપસાવીને સમાજ સુધી પૂજ્ય બાપુના અને પિતાના સ્મરણો વાગોળ્યાં.

નારાયણભાઈના જીવનના ત્રણ મોટાં પ્રદાન એટલે તેમણે પિતા મહાદેવ દેસાઈનું લખેલું જીવનચરિત્ર 'અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ', મહાત્મા ગાંધીનો પરિચય કરાવતો ગ્રંથ સમૂહ 'મારી વાણી એ જ મારું જીવન' અને પોતાના જીવનના અંતિમ સમયગાળામાં કરેલી 'ગાંધી કથાઓ'. શતાબ્દી સ્મૃતિમાં તેમના આ કાર્યોને આદરપૂર્વક યાદ કરવાનો આ અંકનો હેતુ છે.

સમય કેટલો બદલાયો છે તેનો પરચો અમને મળ્યો જયારે અમે સુરતની એક શાળાના પાંચસો બાળકો સમક્ષ તેમની શતાબ્દીની સવારે પ્રશ્ન કર્યો, 'નારાયણ દેસાઈને ઓળખો છો?' એક પણ હાથ ઊંચો ન થયો. અમે બીજો સર્વે કર્યો, 'મહાદેવ દેસાઈને ઓળખો છો?' માંડ બે-ચાર હાથ ઊંચા થયાં. અમે ધડકતા દિલે ત્રીજો પ્રશ્ન કર્યો, 'ગાંધીજીને ઓળખો છો?' અને લગભગ તમામ હાથ ઊંચા થયાં. એ બતાવે છે કે આપણા સમયમાં ઉત્તમ કાર્ય કરનારા ગાંધીજીના પહેલાં અનુયાયી બાપ-દીકરા મહાદેવ દેસાઈ અને નારાયણ દેસાઈનો પરિચય આપણી યુવા પેઢીને કરાવવામાં વડીલોની પેઢી ઉણી ઉતરી છે. ૨૪ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ જન્મેલા નારાયણ દેસાઈ તેમના ઉત્તમ કાર્ય છતાં સ્મૃતિમાં ઝાંખા થયાં છે. આ સ્મૃતિ અંક એ રીતે નારાયણ દેસાઈને યાદ કરવાનો એક નાનકડો પ્રયાસ છે. આશા છે, આપને ગમશે. અહીં નારાયણજીના 'સૌના ગાંધી' શ્રેણીના પાંચ લેખના અંશ પણ છે.

એની સાથે જ ઈસુનું ૨૦૨૪નું વર્ષ પૂરું થયું છે સૌને ૨૦૨૫ની શુભકામનાઓ.

**નરેશ કાપડીઆ**
સંપાદક

**નવીનચંદ્ર ચોખાવાલા**
પ્રમુખ, પ્રાર્થના સંઘ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ ગાંધીવિચાર અને પ્રચારપ્રસારનું વિશ્વાસપાત્ર સરનામું | ડૉ. અશ્વિનકુમાર | ૦૪ |
| ૦૨ લોકાયની નારાયણ દેસાઈઃ સાહિત્ય સર્જનની વિભાવના | પ્રકાશ ન. શાહ | ૦૭ |
| ૦૩ અનોખી વિભૂતિ નારાયણભાઈ દેસાઇ | ઉમેશ ભટ્ટ | ૧૪ |
| ૦૪ નારાયણ દેસાઈનો ટૂંકો પરિચય | નરેશ કાપડીઆ | ૧૭ |
| ૦૫ અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ – ભક્તિનું અખંડ કાવ્ય | પ્રા. દર્શના ધોળકિયા | ૨૦ |
| ૦૬ ગાંધીકથા : લોકજાગૃતિ અને આત્મશુદ્ધિનો અદ્ભુત પ્રયોગ | ધીરુભાઈ ઠાકર | ૨૬ |
| ૦૭ ગાંધી કથા કેટલાંક રસપ્રદ અંશો | નારાયણ દેસાઈ | ૩૧ |
| ૦૮ ગાંધીજીને સત્યને રસ્તે જતાં જડેલી અહિંસા | નારાયણ દેસાઈ | ૪૪ |
| ૦૯ ગાંધીજીની ત્રણ મુખ્ય દેણ | નારાયણ દેસાઈ | ૪૮ |
| ૧૦ ગાંધીજીએ આપણને માટીમાંથી મરદ બનાવ્યા | નારાયણ દેસાઈ | ૫૧ |
| ૧૧ દેશે ગાંધીજીને જ રાષ્ટ્રપિતા કેમ માન્યા? | નારાયણ દેસાઈ | ૫૪ |
| ૧૨ ગાંધીજી વિશેની ગેરસમજો સમજીએ | નારાયણ દેસાઈ | ૫૮ |

# નારાયણ દેસાઈ : ગાંધીવિચાર અને પ્રચારપ્રસારનું વિશ્વાસપાત્ર સરનામું

ડૉ. અશ્વિનકુમાર

નારાયણ દેસાઈ એટલે ગાંધીચરિત્રકાર અને ગાંધીકથાકાર. નારાયણનો જન્મ ૨૪.૧૨.૧૯૨૪ ના રોજ વલસાડમાં થયો હતો. તેમનાં માતાનું નામ દુર્ગાબહેન અને પિતાનું નામ મહાદેવભાઈ હતું.

મહાદેવ હરિભાઈ દેસાઈ ૧૯૧૭ થી ૧૯૪૨ સુધી મહાત્મા ગાંધીજીના અંગત સચિવ તરીકે સેવારત હતા. ગાંધીજી નારાયણને 'બાબલો' કહીને સંબોધતા હતા.

નારાયણ દેસાઈનાં પત્ની ઉત્તરાબહેન ઓરિસ્સાના પૂર્વ મુખ્ય મંત્રી નવકૃષ્ણ ચૌધરીના દીકરી હતાં. નારાયણભાઈને પુત્રી સંઘમિત્રા, પુત્રો નચિકેતા અને અફલાતૂન સહિતનાં સ્વજનો 'બાબુભાઈ' તરીકે બોલાવતા હતા.

નારાયણ દેસાઈએ જીવનનાં પ્રથમ વીસ કરતાં વધુ વર્ષ મહાત્મા ગાંધીના સત્યાગ્રહાશ્રમ (સાબરમતી) અને સેવાગ્રામ (વર્ધા)ના આશ્રમોમાં ગાળ્યાં હતાં. તેમણે શાળામાં વિધિવત્ શિક્ષણ લીધું નહોતું, પણ મહાત્મા ગાંધી, વિનોબા ભાવે, જયપ્રકાશ નારાયણની પાઠશાળામાં નિરંતર કેળવણી મેળવી હતી. તેમણે રચનાત્મક કાર્યક્રમો અને એકાદશ વ્રતો વાટે જીવતરની સમજણને સાફ કરી હતી.

નારાયણભાઈએ ખાદી અને નઈ તાલીમ, ભૂદાન અને ગ્રામદાન, શાંતિસેના અને અહિંસક આંદોલનમાં આખું આયખું ગાળ્યું હતું. તેમણે સર્વોદય કાર્યકર, પત્રકાર અને કેળવણીકાર તરીકે યશસ્વી કામગીરી કરી હતી. 'ગૂજરાત ભૂદાન સમિતિ'ના, ૧૧.૦૯.૧૯૫૩થી પ્રકાશિત, પખવાડિક 'ભૂમિપુત્ર' (ગુજરાતી)ના સ્થાપક તંત્રી તરીકે નારાયણ દેસાઈ અને પ્રબોધ ચોકસીની જોડી હતી. નારાયણ દેસાઈ 'સર્વોદય જગત' (હિંદી) અને 'વિજિલ' (અંગ્રેજી)ના સંપાદન-પ્રકાશનમાં સહયોગી રહ્યા હતા.

નારાયણ દેસાઈ દેશમાં આંતરિક કટોકટી વેળાએ ભૂગર્ભમાં રહીને પણ કાર્યરત રહ્યા હતા. કાબેલ અને કર્મઠ સંચાલકની હેસિયતથી નારાયણભાઈએ સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછી દ્વારા સાચા અર્થમાં નઈ તાલીમ, મૂલ્યનિષ્ઠ કેળવણી, અને વૈકલ્પિક જીવનશૈલીનાં ઘડતર-ચણતરનું કામ કર્યું છે.

નારાયણભાઈ નિયમિતપણે રોજનીશી-લેખન અને રેંટિયા-કાંતણ કરતા. આ પ્રકારના નિત્યકર્મ માટે તેઓ 'સાતત્યયોગ' શબ્દનો પ્રયોગ કરતા હતા.

શબ્દસર્જક નારાયણ દેસાઈએ પચાસ આસપાસ પુસ્તકો લખ્યાં છે. ચરિત્રલેખક અને સાહિત્યકાર નારાયણ દેસાઈના નોંધપાત્ર ગ્રંથોમાં, મહાદેવ દેસાઈનું વિસ્તૃત જીવનચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' (૧૯૯૨) અને મહાત્મા ગાંધીજીનું બૃહદ જીવનચરિત્ર 'મારું જીવન એ જ મારી વાણી' (૨૦૦૩) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તેમનાં જાણીતાં પુસ્તકોમાં 'સંત

સેવતા સુકૃત વાધે', 'મને કેમ વિસરે રે', 'ટોવર્ડ્ઝ એ નૉન-વાયૉલન્ટ રેવૉલ્યૂશન' વગેરેનો સમાવેશ થાય છે.

તેમણે 'પાવન પ્રસંગો' અને 'જયપ્રકાશ નારાયણ' જેવી ચરિત્રાત્મક પુસ્તિકાઓ અને 'ગાંધી ક્યાંક હશે ભારતમાં' જેવી ગીત-સંવાદયુક્ત કટાક્ષિકા લખી છે. 'સામ્યયોગી વિનોબા', 'ભૂદાન આરોહણ', 'મા ધરતીને ખોળે', 'શાંતિસેના', 'સર્વોદય શું છે?', 'ગાંધીવિચારો જૂનવાણી થઈ ગયા છે?', 'અહિંસક પ્રતિકારની કહાણી'... વગેરે ગાંધી-આચારવિચારમાં રહેલી જીવનદૃષ્ટિનું મૂલ્યાંકન કરતાં અને વિનોબાપ્રેરિત ભૂદાન પ્રવૃત્તિ વિશેનાં તેમનાં પુસ્તકો છે.

ઇતિહાસ અને રાજકારણને લગતાં તેમનાં પુસ્તકોમાં 'સોનાર બાંગ્લા', 'લેનિન અને ભારત' છે. એમણે 'વેડછીનો વડલો' જેવું માતબર સંપાદન કર્યું છે. ભાષાઓના અચ્છા જાણકાર અને કુશળ અનુવાદક એવા નારાયણભાઈએ 'માટીનો માનવી' અને 'રવિછબિ' જેવા અનુવાદો આપ્યા છે.

ના.દે.એ 'ગાંધીકથા ગીતો' લખ્યાં તો હિંદના ભાગલા ઉપર આધારિત 'જિગરના ચીરા' નામનું પુસ્તક પણ આપ્યું. તેમણે 'કસ્તૂરબા' અને 'જયપ્રકાશ' જેવાં નાટકો લખ્યાં. આ નાટકોને કલાકારોએ ભજવ્યાં અને તેમણે પ્રેક્ષકોને ભીંજવ્યા.

ગાંધીજીનાં જીવન અને કવનને નવી પેઢી સહેલાઈથી સમજી શકે એ માટે તેમણે 'સૌના ગાંધી'ની બે શ્રેણીઓ થકી બાર વત્તા બાર પુસ્તિકાઓનું લેખન પણ કર્યું. તેમણે 'સ્વાતંત્ર્યસંગ્રામની વસંત'થી માંડીને 'ઘણું જીવો ગુજરાતી' અને 'ગાંધીકથા'થી માંડીને 'એકાદશવ્રત' જેવાં પુસ્તકો પણ આપ્યાં.

નારાયણ દેસાઈ સંયુક્ત રાષ્ટ્રનો શાંતિ પુરસ્કાર, નર્મદ ચંદ્રક, રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર, રણજિતરામ સુવર્ણચંદ્રક, જમનાલાલ બજાજ ઍવૉર્ડ, 'દર્શક' ઍવૉર્ડ, ઉમાશંકર-સ્નેહરશ્મિ પુરસ્કારથી સન્માનિત થયા હતા.

તેમને 'મારું જીવન એ જ મારી વાણી' શીર્ષક હેઠળ મહાત્મા ગાંધીનું જીવનચરિત્ર લખવા બદલ ભારતીય જ્ઞાનપીઠનું ૨૦૦૪ના વર્ષ માટેનું મૂર્તિદેવી પારિતોષિક એનાયત થયું હતું. આ બૃહદ ગાંધીચરિત્ર 'સાધના', 'સત્યાગ્રહ, 'સત્યપથ, 'સ્વાપર્ણ' એમ ચાર ખંડોમાં વહેંચાયેલું અને બાવીસસો પૃષ્ઠોમાં ફેલાયેલું છે.

નારાયણ દેસાઈએ ઈ.સ. ૨૦૦૭થી ૨૦૦૯ના સમયગાળા દરમિયાન, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું પ્રમુખ-પદ શોભાવ્યું હતું.

નારાયણ દેસાઈએ, ગાંધીજી દ્વારા ઈ.સ. ૧૯૨૦માં સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠના, દસમા કુલપતિ તરીકેની જવાબદારી ૨૩.૦૭.૨૦૦૭થી ૦૭.૦૩.૨૦૧૫ સુધી નિભાવી હતી. ગુજરાત વિદ્યાપીઠના કુલપતિની જવાબદારી સ્વીકારતી વખતે નારાયણ દેસાઈએ પોતાના નિવેદનમાં કહ્યું હતુંઃ 'સત્યાગ્રહ'ની શતાબ્દીના આ વર્ષમાં, માત્ર આપણો દેશ જ નહીં પણ દુનિયા ઇતિહાસના એક એવા તબક્કે આવીને ઊભી છે કે જ્યારે એણે પોતાની દિશા નક્કી કરીને તે તરફ મક્કમ પગલાં માંડવાનાં છે. જગત આજે વિકાસ એટલે અમર્યાદિત રીતે જરૂરિયાતો

વધારવી એવી ખોટી વ્યાખ્યા કરીને પૃથ્વીના સ્રોતોને વાપરી રહ્યું છે.'

આ નિવેદનમાં તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે, 'વૈશ્વીકરણને નામે, 'વસુધૈવ કુટુમ્બકમ્'માં માનનાર આપણો દેશ વિશ્વબજારમાં આગેવાન બનવા દોટ માંડી રહ્યો છે. માત્ર શારીરિક સુખને ઇષ્ટ સમજીને ભોગ-વિલાસની આંધળી છલાંગો મારી રહ્યો છે. સેન્સેક્સના આંકડા જેમ કૂદકે ને ભૂસકે ઊંચા જતા જાય છે તેમ તેમ માનવની માનવ માટેની કાળજી અને માનવના પ્રકૃત્તિ સાથેના સંબંધોનો પારો નીચો જતો જાય છે. આવા નાજુક તબક્કે જરૂર છે, સાચી દિશા પસંદ કરવાની.'

નિવેદનમાં તેમણે આશાવાદ સેવ્યો હતો કે, 'વિજ્ઞાને દુનિયાને નાની બનાવી છે, શિક્ષણે માણસનું મન મોટું બનાવવાનું છે અને દુનિયાને ટકાવી શકે અને શાંતિ, સમૃદ્ધિ, અને અમૃત તત્ત્વ તરફ આગળ ધપાવી શકે એવું વાતાવરણ નિર્માણ કરવાની જરૂર છે.'

નિવેદનના અંતભાગમાં તેમણે કહ્યું હતું કે, 'અતિ સંહારક શસ્ત્રોની હોડને બદલે જાગતિક પ્રશ્નો ઉકેલવા સારુ યુદ્ધના નવા અને રચનાત્મક વિકલ્પો શોધાય તેવી આબોહવા કરવાની જરૂર છે.'

પ્રખર શાંતિવાદી એવા નારાયણ દેસાઈ 'પીસ બ્રિગેડ ઇન્ટરનેશનલ'ના સ્થાપક સભ્ય અને 'વૉર રેઝિસ્ટર્સ ઇન્ટરનેશનલ'ના પૂર્વ પ્રમુખ હતા. દુનિયાભરમાં ચાલતી નિઃશસ્ત્રીકરણ અને પરમાણુવિરોધી ચળવળના સક્રિય કાર્યકર તરીકે તેમણે વિશ્વના ચાળીસેક દેશોમાં ભ્રમણ કર્યું હતું.

પોતાના જીવનના અંતિમ દસકામાં, નારાયણભાઈ દેસાઈ કથાના લોકમાધ્યમ ભણી વળ્યા હતા. તેમની ધ્યેયનિષ્ઠા ગાંધીવિચારને એટલે કે સત્ય-અહિંસાને સામાન્ય જન સુધી લઈ જવાની હતી. નારાયણ દેસાઈએ એપ્રિલ, 2004થી એપ્રિલ, 2014ના સમયગાળામાં, 116 જેટલી ગાંધીકથાઓ કરી હતી. તેમણે ગુજરાતી, હિંદી, અને અંગ્રેજી ભાષા મારફતે રાજ્ય, દેશ, અને પરદેશમાં ગાંધીકથાઓ કરી હતી.

જીવનના નવમા દાયકે પણ નારાયણદાદા ગાંધીકથાના માધ્યમ દ્વારા, ગાંધીજી વિશેની નાગરિકોની સમજને પાકી કરીને અને કેટલીક ગેરસમજને દૂર કરીને, ગાંધીવિચારના અમૂલ્ય વારસાનો અહેસાસ કરાવતા હતા.

ના.મ.દે. ૨૪.૧૨.૨૪થી ૧૫.૦૩.૧૫ જેવી યાદ રહી જાય તેવી તારીખોની વચ્ચે, સાદગીપૂર્ણ, સંપૂર્ણ, અને સાર્થક જીવન જીવ્યા. નારાયણ દેસાઈ રાજ્ય અને રાષ્ટ્ર, અંગતજન અને જગતજન સારુ ગાંધી આચાર-વિચાર અને ગાંધી પ્રચાર-પ્રસારનું વિશ્વાસપાત્ર સરનામુ હતા.

૨૪.૧૨.૨૦૨૩ – બી.બી.સી. ગુજરાતી માટે

(ડૉ. અશ્વિનકુમાર, ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલમાં, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા અંતર્ગત, પત્રકારત્વ અને સમૂહ-પ્રત્યાયન વિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ છે.)

❖

# લોકાયની નારાયણ દેસાઈઃ સાહિત્ય સર્જનની વિભાવના

પ્રકાશ ન. શાહ

બસ, હવે થોડા દિવસ—અને નારાયણ દેસાઈ (૨૪-૧૨-૧૯૨૪ : ૧૫-૩- ૨૦૧૫)ના શતાબ્દી વર્ષમાં પ્રવેશીશું. હમણાં મેં એમના જન્મદિવસની જિકર કરી, પણ પિતા મહાદેવ દેસાઈની વિશ્વવિશ્રુત ડાયરીમાં એનો ઉલ્લેખ સરખો નથી; કેમ કે એતો ગાંધીચર્યા અંગેની હતી.

પિતાની ડાયરીમાં પોતાની જન્મનોંધ નથી એનું વેર પુત્ર નારાયણે અનોખી રીતે લીધું, જીવનચરિત્રના લેખનમાં આપણે ત્યાં એક પ્રતિમાન રૂપ 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' લખીને. નારાયણભાઈને દર્શક એવૉર્ડ અપાયો ત્યારે એ હાજર રહી શકે તેમ નહોતા એટલે એમના વતી (પુત્ર નચિકેતાના સંકોચવશ) પ્રતિભાવ વાંચવાનું મારે હિસ્સે આવ્યું હતું. પિતૃચરિત્રમાં પોતે નીવડી આવ્યા એનો યશ નારાયણભાઈએ આ પ્રતિભાવમાં મૈથિલીશરણ ગુપ્તને ટાંકીને ખુદ પિતાને જ આપ્યો અને એક રીતે પેલું વત્સલ વેરવર્તુળ જાણે પૂરું થયુંઃ

राम तुम्हारा चरित सवयं ही काव्य है
कोई कवि बन जाए सहज संभाव्य है .

૧૯૯૨-૯૩ની વાત આ તો છે. વચલાં વર્ષોમાં પ્રવૃત્તિલક્ષી લેખન, જેમાં પદયાત્રાની વાસરીથી માંડી ચેક ને બાંગ્લા પ્રજાઓની લોકલડતનુંયે આલેખન હોય, ચાલતું રહ્યું હશે એની વચ્ચે ૧૯૬૭માં 'સંત સેવતાં સુકૃત વાધે' એ ગાંધી આસપાસનાં સંસ્મરણોનું પુસ્તક આવ્યું તે સાથે સાહિત્યમાં એમનો સિક્કો પડવા લાગ્યો. પ્રકાશક મિત્ર ભાઈદાસ પરીખે સ્વામીદાદાને એના ફરમા મોકલ્યા હશે તે એમણે 'એક જ બેઠકે વાંચી કાઢ્યા. સાવ પી જ ગયો. આખી ચોપડી એક ઊર્મિલ કાવ્ય સમી છે. ક્યાંક તો જાણે ટેનસિનનું 'ઇન મેમોરિયમ' ગદ્યમાં વાંચતા હોઈએ...' અને વાતનો બંધ વાળતાં ઉમેર્યુંઃ ...મન કૂદકો મારીને ઝડપી લે એવી ચોપડી વર્ષો કે દાયકાઓ પછી મેં વાંચી હોય તો તે આ. It is a remarkable performance. A rare piece of literary art in biographical writing, besides its historical value.'

સ્વામી આનંદે ઐતિહાસિક મૂલ્ય ધરાવતા ચરિત્ર લેખનની જે સાહિત્યકળાની વાત કરી છે એનું અનુત્તમ ઉદાહરણ અલબત્ત આકર ગાંધીચરિત્ર ('મારું જીવન એ જ મારી વાણી') : ઑક્ટોબર ૧૯૯૯થી જાન્યુઆરી ૨૦૦૩ સુધીની એટલે કે ત્રણ વરસ અને ચાર મહિનાની એકાસને ચાલેલી આ લેખનતપસ્યા એક જુદો જ ઇતિહાસ છે. હમણાં એની તપસીલમાં નહીં જાઉં.

માત્ર, એટલું સંભારું, સાભિપ્રાય સંભારું કે બૃહદ્ ચરિત્ર, કહો કે મહાકાવ્યોપમ ફલક પરનું કામ પાર પાડ્યા પછી આ હાડના શિક્ષકને એમ થયું કે નહીં વાંચી શકનારાઓ અને વાંચવાનો સમય નહીં કાઢી શકનારાઓ ગાંધીને જાણશે કેવી રીતે? આયુષ્યના અવશેષે,

લગભગ એંશીમે, ખરું જોતાં અવશેષે નહીં પણ ચરમોત્કર્ષે, આ સંદર્ભમાં એમણે પરંપરાગત કથા—માધ્યમને નિયોજવાનું વિચાર્યું. લેખાયનના એક દોર પછી આમ એમનું લોકાયન શરૂ થયું.

આ દોર ચાલુ હતો અને ૨૦૦૭માં એમને ૨૦૦૪નો મૂર્તિદેવી એવૉર્ડ આવી મળ્યો. વીસે વરસે આ એવૉર્ડ ગુજરાતમાં આવ્યો હતો. ૧૯૮૭માં દર્શકની મનહર ને મનભર નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી' પોંખાઈ હતી, અને હવે 'મારું જીવન એ જ મારી વાણી.' એક જો સ્વરાજસંગ્રામના ગાંધીયુગને વિશ્વસંદર્ભમાં જીવતો કરતી નવલકથા હતી, તો બીજી ખુદ ગાંધીની મહાકથા.

આ નિમિત્તે હું સામયિક નોંધ લખતો હોઈશ અને લંડનથી 'ઓપિનિયન''- ખ્યાત વિપુલ કલ્યાણીનો ગુજરાતઆંગણે સમાનધર્મા સ્નેહીમિત્રો જોગ પત્ર આવી મળ્યો. એમણે 'વિનમ્ર અરજ' ગુજારી હતી કે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે નારાયણ દેસાઈ હોવા જોઈએ. મિત્ર વિપુલ કલ્યાણીએ આ પત્રમાં ડૉ. ધીરુભાઈ ઠાકરને સાભિપ્રાય ટાંક્યા હતાઃ 'નારાયણ દેસાઈ ઘણું છે. પણ એ સર્વથી અધિક વિશ્વવિભૂતિ ગાંધીના ભવ્યોજવલ જીવનને અક્ષરબદ્ધ કરીને ગુજરાતી સાહિત્યમાં તેની ચિરપ્રતિષ્ઠા કરનાર સમર્થ ચરિત્રકાર પણ છે. તેમની એ અક્ષરસેવા ગાંધીની સાથે ચિરસ્મરણીય બની છે.' અને 'ચાર ભાગમાં વિસ્તરેલું 'મારું જીવન એ જ મારી વાણી' ગુજરાતી ચરિત્રસાહિત્યની જ નહીં પરંતુ સમગ્ર અર્વાચીન ગુજરાતી સાહિત્યની અને સંસ્કારજીવનની મહત્ત્વની ઘટના ગણાવી જોઈએ.'

મૂર્તિદેવી એવૉર્ડ નિમિત્તે નોંધ લખતાં આ યોગ આવી મળ્યો એવો ઝડપ્યો પ્રમુખપદ માટે એમના નામને બિનસંસ્થાકીય છેડેથી મેં પ્રગટ સમર્થન આપ્યું; કેમકે એમની જે અભિનવ ઓળખ—એક લોકાયની તરીકેની સ્તો, એનું મને અદકું આકર્ષણ હતું. પછી તો, સંસ્થાકીય છેડેથી મિત્રો બંધારણીય પ્રક્રિયા મુજબ આગળ વધ્યા. આવે અવસરે રઘુવીરભાઈની સહજ મધ્યસ્થીથી સુવાણ પણ હોય જ. બીજાં પણ નામો હતાં,પણ એ સન્માન્ય સુહૃદોએ ઉમેદવારીપત્રમાં નામ મૂકવાની સંમતિ નહીં આપીને નારાયણભાઈ સારુ ગરવી ભૂમિકા સરજી. નજીકનાં વર્ષોની છતાં કદાચ યાદ નવે રહી હોય એવી આ તવારીખમાં જવાનું કારણ એટલું જ કે એક પ્રજાકીય સંસ્થા ક્યાં ક્યાંથી કેવી રીતે બળ મેળવે છે એવી, જે પ્રિયેષુ સૌભાગ્યફલા હિ ચારુતા, એનાં લોકશાહી ઓસાણ આપણને રહે.

નારાયણ દેસાઈનું પ્રમુખીય અભિભાષણ (ડિસેમ્બર ૨૦૦૭, ગાંધીનગર), શું કહેવું એને વિશે. એમાંથી કંઈક ટાંકું, એ પૂર્વે પ્રથમ પરિષદ પ્રમુખ ગોમાત્રિ સાંભરે છે :

'બન્ધુજનો, આ યુગ, રાજકીય સાંસ્કારિક અને અન્ય વિષયના સમાજોનો છે. કોઈ સ્થાને કૉંગ્રેસો તો કોઈ સ્થાને કૉન્ફરન્સો, કોઈ સ્થાને ક્લબ નામે તો કોઈ સ્થાને એસોસિયશન નામે, સમાજો આ દેશમાં તેમ અન્ય દેશોમાં ભરાય છે, જ્યાં સર્વ પાસ આવા સતારના રણકારા સંભળાય છે, ત્યાં આપણા એકતારાનો ધ્વનિ પણ તેમાં ભળે અને સામાજિક પ્રવૃત્તિના લક્ષમાં

કાંઈક વૃદ્ધિ કરે, તો તે ચિત્ર દેખીતું સુન્દર જ છે... આ સૃષ્ટિમાત્રનો જડ-ચેતન—વ્યાપી એક નિયમ છે અને તે નિયમનું નામ Rhythmic Law — તાલબન્ધ અથવા અનુપ્રાસયોજના આપીએ તો સમજાય એવું છે. આપણી સાહિત્ય પરિષદ, આખા આર્યાવર્તના એક સમાજપ્રવર્તક નૃત્યમાં આવા તાલબન્ધ નિયમના બળથી ઊભી થઈ છે...

...આવા તાલબન્ધ એક પાસથી દૃષ્ટિગોચર થાય છે, તો બીજી પાસથી તાલભંગનાં કઠોર ચિત્ર પણ દૃષ્ટિગોચર થયા વિના રહેતાં નથી... ધીમે ધીમે તાલભંગમાં પણ તાલબન્ધની જ સાંકળો દેખું છું... દાંડિયા રમનારા એકબીજાને દાંડિયા વડે ઝાપટે છે, તે જ રીતે તાલભંગવાળાના પ્રહારથી ઝપટાતા તાલબન્ધમાં અને તાલબન્ધને પ્રેરતા તાલભંગમાં હું કોઈ મહત્તર તાલબન્ધ દેખું છું....

નારાયણ દેસાઈનું પ્રમુખીય અભિભાષણ તાલબન્ધની ખોજમાં, કહો કે Rhythmic Lawની મથામણમાં, સતારના રણકારા ને એકતારાના ધ્વનિ ભળી સામાજિક પ્રવૃત્તિના લક્ષમાં શોધનપૂર્વકના સાતત્યથી વૃદ્ધિ કરવાની દિશામાં હતું. દર્શકે હૈદરાબાદ અભિભાષણમાં જેમ ખંડમાંથી અખંડ ભણી જવાનો મુદ્દો કીધો હતો, નાદેએ તેમ ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવાની હોંશ પ્રગટ કરી હતી. 'મારું જીવન એ જ મારી વાણી"ની તપસ્યા એકાસને માંડી ત્યારે એમણે 'ગિરાગુર્જરીના સાદે' તેમ કર્યાનું કહ્યું હતું. પરિષદની વ્યાસપીઠ, રિપીટ, પરિષદની વ્યાસપીઠ પરથી એક પૂર્વપ્રમુખ ગાંધીના અનુત્તમ અનાવિલ ચરિત્રકારને વિશ્વગુર્જરીથી ઓછું તો કશું ખપે જ શાનું.

આ સંદર્ભમાં એમણે વ્યક્ત કરેલા વિચારોનો એક દીર્ઘ અંશ અહીં ઉતારું છુંઃ

વિશ્વની ક્ષિતિજો માપનાર સાહિત્ય કેવું હોય? એ એવું હોય કે જેની આડે કોઈ વંડી કે વાડ ન આવતી હોય. જે સાહિત્ય જાતિના, સંપ્રદાયના, ધર્મના, રંગના, લિંગના, સ્વાર્થના કે રાષ્ટ્રના ભેદોને ભૂંસી શકે તે ભાષા વિશ્વની ભાષા બને. આપણે શું આ સંમેલનમાં ગુજરાતી ભાષાને વિશ્વગુર્જરી બનાવવાનો સંકલ્પ કરી શકીએ? વિશ્વસાહિત્યકારનું સાહિત્ય વિશ્વના બરનું હોવું જોઈએ અને એને માટેની મુખ્ય શરત એ છે કે સાહિત્યકારનું વ્યક્તિત્વ એ બરનું હોવું જોઈએ. આપણે ત્યાંની ભાષાઓમાં વ્યાસ, વાલ્મીકિ, કબીર, તુલસી, જ્ઞાનેશ્વર, ચૈતન્ય વગેરે એવા વ્યક્તિત્વવાળા થઈ ગયા કે જેમનું વાકુમય જાગતિક સ્તરનું હતું. સાહિત્યકાર કરતાં એનું સાહિત્ય ઊંચું હોઈ શકે કે નહીં એ વિવાદમાં પડ્યા વિના અને સાહિત્ય અને સાહિત્યકારના ચારિત્ર્યને કશો સંબંધ હોય કે નહીં એ પ્રશ્ન તમારા નિર્ણય પર છોડી, હું અહીં મારો એ વિશ્વાસ વ્યક્ત કરવા માગું છું કે આપણે જો ગુજરાતી સાહિત્યને વિશ્વસ્તરનું બનાવવું હશે, અને બનાવવું છે – તો આપણે આપણાં વ્યક્તિત્વ પણ વિશ્વસ્તરનાં કરવાં પડશે, આપણા સંકુચિત વાડા તોડવા પડશે. તેમ કરવામાં આપણી અસ્મિતા ઘટવાની નથી; બલકે તે વધુ ઊંચી ઊઠશે.

"આપણને એકબીજાથી અલગ રાખનારી વાડો ગમે તેટલી સગવડવાળી હોય, ગમે

તેટલી લોભામણી હોય, પણ તે આપણને સીમિત અને સંકુચિત જ રાખે છે. વાડો તોડવાનું કામ આપણને ક્રાંતિકારી લાગી શકે. આ ક્રાંતિ એવી છે કે જેની શરૂઆત આપણી જાતથી જ થાય છે અને આગળ જતાં એ વર્તુળ વધતું જશે.

આપણે જાણ્યે- અજાણ્યે આપણી આસપાસ કૂંડાળાં બનાવતાં હોઈએ છીએ. એ કુંડાળું પોતાના અહંકારનું હોઈ શકે, બીજા વિષે દ્વેષ કે ઈર્ષાનું હોઈ શકે, પ્રતિસ્પર્ધાનું હોઈ શકે અને એનાં ક્ષેત્રો ચંદ્રક કે પુરસ્કાર, સમ્માન કે બહુમાન, પદ કે પદાધિકાર, સમિતિઓ કે સવલતો ને સગવડો હોઈ શકે. જે સાહિત્યકાર, કર્મચારી કે હોદ્દેદાર આવાં સંકીર્ણ કૂંડાળાંમાં ફસાયેલો રહેશે તે ગમે તેટલી નામના સાથે પણ કૂપમંડૂક જ રહેશે. એને પૃથ્વીની ક્ષિતિજ સૂઝશે જ નહીં. ગાંધી આપણને કહી ગયા છે કે સત્યને પ્રેમ સિવાય બીજી કોઈ રીતે પહોંચવું અશક્ય છે. પ્રેમ પૂરેપૂરો ત્યારે જ વ્યક્ત થઈ શકે જ્યારે માણસ પોતાની જાતને શૂન્યવત્ બનાવી દે. આ પહેલું સોપાન.

''પરિષદનું પરિસર, (વિનોબાની ભાષા વાપરી કહું તો) 'પ્રેમક્ષેત્ર', જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સુધી વિસ્તરેલું હોવું જોઈએ. સંચારનાં માધ્યમો જ્યારે આટલાં વિપુલ અને સુલભ બન્યાં છે ત્યારે પરિષદ અમદાવાદની કે વડોદરાની, ગુજરાતની કે મુંબઈની એવા પ્રશ્ન જ ન ઊઠવા જોઈએ. આવા પ્રશ્નો ઊઠે છે એનો અર્થ જ એ થાય છે કે આપણું સામૂહિક વ્યક્તિત્વ એટલું ઊણું પડે છે, આપણે સૌએ બાંયો ખોલવી પડશે. કૂંડાળામાં જે જ્યાં ઊભું હોય ત્યાંથી એને તોડવું પડશે અને ગૂંચો ઉકેલવી પડશે.

''આદિવાસી સાહિત્ય અને બિનઆદિવાસી સાહિત્ય, દલિત સાહિત્ય કે બિનદલિત સાહિત્ય, મુસ્લિમ સાહિત્ય - બિનમુસ્લિમ સાહિત્ય – આ અને આવાં વિશેષણો જે બધાંનું વિશેષ્ય, 'સાહિત્ય' છે, તેને સંકુચિત કરે છે, સીમિત કરે છે. એ તમામ સીમાઓથી મુક્ત થઈ અને તમામનો ઉમળકાભેર સમાવેશ કરી આપણે ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ અને સમર્થ બનાવવું છે. વિશ્વસ્તર પર જવા માટેનું એ બીજું સોપાન હશે.

''ત્રીજું સોપાન આપણું ઓશિયાળાપણું કાઢવાનું છે—ખાસ કરીને શાસન પ્રત્યેનું ઓશિયાળાપણું. શાસન આપણને આર્થિક મદદ આપતું હોય, માન-મરતબા કે પુરસ્કારો આપતું હોય તો એની ગરજે આપે. તેથી આપણે આપણી સ્વતંત્રતા ગીરવી મૂકી ન શકીએ. શાસનની દેખીતી ભૂલો કે ઇરાદાપૂર્વક શાસને ભરેલાં ખોટાં પગલાં અંગે આંખ આડા કાન કરવા, ચૂપ થઈને બેઠાં રહેવું કે એ પોતાનો વિષય નથી એમ માનીને મૌન જાળવવું એ બધું ઓશિયાળાપણામાં આવી જાય. ઓશિયાળી વ્યક્તિ પોતે તો પોતાનું સમ્માન ગુમાવે જ છે પણ જેની તે ઓશિયાળી બને છે તેને પણ નૈતિક રીતે નીચે લાવે છે. બીજાને હીન દેખાડનાર અથવા બીજા પ્રત્યે તુચ્છકારભર્યો વ્યવહાર કરનાર પોતે કદી નૈતિક રીતે ચડિયાતો સિધ્ધ થતો નથી, હેઠે જ પડે છે. એક દાખલો લઈએ. સાહિત્ય, કળા કે સંસ્કૃતિને લગતી સંસ્થાઓમાં તે-તે વિષયના કળાકારો જ ચૂંટાઈને જાય એ સર્વથા ઇષ્ટ છે. આપણે ત્યાં એને સારુ ઉમાશંકર અને

દર્શક જેવાઓએ જહેમત પણ ઉઠાવી છે. જો કોઈ પણ શાસન આમ પ્રતિનિધિઓની સંસ્થાને પોતાના નીમેલા પ્રતિનિધિઓથી જ ભરવા માગે અથવા બીજી રીતે દખલગીરી કરે અને એ અંગે આ સંસ્થાઓ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ ચૂપ બેઠા રહે તો એને ઓશિયાળાપણું કે લાચારી કહેવાય. આવી લાચારીને ફગાવી દેતાં આપણે શીખીશું તો જ ગુજરાતી સાહિત્યકારનું ખમીર પ્રગટશે. અને વિશ્વગુર્જરી બનાવનાર સાહિત્યકાર ખમીરવંતો તો હોવો જ જોઈએ ને?

"આ અંગે મારી એક ચિંતા વ્યક્ત કરવા ઇચ્છું છું. ગુજરાતીના 'શિષ્ટ' સાહિત્યનો વ્યાપ હજી ઘણા મર્યાદિત વર્ગ સુધી જ પહોંચવા પામ્યો છે. આપણી કવિતા, આપણી વાર્તા, આપણી નવલકથાનું વિષયવસ્તુ મુખ્યત્વે શહેરો કે કસબાઓના મધ્યમ વર્ગના માનસથી કેટલું આગળ વધ્યું છે? આપણી પહોંચ હજી ગામડાં સુધીય માંડ ગઈ છે. આદિવાસી, દલિત, મુસ્લિમ સમાજનું જીવન આપણા સાહિત્યનું ક્ષેત્ર ભાગ્યે જ બનવા પામ્યું છે. નારીના પ્રશ્નો—મધ્યમ વર્ગની નારીના પ્રશ્નો સુધ્ધાં – આપણે નારીવાદી લેખિકાઓ કે કવિયત્રીઓ પૂરતા મર્યાદિત નથી રાખ્યા? મારા આ વિધાનમાં થોડા જનરલાઈઝેશન—નો અંશ છે, એ હું સ્વીકાર કરું છું. એટલે કે આ બાબત કેટલાક અપવાદ છે, એમ આપણે દેખાડી શકીએ એમ છીએ. પણ આ અપવાદો જ શું સામાન્ય પ્રવર્તતી પરિસ્થિતિના દ્યોતક નથી? બીજી રીતે જોઈએ તો આપણું આજનું સાહિત્ય આપણા આજના વેરવિખેર થતા સમાજના દર્પણ સમું જણાય છે. એમાં અમદાવાદ શહેરના અન્ય ભાગોથી જુહાપુરા અલગ દેખાય છે, દલિતોનું દરદ એમને મુખે જ બોલે છે; અને આદિવાસી સાહિત્ય તો જાણે કે આપણી પૂર્વપટ્ટીની ટેકરીઓની પછવાડે જ લપાઈ રહ્યું હોય એમ નથી લાગતું? કોઈક કહેશે કે આમાં એ વર્ગોની પણ નબળાઈ છે, જે વર્ગો પૂરતું માથું નથી ઊંચકતા. પરંતુ આ દલીલ તો પેલા સામ્રાજ્યવાદીઓ જેવી લાગે છે કે જે કહેતા રહેતા કે અમે તો સ્વતંત્રતા આપવા રાજી છીએ, સંસ્થાનોની વસ્તી જ એને સારુ લાયક નથી બની.

"જે પોતાને સાહિત્યકાર માને છે તેની જવાબદારી સમાજનાં અંગેઅંગ સહિત પોતાની હૃદયભાવના જોડવાની છે. ગુજરાતી સાહિત્યકારની કલમે સમગ્ર ગુજરાતનાં હર્ષશોક, વેદના—આનંદ, આશા-આશંકા, મનોકામના ને મનોરથો મુખર થવાં જોઈએ. પાંચ કરોડ જનતા વતી બોલવાની જવાબદારી ગાંધીનગરમાં વિરાજમાન કોઈ એક વ્યક્તિની નહીં, પણ ગિરાગુર્જરીના સૌ સેવકોની હોવી જોઈએ. એમ ન થાય ત્યાં સુધી ગુજરાતી સાહિત્ય ગમે તેટલો ગર્વ ભલે લે, ગૌરવ લઈ શકે નહીં.

"ગુજરાતી સાહિત્યનું ગજું આપણે વિશ્વસાહિત્ય સુધી લઈ જવું છે. એનું એક પગલું આપણા વ્યક્તિત્વને તપાસી, કઠોર આત્મપરીક્ષણ કરી, એને સ્વચ્છ, ઉદાર અને ઉદાત્ત બનાવી આખા ગુજરાતી સમાજની ઊર્મિઓને અભિવ્યક્તિ આપતું કરવું એ છે.

"આપણે આપણી ભાષા અને સાહિત્યનું સ્તર ઊંચું લાવવું હશે તો ગુજરાતની પ્રજાના ગંભીર

પ્રશ્નો અંગે આપણી નિસબત કેળવવી પડશે. જે પ્રજાનાં સુખદુઃખનો ભાગીદાર થાય એ જ પ્રજાનો સાહિત્યકાર બને. જે પ્રજાનાં પાપ-પુણ્યને પોતાનાં ગણે એનામાં જ પોતાના સાહિત્યને પુણ્યશાળી બનાવવાનું સામર્થ્ય આવી શકે. આ પ્રસંગે હું મારી વ્યક્તિગત નિસબતની વાત કહેવા ઇચ્છું છું. એને વ્યક્તિગત એટલા સારુ કહું છું કે બીજા એના ભાગીદાર ન હોય તો હું તેને આપણી નિસબત કહી ન શકું. જોકે હું ઇચ્છું ખરો કે આપણા સૌની, ગુજરાતના સૌ વિચારવંતોની તે નિસબત બને. મને સન ૨૦૦૨માં જે કાંઇ બન્યું એ મહાપાતક લાગે છે, આમ કહેતાં મારું હૃદય આજે પણ ચિરાય છે. હૃદય એટલા સારુ ચિરાય છે કે એ મહાપાતકમાં મારો પણ ભાગ છે એમ મને લાગ્યા કરે છે, સમાજનો કોઈ પણ માણસ સમાજમાં એક જગાએ પણ માણસાઈને હેઠે ઉતારે એવું કૃત્ય કરે તો જે પોતાને એ સમાજનો નાગરિક માનતો હોય તે પણ એ કૃત્ય સારુ અમુક અંશે જવાબદાર બને છે. ભરેલા સરોવરનું પાણી કોઈ પણ જગાએ ખાલી થાય તો તેથી આખા સરોવરના પાણીની સપાટી નીચી જાય, તેમ સમાજમાં ક્યાંય પણ પાપ થાય તો તેનાથી આખા સમાજનું નૈતિક સ્તર એટલું નીચે જાય છે. હું મારી જાતને ૨૦૦૨ના મહાપાતકનો એ અર્થમાં ભાગીદાર ગણું છું. ૨૦૦૨ના મહાપાતકમાં જે લોકો રેલગાડીમાં બળી મર્યાં, તે તથા બીજા જે મૃત્યુ પામ્યાં, જે આગમાં હોમાયાં, જેમનાં ઘર બળ્યાં, જેમનાં માસૂમ બાળકોને રહેંસી નાખવામાં આવ્યાં, જેમની દીકરીઓને આગમાં ફેંકવામાં આવી, એમને સારુ કોઈ પણ સહૃદયને દુઃખ થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ ઘટનાના વધુ ઊંડાણમાં જઈએ તો આ ઘટનાના શિકાર બનનારાંઓ સારુ જેમ રડવું આવે એમ છે, તેમ એના શિકારી સારુ પણ રડવું આવે એમ છે. જે બળી મૂઆ કે બીજી રીતે કતલ થયાં તે તો ગયાં તે ગયાં. પણ જેણે હિંસા આચરી અને જેમણે એ હિંસા આચરવા દીધી એનો અંતરાત્મા તો આજ લગી ડંખતો હશે. એણે એને અંગે માફી નહીં માગી હોય તોપણ એના અંતરને કોઈક ખૂણે એના પાપનો ડંખ તો હશે. એના હૈયાની હોળી પેલી એક દિવસની હોળી કરતાં ઓછી નહીં હોય. હું કબૂલ કરું છું કે આ મારી શ્રદ્ધાનો વિષય છે. બાહ્ય ઘટનાઓ એને કોઈ વાર ખળભળાવી શકે છે, કોઈ વાર હચમચાવી શકે છે, પણ એને ઉખાડી નથી શકતી.

"આપણે એ પણ સમજવું જોઈએ કે પાપ એ મારકાપ, હત્યા, બાળઝાળ, બળાત્કાર જેવાં કર્મોથી થાય છે. પણ એ કૃતિને ટેકો આપવા સારુ જ્યારે એનું તત્ત્વજ્ઞાન બને છે ત્યારે તે પાપ બેવડાય છે. વેર વાળવું સ્વાભાવિક માનવામાં આવે છે ત્યારે વળી એ પાપ ત્રણગણું થઈ જાય છે. અને જે શરમજનક ઘટના છે તેનો જ્યારે ગર્વ લેવામાં આવે છે ત્યારે તે પાપ ચોગણું થાય છે.

"આવા ઘોર પાપમાંથી આપણે સાવ તાજેતરના ઇતિહાસમાંથી પણ પસાર થયાં છીએ. સમાજના પાપને હું જેટલે અંશે મારું માની શકું છું તેટલે અંશે આ પાપનો હું મને પોતાને પણ ભાગીદાર માનું છું અને એમાંથી મુક્ત થવાના મારાથી બનતા પ્રયાસો મેં કર્યાં છે.

"આ વર્ષના પાછલા ભાગમાં એક સામાજિક પાપ બંગાળના નંદિગ્રામમાં થયું ત્યારે ત્યાંના સાહિત્યકારોએ તરત એનો વિરોધ કર્યો – કેટલાકે સરકારી માનચાંદ પાછાં આપીને એ

વિરોધને વધુ મુખર કર્યો. ગુજરાતમાં ઘટેલી દુર્ઘટના નંદિગ્રામના ગોળીબારથી સેંકડોગણી વધારે અમાનવીય હતી. તે વખતે આપણું પણ હૈયું હચમચ્યું હતું એવું આશ્વાસન આપણે પોતાની જાતને એ ઘટના પછી લાંબે ગાળે 'ભાવભૂમિ' પ્રકાશિત કરીને આપી શકીએ ખરા? ગુર્જરગિરાની ગરિમા વધારવી હોય તો એના સારસ્વતોએ આત્મસંતોષ કે આત્મવંચનાને ખંખેરી નાખીને પોતે કેટલાં પાણીમાં છે તે તપાસવું પડશે. જે સત્ય ખાતર કાંઇક ખોવા તૈયાર હશે તેનામાં જ ખમીર દેખાશે.

"મલયાલમ સાહિત્યનું વેચાણ આજે કદાચ આખા દેશના પ્રાદેશિક સાહિત્ય કરતાં વધારે હશે, એનું એકમાત્ર કારણ એ નથી કે કેરળમાં બીજા પ્રદેશો કરતાં સાક્ષરતા વધારે છે. એનું એક મોટું કારણ એ પણ છે કે ત્યાં છેલ્લા બેત્રણ દસકાથી સાહિત્યકારો સામાજિક પ્રશ્નો સાથે શ્વસે છે. સાહિત્ય જ્યારે સામાજિક સમસ્યાઓની સાચી અભિવ્યક્તિ કરતું થાય છે ત્યારે જ તે સમૃધ્ધ ને ઉદાત્ત બને છે અને પોતાના સમયનો પડકાર ઝીલવાને કાબેલ બને છે. સમાજના પ્રશ્નો સાહિત્યને જીવંત બનાવે છે અને સમાજાભિમુખ સાહિત્ય સમાજને ટટ્ટાર બનાવે છે.

"આપણે આત્મશક્તિનું ભાન કેળવવું પડશે. આપણે એવું વિચારીએ છીએ ખરા કે શાસન કરતાં સાહિત્ય વધુ શાશ્વત છે? શેક્સપીઅરે પોતાનું પ્રથમ અગત્યનું કાવ્ય 'વીનસ એન્ડ એડોનિસ' સાઉથમટનના જે અર્લને અર્પણ કર્યું હતું તેને આજે કોણ યાદ કરે છે? રાજા ભોજ કરતાં કાલિદાસની ખ્યાતિ વધુ ચિરંજીવ છે. અકબર બાદશાહ કરતાં તુલસીદાસ આજે ઘણા વધારે મોટા સમુદાયના હૈયામાં વસે છે. સાહિત્યનું ગૌરવ સાહિત્યની ગુણવત્તાથી વધે છે. તત્કાલીન શાસન દ્વારા એને અપાયેલ સમ્માનથી નહીં, એટલું જો સાહિત્યકાર સમજી જશે તો એ સાહિત્યની સાચી સેવામાં મન પરોવશે અને ઘણા ક્ષુદ્ર રાગદ્વેષોથી બચી જશે.

"સમાજના સળગતા પ્રશ્નોમાં જ્યારે સાહિત્યકાર રસ લેવા માંડશે ત્યારે એ કાંઈ જરૂરી નથી કે એ જાતે કર્મશીલ બને. વિક્ટર હ્યુગો કે ગોર્કીના સાહિત્યે અનેક કર્મશીલોની ગરજ સારી હતી. કર્મશીલનું જોમ જેટલું સાહિત્યકારની કૃતિઓમાં દેખાશે એટલી એની કૃતિઓ તેજસ્વી બનશે અને સાહિત્યકારની સંવેદનશીલતા અને લાલિત્ય જેટલાં કર્મશીલમાં આવશે તેટલી એના કર્મમાં સુસંસ્કારિતા આવશે. કર્મશીલ અને સાહિત્યકાર વચ્ચે પારસ્પરિકતાને અભાવે ઘણી વાર સાહિત્ય નિસ્તેજ અને કર્મશીલતા સંસ્કારિતામાં ઊણી ઊતરતી દેખાય છે.

આખી પ્રજાની વેદના જ્યારે આપણા સાહિત્યમાં સ્થાન પામે છે ત્યારે એ સાહિત્ય ધરતી પર નક્કર પગલાં માંડતું છતાં ઊંચે આકાશમાં મસ્તક રાખી દૂરદૂરની ક્ષિતિજો ભાળતું જણાય છે."

મારો કાર્યકાળ, સહજક્રમે સંકેલાવામાં છે ત્યારે પૂર્વપ્રમુખ નારાયણ દેસાઈના શતાબ્દીપ્રવેશને સંભારી આ થોડીએક હૃદયવાર્તા સતત ચાલતી પ્રક્રિયામાં સંબલરૂપે.

સૌજન્યઃ પરબ (ડીસેમ્બર, ૨૦૨૩)

❖

# અનોખી વિભૂતિ નારાયણભાઈ દેસાઈ

ઉમેશ ભટ્ટ

બાળપણમાં મહાત્મા ગાંધીના અમદાવાદ ખાતેના નિવાસસ્થાન સાબરમતી આશ્રમની બહાર સડક પર પૂજ્ય બાપુ સાથે કસરતના ભાગ સ્વરૂપે વહેલી સવારે દોડનાર, બાપુની રમૂજ ભરી નિર્દોષ વાતો સાંભળી, ખિલખિલાટ હસનાર બાળક તે નારાયણભાઇ દેસાઇ.

પૂજ્ય બાપુના ખોળામાં રમી વહાલ પામનાર આ બાળકમાં નાનપણથી જ ગાંધી વિચારધારાના સંસ્કારનું સિંચન થયું હતું. 'મોરના ઇંડા ચીતરવા ન પડે' એ કહેવત એ મહાદેવભાઇના દીકરા નારાયણભાઈએ 'બાપ તેવા બેટા' બની ચરિતાર્થ કરી છે. નારાયણભાઈ માટે કહેવું હોય તો એમ કહી શકાય કે તેઓ આજીવન ગાંધીમય બનીને જીવન જીવ્યા. એમનો પ્રત્યેક શ્વાસ ગાંધી સંસ્કારના પ્રાણ વાયુ સાથે, એમના અંતરમાં પ્રવેશ્યો અને વધુ સુદઢ બની ઉચ્છવાસ સ્વરૂપે બહાર આવ્યો. તેથી જ તો તેઓ 'ગાંધી કથા'ની ગંગા વરસાવી શક્યા અને ગાંધી વિચારધારાનો પ્રચંડ પણે પ્રચાર કરી શક્યા.

ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ શોભાવી ચૂકેલા નારાયણ દેસાઈ પ્રખર સાહિત્યકાર હતા. તેઓ સતત વાંચતા રહ્યા અને લખતા રહ્યા. તેમના નામે વિપુલ સાહિત્ય ભંડાર જમા છે. કુશળ વક્તા પણ તેઓ ખરા. તેમના લખાણોમાં અને વક્તવ્યમાં ગાંધીછાંટ અચૂક સામેલ હોય.

સીધા સાદા સરળ પણ પોતાના વિચારોમાં સ્પષ્ટ અને મક્કમ નારાયણભાઈ ખૂબ કામગરા જીવ હતા. તેઓ સમયનો પૂરેપૂરો સદુપયોગ કરતા. તેમની આ અસાધારણ અને પ્રચંડ કાર્યશક્તિનો પરિચય 'મારું જીવન એ જ મારી વાણી'ના સર્જનમાંથી મળે છે. માનવજીવ માટે આજે એક પોસ્ટકાર્ડ લખવો દોહ્યલો થઈ પડ્યો છે ત્યારે તેમણે કુલ ચાર ખંડમાં 'મારું જીવન એ જ મારી વાણી'નું લેખનકાર્ય કર્યું છે. પ્રથમ ખંડ 'સાધના' ૫૬૬+૨૪ પાના, દ્વિતીય ખંડ 'સત્યાગ્રહ' ૬૭૫+૨૪ પાના, તૃતીય ખંડ 'સત્યપથ' ૪૭૩+૨૨ પાના અને ચતુર્થ ખંડ 'સ્વાર્પણ' ના ૫૧૭+૨૨ પાનામાં સમાવિષ્ટ 'મારું જીવન એ જ મારી વાણી'નું લેખન કાર્ય નારાયણભાઇ સિવાય કોઈ કરી શકે નહીં.

ગાંધીબાપુના વિચારોને, કાર્ય પદ્ધતિઓને કામમાં પડેલી અડચણોને, ઝીણી ઝીણી વિગતો અને આઝાદીની ચળવળ દરમિયાનના ઐતિહાસિક બનાવોનું વર્ણન તેમણે સચોટ રીતે ઉપરોક્ત ચારે ગ્રંથોમાં કર્યું છે. પૂજ્ય ગાંધીજીની ખરી ઓળખ આમાંથી મળે છે. આ સિવાય પણ તેમણે પુષ્કળ લખ્યું છે અને તેમના અઢળક પુસ્તકો પ્રસિધ્ધ થયાં છે.

ધાર્મિક કથાઓ આપણા દેશમાં અને વિદેશમાં વર્ષોથી નિયમિત થતી રહે છે નારાયણભાઈએ 'ગાંધી કથા' કહેવાનું બીડું ઝડપ્યું અને તેનો સારો જન પ્રતિસાદ પણ તેમને

સાંપડ્યો હતો. 'ગાંધી કથા'ની ઓડિયો વિઝ્યુઅલ સીડી બની છે અને લોકપ્રિય રહી છે.

જગત આજે યુદ્ધ અને હિંસા, આતંકવાદ અને તેના અનીતિના સાણાસામાં સપડાઈ ગયો છે. નાગરિકોને સલામતી સાથેની શાંતિ જોઈએ છે. ગાંધી વિચારધારાને પ્રસ્તુત કરતી વખતે નારાયણભાઈએ ગાંધીબાપુની સત્યનિષ્ઠા, અહિંસા, સાધનશુદ્ધિ, કરકસર, અભયતા, સમાજના તમામ વર્ગની ચિંતા ને લગતી વાતો હૈયામાં ઉતરી જાય એવી શૈલીમાં રજૂ કરીને લોકચાહના મેળવી હતી. આમાં એક વાત ચોક્કસ સાબિત થઈને રહીઃ જગતનની તમામ સમસ્યાઓનો હાથવગો ઉકેલ ગાંધી વિચારધારામાંથી મળી રહે છે, વળી એ માર્ગે જવું કે વિચારધારા અપનાવવી બહુ સહજ છે. વિચારોઃ શું સત્ય બોલવું અને સત્યને વળગી રહેવું ખોટું છે? અહિંસા મન વચન અને કર્મથી આચરવી એ ખોટી વાત છે? બાપુની આ બે વાત અમલમાં મુકાઈ જાય તો ધન્ય થઈ જવાય.

'ગાંધી કથા' એટલે ગાંધીજીની જીવન કથા. મનુષ્ય માત્ર એ આત્મઉન્નતી કરી આત્માના અવાજને અનુસરી જીવનનો માર્ગ કંડારવો અને ઉત્કર્ષ કરવો. 'ગાંધી કથા'માં જે ઘટનાઓ અને પાત્રોનો ઉલ્લેખ થયો છે તે તમામ ઘટનાઓ આ ધરતી પર જ ઘટી છે અને તેના તમામ પાત્રોથી જન સમુદાય સુપેરે પરિચિત છે. 'માણસ માત્ર ભૂલને પાત્ર' વળી 'જે વ્યક્તિ કામ કરે છે તેની ભૂલ પણ થાય'. ગાંધીજી પણ આખરે તો માનવી જ હતા. તેમણે પણ ભૂલો કરી છે. ગાંધીજીએ જે ભૂલો કરી છે, તેનો જાહેરમાં સ્વીકાર કર્યો છે, બીજી વખત એ ભૂલ ન થાય તેની તકેદારી રાખી છે.

આપણે જાણેઅજાણ્યે ભૂલો તો કરીએ છીએ પણ એનો સ્વીકાર નથી કરતા અને કરેલી ભૂલો પર ઢાંકપીછોડો કરીએ છીએ. 'ગાંધી કથા' આમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવે છે.

નારાયણભાઈનો જન્મ ૨૪ ડિસેમ્બર ૧૯૨૪ ના રોજ વલસાડ મુકામે થયો હતો. માનશો? આટલા પ્રખર વિદ્વાન નારાયણભાઈ કદી નિશાળનું પગથિયું ચડ્યા નથી. જીવન ઘડતરને લગતા તમામ પાઠ તેઓ પિતાશ્રી મહાદેવભાઇ અને ગાંધીબાપુ પાસેથી શીખ્યા. તેમનામાં આત્મસુઝ ગજબની હતી. નિરીક્ષણ શક્તિ અદભુત હતી. કામ કરવાની ધગશ અને નવું નવું જાણવાની તથા શીખવાની વૃત્તિ હતી. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ દયા, પ્રેમ, કરુણા, જનસેવાના ભાવોનું નિરૂપણ થતું ગયું. ગાંધી સંસ્કારના નાતે મૂલ્યોના જતન માટે આગ્રહી બન્યા. કિશોરભાઈ મશરૂવાલા, રાજગોપાલાચાર્ય, રાજકુમારી અમૃત કૌર, ભણસાળી કાકા, નરેન્દ્ર દેવ, કાકા સાહેબ કાલેલકર, નરહરી પરીખ સહિતના ગાંધીપ્રેમી દિગ્ગજો પાસેથી જીવન ઘડતર અને શિક્ષણનું ભાથું વિપુલ માત્રામાં મેળવ્યું. જ્યાંથી જે કંઈ સારું જ્ઞાન મળે તે મેળવવાનો યથાર્થ પુરુષાર્થ કર્યો. જે કંઈ અનુભવો થયાં, જ્ઞાન લાધ્યું, તેને આત્મસાત કરી એની ચારેકોર વહેંચણી કરી.

રચનાત્મક કાર્યો કરવામાં નારાયણભાઈ માહિર હતા. સમાજને શાની જરૂર છે તેનાથી તેઓ જ્ઞાત રહેતા અને તે દિશામાં પ્રવૃત્ત થતા. એમના જીવનકાળનો બહુમૂલ્ય સમય રચનાત્મક

કાર્યોમાં જ વિદ્યાર્થીઓ છે વિત્ય છે ચઢાણ આવ્યું તેને ઓળંગીને આગળ વધ્યા પડકારોનો મક્કમતાથી સામનો કર્યો ધ્યેયને નિષ્ઠાપૂર્વક વળગી રહ્યા.

વાલોડ પાસેના વેડછીની ગ્રામ્ય શાળામાં નઈ તાલીમના પ્રયોગો કર્યાં. વિનોબાની ભૂદાન શ્રમદાન યાત્રામાં સામેલ થયા, ભૂદાન પ્રવૃત્તિ માટે ગુજરાતના ખૂણે ખૂણે ફરી વળી પદયાત્રા કરી, લોકજાગૃતિનું કામ કર્યું. જયપ્રકાશજીની શાંતિ સેનામાં ભળ્યા, રમખાણો ફાટી નીકળે ત્યાં પહોંચી જાય અને શાંતિ સેનાના સ્વયંસેવક તરીકે કામગીરી કરતા. ચંબલના ડાકુઓની તે કાળે શરણાગતિ થઈ એમાં પણ એમનું યોગદાન રહ્યું છે. ૧૯૮૨થી વેડછી મુકામે 'ક્રાંતિ વિદ્યાલય'ના નેજા હેઠળ કાર્યકરોને તાલીમ આપવાનું કામ શરૂ કર્યું. યુદ્ધના વિનાશક ભયસ્થાનો દુનિયાના શાસકોને વારંવાર બતાવ્યા, અણુ શસ્ત્રનો વિરોધ કર્યો, વિશ્વ શાંતિ માટેના પ્રયત્નો કર્યા. જીવનભર સક્રિય રહ્યા.

નારાયણભાઈ પોતાની પ્રસિદ્ધિથી જોજનો દૂર રહ્યા. પદ, પ્રતિષ્ઠા, પ્રશંસાનો મોહ કદી ન રાખ્યો. આખું જીવન ગાંધી કાર્ય કરવામાં વિતાવ્યું. સાદગી રાખી, જનજાગૃતિ માટે, મૂલ્યોના જતન માટે, ગાંધીજીના માર્ગે ચાલવા માટે આમ જનતાને ઉપદેશાત્મક સંદેશા આપ્યાં.

નારાયણભાઈને ગાંધી પેઢીના સાચા વારસદાર કહી શકાય. હવે તેઓ સદેહે આપણી વચ્ચે નથી. ગાંધી, સરદાર, સુભાષ, મહાદેવભાઈ પણ નથી. તેથી શું થઈ ગયું? એમની વિચારધારા આપણી સાથે છે અને એ વિચારધારાના માર્ગે પ્રયાણ કરી, ઉન્નતિ સાધવાનો સામુહિક પુરુષાર્થ કરીએ, એ જ નારાયણ દેસાઈને અપાયેલી સાચી શ્રદ્ધાંજલી હશે.

❖

## ગાંધીનો જીવનમંત્ર

સત્ય એક ચિંતન સત્યની આરાધના;
સત્યનું જ પૂજન, સત્યની જ સાધના.
સત્ય મારો ધ્રુવતારો, સત્ય ચીંધે મારગ મારો,
સત્યની જ ટૂંકે ટૂંકે કરું હું આરોહણ.
સત્યનો જ થાઓ જય, ભલે મારો થાતો ક્ષય.
અલ્પાત્માને માપવાને સત્ય-ગજ ખૂટે ના.
સત્ય મારી ભાગીરથી, સત્ય મારી છે કાલિંદી,
સત્ય સરસ્વતી નીરે કરું હું નિમજ્જના.

# નારાયણ દેસાઈનો ટૂંકો પરિચય

નરેશ કાપડીઆ

મહાત્મા ગાંધીના અંગત સચિવ મહાદેવ દેસાઈના સુપુત્ર નારાયણ દેસાઈનો જન્મ સો વર્ષ પહેલાં ૨૪ ડીસેમ્બર, ૧૯૨૪ના રોજ વલસાડ મુકામે થયો હતો. તેમના મહાન પિતાજીની જેમ નારાયણ પણ પૂર્ણ રીતે ગાંધીવાદી અને લેખક હતા.

નારાયણે તેના પિતા અને આશ્રમના અન્ય રહેવાસીઓ દ્વારા શિક્ષિત અને પ્રશિક્ષિત થવા માટે શાળામાં જવાનું બંધ કર્યું. તેઓ મૂળભૂત શિક્ષણ, કાંતણ અને ખાદી વણાટમાં વિશેષતા ધરાવતા હતા.

સ્વાતંત્ર્ય સેનાની માતા-પિતા, નબકૃષ્ણ ચૌધરી અને માલતીદેવી ચૌધરીના પુત્રી ઉત્તરા ચૌધરી સાથે તેમના લગ્ન પછી, યુવા દંપતિ નઈ તાલીમ શાળામાં શિક્ષક તરીકે કામ કરવા સુરતથી ૬૦ કિમી દૂર આવેલા આદિવાસી ગામ વેડછીમાં રહેવા ગયા. વિનોબા ભાવે દ્વારા શરૂ કરાયેલી ભૂદાન ચળવળને પગલે, નારાયણે ગુજરાતના લંબાઇ અને પહોળાઈમાં પગપાળા પ્રવાસ કર્યો, ધનિકો પાસેથી જમીન એકઠી કરી અને ગરીબ ભૂમિહીન ગ્રામજનોમાં વહેંચી દીધી. તેમણે ભૂદાન ચળવળનું મુખપત્ર 'ભૂમિપુત્ર' નામથી શરૂ કર્યું અને ૧૯૫૯ સુધી તેના સંપાદક રહ્યા.

નારાયણ અખિલ ભારતીય શાંતિ સેના મંડળ (ભારતીય શાંતિ બ્રિગેડ) માં જોડાયા, જેની સ્થાપના વિનોબા દ્વારા કરવામાં આવી હતી અને પીઢ સમાજવાદી નેતા જયપ્રકાશ નારાયણ (જેપી) ની આગેવાની હેઠળ હતી. શાંતિ સેનાના જનરલ સેક્રેટરી તરીકે નારાયણે સમગ્ર દેશમાં શાંતિ સ્વયંસેવકોની ભરતી કરી અને તેમને પ્રશિક્ષિત કર્યાં. જેમણે કોમી સંઘર્ષ દરમિયાન હસ્તક્ષેપ કર્યો અને વિરોધાભાસી સમુદાયો વચ્ચે સંવાદિતા સ્થાપિત કરવામાં મદદ કરી.

નારાયણ પીસ બ્રિગેડ ઇન્ટરનેશનલની સ્થાપનામાં સામેલ હતા અને વોર રેઝિસ્ટર ઇન્ટરનેશનલના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તેમને પાકિસ્તાની શાંતિ જૂથ સાથે મળીને આંતરરાષ્ટ્રીય શાંતિ માટે યુનેસ્કો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

નારાયણ ભારતમાં કટોકટી લાદવાની વિરૂદ્ધ ઝુંબેશમાં સક્રિય હતા અને સેન્સરશીપ કાયદાને અવગણતું સામાયિક તેમણે બહાર પાડ્યું હતું. જેપીના નજીકના સહયોગી તરીકે, નારાયણે નવી રચાયેલી જનતા પાર્ટીને મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, જે ભારતમાં મુખ્ય બિન-કોંગ્રેસી રાજકીય પક્ષોનો સમૂહ બન્યો અને તેના નેતા તથા વડાપ્રધાન તરીકે મોરારજી દેસાઈના નામ પર સર્વસંમતિ સાધવામાં નારાયણની ભૂમિકા હતી.

જેપીના મૃત્યુ પછી, નારાયણ વેડછી ગયા અને સંપૂર્ણ ક્રાંતિ માટે સંસ્થા 'સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય'ની સ્થાપના કરી. આ સંસ્થા અહિંસા અને ગાંધીવાદી જીવનશૈલીની તાલીમ આપે છે.

નારાયણે તેમના પિતા મહાદેવ દેસાઈને શ્રદ્ધાંજલિ આપવાના માર્ગ તરીકે, ગુજરાતીમાં ગાંધીજી પરના ચાર ગ્રંથનું જીવનચરિત્ર 'મારું જીવન એજ મારી વાણી' રૂપે લખ્યું, જે તેમના પિતા મહાદેવભાઈ તેમના જીવનકાળ દરમિયાન ૧૫ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ જેલમાં અચાનક મૃત્યુ પામવાને કારણે પૂર્ણ કરી શક્યા ન હતા. ૨૦૦૦ પૃષ્ઠો ધરાવતા ચાર ભાગમાં ગાંધીજીના જીવનચરિત્ર સમાન 'મારું જીવન એજ મારી વાણી'ની દેશ-વિદેશમાં સરાહના થઇ હતી. આ પુસ્તક મહાત્મા ગાંધીના જીવન, ફિલસૂફી અને કાર્ય પર આધારિત છે.

ગાંધીજીનું જીવનચરિત્ર પૂરું કર્યા પછી તેમણે વિચાર્યું કે બહુ ઓછા લોકો આ પુસ્તક તેની માત્રા અને ઊંચી કિંમતને કારણે ખરીદશે. તેમણે ગાંધીજીનો સંદેશ ફેલાવવા માટે એક નવતર વિચાર કર્યો. તેમણે ગાંધીકથા શરૂ કરી. રામાયણ અને ભાગવત કથાની જેમ તેમણે ૨૦૦૪થી વિશ્વભરમાં મહાત્મા ગાંધીના જીવન પરની કથાઓ 'ગાંધી-કથા'નું પઠન કર્યું.

'ગાંધી કથા'માં નારાયણ દેસાઈ સાત દિવસ સુધી રોજ ૩ કલાક ગાંધીજીના જીવન અને વિચારોનું રસપ્રદ વર્ણન કરતા. એ કથા દરમિયાન તેમના દ્વારા રચાયેલાં ગાંધી ગીતો પણ  તેઓ ગાતા હતા. તેમની કથા શ્રોતાઓ પર આધારિત રહેતી હતી. અમુક વાર તેઓ ગાંધીજીની રાજકીય પ્રવૃત્તિઓ વિશે કહેતા અને અધિકારીઓને તેઓ ગાંધીજીના નેતૃત્વ અને સંચાલન કૌશલ્ય વિશે કહેતા. આ કથા લોકોના મનમાં પ્રવર્તતી મહાત્મા ગાંધી વિશેની ઘણી ખોટી માન્યતાઓને વિખેરી નાખતી. તેમણે ગાંધીજીના જીવનની ઘણી અપ્રકાશિત અને અજાણી ઘટનાઓ પણ સંભળાવી. આ ગાંધી કથા ભારત અને વિદેશમાં ખૂબ જ લોકપ્રિય બની હતી. નારાયણભાઈ જયારે ગાંધી કથા કહેવાનો આરંભ કર્યો ત્યારે તેમની વય ૮૧ વર્ષની હતી. આમ આ એક સાહસ હતું, જે તેમણે સુપેરે પાર પાડ્યું હતું.

નારાયણ દેસાઈએ ૨૩ જુલાઈ ૨૦૦૭થી ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે સેવા આપી, જે જવાબદારી તેમણે નવેમ્બર ૨૦૧૪ સુધી તેમણે નિભાવી હતી. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદને પણ શોભાવ્યું હતું.

તેમના એક મહાન કાર્ય રૂપે તેમણે ૧૯૯૩માં તેમના પિતાજી અને ૨૫ વર્ષ સુધી મહાત્મા ગાંધીના અંગત સચિવ રહેલા મહાદેવભાઈ દેસાઈની જન્મ શતાબ્દી નિમિત્તે તેમના જીવનચરિત્ર રૂપે 'અગ્નિકુંડમાં ઉગેલા ગુલાબ' પુસ્તક રચ્યું, જેમાં તેમણે પિતા મહાદેવ દેસાઈ અને સાબરમતી આશ્રમમાં પોતે જેમના ખોળામાં ઉછર્યા હતા એવાં ગાંધીજી વિષે અદભુત

ચરિત્રચિત્રણ કર્યું, જે ગુજરાતી ભાષામાં લખાયેલાં શ્રેષ્ઠ પુસ્તકોની હરોળમાં પહોંચ્યું. આ પુસ્તકની દેશ-વિદેશમાં ખૂબ સરાહના થઇ. આ ગુજરાતી પુસ્તક માટે દેશની સર્વોચ્ચ એવી સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા અકાદમી પુરસ્કાર આપીને તેનું બહુમાન કરાયું. તે અગાઉ પણ ગાંધીજીના બાળપણના સંસ્મરણો વિશે નારાયણના પુસ્તક 'મારું જીવન એજ મારી વાણી'ને પણ સાહિત્ય એકેડેમી એવોર્ડ મળ્યો હતો.

૯૦ વર્ષની વયે નારાયણ દેસાઈ ૧૦ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ અસ્વસ્થ થઈને કોમામાં સરી ગયા પરંતુ બાદમાં સ્વસ્થ થયા અને ચરખો પણ કાંત્યો. જોકે તેમને રોજિંદા કામકાજમાં તકલીફ પડતી હતી અને તેઓ પ્રવાહી ખોરાક પર રહેતા. અંતે ૧૫ માર્ચ ૨૦૧૫ના રોજ સુરતના મહાવીર ટ્રોમા સેન્ટરમાં તેમનું અવસાન થયું હતું. તેમના પાર્થિવ દેહને વેડછીના સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય જવાયો જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

નારાયણભાઈ દેસાઈને ૧૯૯૯માં જમનાલાલ બજાજ પુરસ્કાર અને તે પહેલાં ૧૯૯૮માં સહિષ્ણુતા અને અહિંસાના પ્રોત્સાહન માટે યુનેસ્કો - મદનજીત સિંઘ પુરસ્કાર 'આંતર-ધાર્મિક અને આંતર-વંશીય સમજણ, સહિષ્ણુતાના પ્રોત્સાહનની તરફેણમાં તેમના અથાક કાર્ય માટે' એનાયત કરવામાં આવ્યો હતો. 'અહિંસા અને શાંતિ માટેના શિક્ષણ અને તાલીમમાં સંવાદિતા અને તેમની સિદ્ધિઓ, તેમજ પરમાણુ વિરોધી સક્રિયતા'ના કાર્ય માટે તેમને ૨૦૦૧માં ગુજરાતી સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર રણજીતરામ સુવર્ણ ચંદ્રક પણ એનાયત કરાયો હતો. તેમની યાદગાર સાહિત્યિક રચના 'અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ' માટે તેમને ૧૯૮૯માં નર્મદ સુવર્ણ ચંદ્રક પણ એનાયત કરાયો હતો. ૨૦૦૪માં નારાયણ દેસાઈનું તેમની પ્રસિદ્ધ કૃતિ 'મારું જીવન એજ મારી વાણી' માટે ભારતીય જ્ઞાનપીઠ દ્વારા ૧૮મા મૂર્તિદેવી પુરસ્કારથી સન્માન કરાયું હતું. તો તેમને 2013 માં ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

મહાત્મા ગાંધીના અતિ વ્યસ્ત જીવનની નાની-મોટી અને વાતો સમાજ અને દેશ-દુનિયા સુધી તેમના અંગત સચિવ રૂપે મહાદેવ દેસાઈ દ્વારા લખાયેલી ડાયરીથી પહોંચી. આવું અદભુત કાર્ય કરનારા સંનિષ્ઠ પિતાજીના વારસા રૂપે નારાયણ દેસાઈએ જીવનભર કાર્ય કર્યું. બાળપણથી તેઓ સમગ્ર ઘટના ક્રમના પ્રથમ પંક્તિના સાક્ષી હતા. તેમણે ગાંધીજીનો વારસો તેમના વિચારોને અમલમાં મૂકીને તથા તેમના તે સંસ્મરણોને પુસ્તકો રૂપે મૂકીને ઐતિહાસિક રીતે બેનમૂન કાર્ય કર્યું છે. તેમની એ તમામ સ્મૃતિઓને તેમની જન્મ શતાબ્દી ટાણે કોટિ કોટિ વંદન.

❖

# અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ – ભક્તિનું અખંડ કાવ્ય

પ્રો. દર્શના ધોળકિયા

ગઈ સદીની અંતિમ પચીસીમાં ગુજરાતી સાહિત્યને કેટલાંક વિરલ જીવનચરિત્રો સાંપડ્યાં, જેમાં નારાયણ દેસાઈએ પિતા મહાદેવ દેસાઈની શતાબ્દી વેળાએ અર્ઘ્ય રૂપે આલેખેલું મહાદેવ દેસાઈનું ચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' દ્રષ્ટાંતરૂપ ચરિત્ર સાબિત થયું.

પ્રસ્તુત ચરિત્રનું આલેખન એના આલેખક નારાયણ દેસાઈ માટે બે રીતે કસોટીરૂપ છે. એક તો, એ પિતાનું ચરિત્ર તેથી તાટસ્થ્ય જાળવવું મુશ્કેલ ને પાછું એ ચરિત્ર મહાત્મા ગાંધીમાં ભળી – ઓગળી ગયેલું ચરિત્ર. મહાદેવના આલેખનમાં ઉપર તરી આવતું વ્યક્તિત્વ તો ગાંધીજીનું જ. આવા બે પડકારોની વચાળે ચરિત્રકારે ભારે નાજુકાઈ ને સાવધાનીથી આ કાર્ય પાર પાડવાની જહેમત ઉઠાવી છે ને એમાં સફળતા પ્રાપ્ત કરી છે.

માત્ર પચાસ વર્ષ જીવેલા મહાદેવના જીવનના અહીં બે ખંડ પડે છેઃ ગાંધીજી વિનાનાં પહેલાં પચીસ વર્ષનો પ્રથમ ખંડને ગાંધીજી સાથે ગાળેલાં બીજાં પચીસ વર્ષનો દ્વિતીય ખંડ. પ્રથમ ખંડ પછીથી ગાંધીજીમાં ઓગળનાર મહાદેવ માટે જાણે પૂર્વ તૈયારીનો કાલખંડ છે તો બીજો એ તૈયારીની ક્રમશઃ પ્રગટતી ગયેલી ફલશ્રુતિનો.

લેખકે કૃતિના પાંચ ખંડ પાડ્યા છે : સ્મૃતિ, પ્રસ્તુતિ, પ્રીતિ, દ્યુતિ ને આકૃતિ. આ પાંચ ખંડમાં મહાદેવ ક્રમશઃ જીવતરના સમર્થ આરોહી સાબિત થતા રહ્યા છે.

કૃતિનો આરંભ, લેખકે મહાદેવનાં મૃત્યુથી કર્યો છે. મહાદેવના પરિવારને મહાદેવનાં મૃત્યુ અંગે જણાવતો તાર ગાંધીજીએ આ શબ્દોમાં લખાવ્યો છેઃ 'મહાદેવનું મરણ તો યોગી અને દેશભક્તનું હતું. એનો શોક ન થાય.' ૧૯૪૨માં મહાદેવ વિશે ઉચ્ચારાયેલા મહાત્માનાં આ અભિપ્રાયને પાંચ દાયકા પછી મૂલવતાં પુત્ર નહીં, પણ ચરિત્રકાર નારાયણ નોંધે છેઃ 'એક યોગીની ચિંતનધારા હતી જે ગાંધીજીના ખોળામાં માથું મૂકીને પોતાની જીવનલીલા સમાપ્ત કરવા ઝંખતી હતી. બીજી દેશભક્તની ચિંતનધારા હતી જે ભારત છોડો આંદોલનમાં 'કરેંગે યા મરેંગે'ના સૂત્રને ચરિતાર્થ કરવા મથતી હતી. બંને ૧૫મી ઓગષ્ટ, ૧૯૪૨ના પ્રાતઃકાળે સંગમ અનુભવી રહી.' યોગી અને દેશભક્ત મહાદેવના ખમીસનાં ખિસ્સામાંથી નીકળી ગીતાની એક પ્રત અને બીજા ખિસ્સામાંથી નીકળી ફાઉન્ટેન પેન. લેખક નોંધે છેઃ 'જે મહાન યજ્ઞમાં થોડી ક્ષણો પહેલાં જ મહાદેવે જીવનની આહુતિ આપી હતી, તેનું મૂળ પ્રેરણાસ્ત્રોત હતી ગીતા અને એ યજ્ઞની જ્વાળાઓ પ્રગટ થઈ હતી સતત મહાદેવનાં વક્ષઃસ્થળ પર વિરાજતી આ કલમ દ્વારા. ગીતા પ્રતીક હતી મહાદેવના ચારિત્ર્યના ઊંડાણની અને કલમ પ્રતીક હતી એના વિસ્તારની.' આ બે બિંદુ વચ્ચેની યાત્રા એ જ મહાદેવના વિરલ જીવતરનો ચોખ્ખો હિસાબ.

મહાદેવના જીવનના બે ખંડમાંનો પહેલાં પચીસ વર્ષોનો ખંડ એમનાં ઘડાતાં રહેલાં ચારિત્ર્યનો છે. ઈશ્વરપ્રીતિના સંસ્કાર મહાદેવના લોહીના લયમાં ભળેલા છે. ગીતાકથિત

'શ્રીમતાં શુચિતાં ગેહે' જન્મ થયો એ મહાદેવનું સદભાગ્ય તો ખરું જ, પણ એમના મૂળમાં રહેલી ઈશ્વરશ્રદ્ધા એ જ એમને પછીના જીવનકાળમાં પ્રેર્યા – દોર્યા છે. હાઈસ્કૂલના શિક્ષણકાળમાં અડાજણ ગામના મલિન માહોલમાં એક છોકરાએ મહાદેવને કોઈ છોકરી પાસે લઈ જવાનું ગોઠવ્યું પણ રાત્રે મોડું થવાથી મહાદેવે એની સાથે જવાની ના પાડી દીધી. પછીથી મહાદેવે આ અંગે મિત્ર નરહરિભાઈને કહેલું, 'આવા ગંદવાડની વચ્ચે રહીને શુદ્ધ રહેવા પામ્યો તે મારો દહાડો પાધરો અને ઈશ્વરની મારી ઉપર મોટી મહેર તેથી જ.' (પૃ.૩૧) મહાદેવના મૂળમાં રહેલી આ ઈશ્વરશ્રદ્ધા પછીથી ગાંધીશ્રદ્ધામાં વિલીન થતી રહીને એ રીતે એમની આસ્તિકતાને ચોક્કસ ઘાટ આપતી રહી.

જીવનના પ્રારંભિક વળાંકોમાં મહાદેવની પ્રતિભા ઓળખાતી – પરખાતી રહી. દુર્ગાબહેન સાથે લગ્ન, દેશસેવામાં જોડાવાની લગન; એલ.એલ.બી.ની ઉપાધિ મેળવીને ૧૯૧૭માં ગાંધીજી સાથે પ્રત્યક્ષ રીતે કામગીરીમાં જોડાઈને મહાદેવ કાર્યપસંદગી માટે પ્રયત્નશીલ બનતા રહ્યા. આ ગાળાના મહાદેવ માટેનું ચરિત્રકારનું સૂક્ષ્મ અવલોકન સ્વાભાવિક રીતે જ માત્ર પુત્રનું નથીઃ 'તે દરમિયાન એમણે જે ઠેકઠેકાણે કામો લીધાં, તેને આપણે થોડાં વિગતવાર જોઈશું તો આપણને દેખાઈ આવશે કે એ કામોની પસંદગી અને ફેરબદલીઓ અને છેવટે ધ્યેયની વરણી પાછળ અર્થપ્રાપ્તિ કે કીર્તિનો વિચાર એ ગૌણ હતો. અને પિતૃસેવા, પોતાની અભિવ્યક્તિ, આંતરિક વિકાસની ઝંખના અને આધ્યાત્મિક માર્ગની શોધ એ મુખ્ય પ્રેરક તત્ત્વો હતાં. પાછળથી બરાબર અડધું જીવન જે યજ્ઞમાં તેઓ આહુતિ આપવાના હતા તેનો યજ્ઞમંડપ રચવા, અને તેની વેદીને લીંપીગૂંપીને પ્રસ્તુત કરવાનાં આ ચાર વર્ષ હતાં.' (પૃ.૪૨-૪૩)

૧૯૧૫ની નવમી જાન્યુઆરીએ ભારત આવી પહોંચેલા ગાંધીજી પ્રત્યે ગોખલેજીના અભિપ્રાયથી આકર્ષાયેલા મહાદેવ અને નરહરિએ ગાંધીજીની આશ્રમ વિશેની નિયમાવલિ વાંચીને લાંબો પત્ર લખ્યો તે પછીથી એમને મળ્યા ને તરત મહાદેવે નરહરિને કહેલુંઃ 'નરહરિ, મને તો આ પુરુષને ચરણે બેસી જવાનું મન થાય છે.' આ હતી મહાદેવની પહેલી દીક્ષા. મહાદેવને જોતાંવેંત ગાંધીજીને એમનામાં જે દેખાયું તે એમની પ્રમાણિકતા, વફાદારી અને હોશિયારી. જેનાથી જિતાઈને ગાંધીજીએ મહાદેવને પોતામાં ભેળવવા લગભગ પ્રેમાક્રમણ જ કર્યું.

આ દિવસોમાં મૂંઝવણ અનુભવતા મહાદેવ વિશે લેખક નોંધે છે તેમ, મહાદેવ જીવનથી નિરાશ થઈ ગયા હતા તેનું કારણ હતું તેમનો લાગણીશીલ સ્વભાવ. જેને પછીથી ગાંધીજીના ટાંકણાથી યોગ્ય ઘાટ મળતો રહ્યો ને મહાદેવને સ્વસ્થ મનુષ્ય બનવા ભણી દોરતો રહ્યો.

ગાંધીજી સાથે ૧૯૧૭ના નવેમ્બર માસમાં જીવનનું અર્ધવર્તુળ પૂરું કરનાર મહાદેવ જોડાયા આવા એક સંકલ્પથીઃ 'મારી મનોકામના તો હનુમાન જેવાને આદર્શ રાખી તેની સ્વાર્પણસેવા પોતામાં ઉતારવી અને કેવળ સેવાભક્તિથી તરી જવું.'ની.' (પૃ.૬૭)

બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ કરીને ગૃહસ્થ થયેલા મહાદેવ ભલે ક્રમશઃ મહાત્મામાં ઓગળતા રહ્યા પણ એમનો સ્વામીપ્રેમ એમની પિતૃભક્તિ, પત્નીપ્રેમ, પુત્રપ્રેમ, મિત્રપ્રેમને ક્યાંય નડ્યો

જણાતો નથી. મહાદેવે સંબંધમાત્રનું ઊચિત મૂલ્ય ને ગૌરવ કર્યું છે. ગાંધીજી પાસે જતી વેળા આરંભે પિતા દુભાય છે ત્યારે મહાદેવ મન મારીને ઘેર બેસી રહેવા તૈયાર છે પણ પિતાની રજા વિના ઉપાસ્ય દેવ ભણી ધસી જવાની ઉતાવળ કરતા નથી. પુત્રવત્સલ પિતાની આજ્ઞા પછી જ મહાદેવે સ્વામી ભણી ડગ માંડ્યાં છે.

મહાદેવની પિતૃભક્તિને પ્રમાણતા ગાંધીજીએ મહાદેવના પિતા હરિભાઈને પોતાને થયેલી મહાદેવની પ્રાપ્તિનો આનંદ પત્ર દ્વારા વ્યક્ત કર્યો છે ને થોડા દિવસ પછી હરિભાઈ રેલવે સ્ટેશન પર ગાંધીજી ને મહાદેવને મળ્યા છે, એ ક્ષણનું દાદા હરિભાઈની મનોદશાને પરકાયાપ્રવેશની અદ્રશ્ય શક્તિથી પ્રમાણી શકેલા લેખકે ચિત્રાત્મક અને ભાવાત્મક અભિવ્યક્તિની મદદથી સહૃદયને ભીંજવી દેતું વર્ણન કરતાં નોધ્યું છેઃ '..રેલગાડીના ડબ્બામાં બે વાક્યો પૂરતો આ વાર્તાલાપ અને દીકરાની માનસરોવરના સહસ્રદલ કમલ જેવી શોભતી મુખાકૃતિનાં દર્શન અને વાંકા વળીને પગે લાગતાં એની પીઠનો સ્પર્શ હરિભાઈ સારુ અનેક દિવસો સુધી વાગોળવાનો વિષય બની રહ્યો હશે !' (પૃ.૯૦,૯૧)

અર્ધું જીવન ગાંધીને ચરણે બેસીને જીવતર સાર્થક કરનાર મહાદેવના હૃદયનો એક તંતુ આજીવન પિતા સાથે જોડાયેલો રહ્યો ને પિતાને છોડવાનું દુઃખ એક કસક બનીને તેમનામાં શ્વસતું રહ્યું. પિતાનાં મૃત્યુ વેળા નરહરિભાઈને તેમણે લખ્યુંઃ 'મને એમ જ થયા કરે છે કે 'દેશસેવા'ના વિચિત્ર ખ્યાલને લીધે એમના આખરના કાળમાં એમની સાથે રહી એમની આંતરડી ઠારવી જોઈએ, એ મારાથી ન થયું. આ પશ્ચાતાપ એક કાયમનો જખમ મારી જિંદગીમાં રહી જશે.' (પૃ.૩૧૬) તો જવાહરલાલ નહેરુને પણ આ જ મતલબનો લાંબો પત્ર તેમણે પાઠવ્યો. જેના જવાહરે આપેલા ઉત્તરમાં મહાદેવને આશ્વાસન આપવાની સાથે એના ઔદાત્યનું ભારે ગૌરવ થયું છેઃ 'તમારા પિતાની પાસેથી તમે સેવાનો જે પાઠ શીખ્યા તે તમે બહારની દુનિયામાં લાવ્યા છો અને તમારા અંગત ઉદાહરણ દ્વારા તમે નિઃશંક અનેક લોકો પર અસર પાડી છે. તમારા પિતા એ સામે વાંધો ઉઠાવે અથવા દેશની સેવાના તમારા વ્યાપક ક્ષેત્રને બદલે તેઓ તમારા માટે કુટુંબનું સંકુચિત ક્ષેત્ર વધારે પસંદ કરે એમ બને જ નહીં.' (પૃ.૩૧૭)

ગાંધીમાં ઓગળેલા મહાદેવે એ કાળના ભલભલા મહાનુભાવો પર એવી છાપ છોડી છે એનાં અનેક દ્રષ્ટાંતોમાંનું આ એક છે.

પત્ની દુર્ગા ને પુત્ર નારાયણને પણ મહાદેવે પોતાના પ્રેમથી ભીંજવી દીધાનાં અનેક ઉદાહરણો કૃતિનાં પૃષ્ઠોમાં આલેખાયાં છે. આવા મુલાયમ મહાદેવની ગાંધીભક્તિ હનુમાનના આદર્શમાં રસાતી જરૂર રહી છે પણ મહાદેવના આરાધ્ય દેવની ઉપાસના કેટલી કઠિન રહી છે એની ગાથા તો શીર્ષકથી માંડીને કૃતિનાં પાને પાને વેરાયેલી છે.

મહાદેવને પહેલી જ નજરે નખશિખ પારખી ગયેલા ગાંધીજીએ મહાદેવની એમની પાસે ગાળેલા કાલખંડ દરમ્યાન વધારે મનોમન ને ક્યારેક દેખીતી રીતે કોઈનેય ઈર્ષા ઉપજાવે એવી કદર કરી છે. દીનબધું એન્ડ્રુઝને ગાંધીજી કહે છે 'એ આશ્રમથી ધન્ય થવા નહીં પણ આશ્રમને ધન્ય

કરવા આવ્યા છે.' (પૃ.૧૨૬)

ગાંધીજીએ મહાદેવમાં નિહાળી પ્રસંગ પડ્યે શૂન્યવત થઈ જવાની વિરલ ક્ષમતા. જે ક્ષમતાએ કરીને તો પોતાથી તદ્દન ભિન્ન પ્રકૃતિના મહાત્મા જેવા આરાધ્યને તેઓ ઉપાસી શક્યા. મહાદેવને ગાંધી ભણી મોકલતા પિતાને 'મહાદેવ ફૂલ જેવો કોમળ છે અને ગાંધીજી સાથે કામ કરનારાને તો આકરું જીવન જીવવું પડે, એ એનાથી શી રીતે ખમાશે?' એવો ઊઠેલો પ્રશ્ન યથાર્થ હતો. પણ મહાદેવ એ ખમી શક્યા, એમનામાં રહેલી આસક્તિથી, ગાંધીભક્તિનાં શસ્ત્રથી.

પિતા મહાદેવની ગાંધીપ્રીતિને પ્રમાણતા, તેની અદબ કરતા ચરિત્રકારે એટલી જ નિર્ભયતાથી મહાદેવની ગાંધીભક્તિથી પોતાના કુટુંબજીવનમાં આવેલા વાળાઢાળા ય સ્વસ્થતાથી આલેખી જાણ્યા છે. મહાદેવનાં પત્ની દુર્ગાને મહાદેવ પાસે સાબરમતિ આશ્રમમાં આવવાની માંડ રજા મળી છે ત્યારે દુર્ગાબહેને ગાંધીજીને લખેલા પત્રમાં સંયમિત રીતે ઠાલવેલો આક્રોશ એનું દ્રષ્ટાંત છે.

ગાંધીજી સાથેના વસવાટ દરમ્યાન કોમળ પ્રકૃતિના મહાદેવની અનેક કસોટીઓ થતી રહી છે, જેમાં કંચનની જેમ મહાદેવ શુદ્ધ થઈને નીકળતા રહ્યા છે.

આ કસોટીઓમાં સૌથી મોટી કસોટી ઓરિસ્સાના ડલાંગ ગામે ભરાયેલા સંમેલન પ્રસંગની છે, જે ઘટનાના પ્રકરણને લેખકે 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' શીર્ષક આપીને મહાદેવનું કદાચ અંતિમ મૂલ્યાંકન કર્યું છે. આ સંમેલન જગન્નાથ પુરીની નિકટનાં સ્થળે હોવાથી એમાં કસ્તૂરબા, દુર્ગાબહેન પણ હોંશેહોશે જોડાયાં છે – પુરી મંદિરનાં દર્શનના હેતુથી. બીજી બાજુ એ મંદિરમાં હરિજનોનો પ્રવેશ નિષેધ હોવાથી ગાંધીજી આ જગન્નાથને પોતાનો નાથ માનવાનો ઇન્કાર કરી દે છે. આ પ્રસંગે પત્ની દુર્ગાને પુરી દર્શનની થયેલી ઈચ્છા જોઈને મહાદેવ નોંધે છેઃ 'અસ્પૃશ્યતાને એણે કદી સંઘરી નથી, હરિજનોની યથાશક્તિ સેવા કરે છે, દસ વર્ષ થયાં હરિજનને ઘરમાં પ્રવેશ કરાવ્યો છે. હવે મંદિરપ્રવેશમાં એને શ્રદ્ધા હોય તો એને હું કેમ હલાવું? એ પણ મારી વૃત્તિ હતી..' (પૃ. ૬૭૪)

મહાદેવે પત્નીને મંદિરમાં જવા દીધાનાં વલણથી અકળાયેલા ગાંધીજીએ સંઘ સમક્ષ ઠાલવેલી વેદનાથી અકળાઈ ઊઠેલા મહાદેવને લાગ્યું કે ગાંધીજી પાસે મારું સ્થાન નથી. ને એ મતલબની ચિઠ્ઠી તેમણે મહાત્માને લખી ત્યારે અનાસક્ત ગાંધીજી પણ ક્ષણેક હાલી ઊઠીને કહી બેઠાઃ 'હજારો ભૂલો સહન કરીશ પણ મારાથી તમારો ત્યાગ થનાર નથી.' (પૃ.૬૭૭) ને પછી જણાવે છે તેમ, મહાદેવનાં કવિત્વમાં તેમને કાયરતા જણાઈ છે. મહાદેવ જો ગાંધીજીનો ત્યાગ કરે તો પ્યારેલાલ ને સુશીલા નૈય્યર પણ ન જ રહે. આ બધું વિચારતાં આક્રમક શૈલીમાં ગાંધીજી જણાવે છેઃ 'તમે વચન ઓછું કરો, વિચાર વિશેષ કરો..' (પૃ. ૬૭૮)

ગાંધીજીથી છૂટા પડવા અંગે મહાદેવે પત્ની દુર્ગાને નાનકડા પુત્ર નારાયણ સાથેય ચર્ચા કરી, પણ એ બંનેનો તેમને ટેકો ન મળ્યો એમાં ગાંધીજીના પ્રેમનો વિજય પણ હશે ને પતિ ને પિતામાં ગાંધીભક્તિની જ્યોતને ઝળહળતી રાખવાની ચિંતા પણ.

પછીથી સ્વસ્થ થયેલા મહાદેવે નોંધ્યું: 'આ મારી તે કાળની લાગણી છે.... તંદ્રારહિત રહીને પચાસ પચાસ વર્ષો થયાં ધર્માચરણ કરનાર ધર્મ વધારે સમજે કે રાગદ્વેષથી ભરેલો હું ધર્મ સમજું?..' (પૃ.૬૭૮) સાંપ્રતકાળના મહાત્મા પર પુરાણકાળનો અંશ લઈને જન્મેલા શિષ્યનો કદાચ આ અંતિમ વિજય હતો. આથી જ આ ચરિત્ર લખતીવેળા પિતાની જેમ જ સ્વસ્થ બનેલા નારાયણ ભાઈ નોંધે છે: 'કાકાના સ્વર્ગવાસ પછી શ્રી મેઘાણીએ એમને વિશે જે લેખ લખ્યો હતો એનું મથાળું આપ્યું હતું : 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'. આ મથાળું આ પ્રસંગે શબ્દશઃ સિદ્ધ થયું હતું.' (પૃ. ૬૭૯) પ્રસ્તુત ચરિત્રનો સમગ્ર સાર આ પ્રકારે ઘટેલી આ ઘટનામાં સમાયેલો સહૃદય પણ નિહાળી શકે છે.

ગાંધીજી પાસે આવેલા મહાદેવે પોતાના પૂર્વાશ્રમમાં કેટકેટલું અર્જિત કર્યું? સાહિત્યપ્રીતિ, અનુવાદકલા, પત્રકારિત્વની અનન્ય હેસિયત ને બીજું કંઈ કેટલુંય. મહાદેવને આ શક્તિઓથી ઓળખનારાઓનો પ્રશ્ન એક જ હતો – મહાદેવ જો ગાંધીજીમાં ભળ્યા ન હોત તો એમની પ્રતિભા જુદી જ હોત. ક્ષણેક માનવા જેવી લાગતી આ વાતને આભાસી ઠેરવતાં લેખક નોંધે છે: 'ગાંધીજી સાથે મહાદેવ જોડાયા ન હોત તો તેઓ સારા સાહિત્યકાર, સારા ભાષાંતરકાર, વકીલ થયા હોત.. પણ વિવેકપુરુષ કિશોરલાલ મશરૂવાળાએ જેમને 'સર્વ શુભોપમાયોગ્ય' કહ્યા, વેરિયર એલ્વિને ગાંધીરૂપી સોક્રેટિસના પ્લેટો કહ્યા, રાજાજી જેવાએ ગાંધીજીના 'હૃદયમ દ્વિતીયમ' કહ્યા... એ ગાંધીજી સાથે ન જોડાયા હોત તો મહાદેવભાઈ ક્યાંથી થયા હોત? તેમનો અહમ ઓગળ્યો અને અસ્મિતા અનંતગણી વધી ગઈ..' ને એ ય સાચું કે મહાદેવના શૂન્યવત થવાથી ગાંધીજીની કિંમત દસ ગણી વધી ગઈ...' (પૃ. ૭૦૮)

ગાંધીજીને પચીસ પચીસ વર્ષ સુધી સેવતાં સેવતાં મહાદેવભાઈએ શું ન કર્યું? 'નવજીવન'ના તંત્રી રહ્યા, અનેક પ્રવાસો ખેડ્યા, અનેક લોકોનો સંપર્ક કર્યો, વધાર્યો ને સાચવ્યો, અનેકના હૃદયમાં સ્થાન મેળવ્યું ને એ બધાથી ઉપર ગાંધીજીની એક એક ક્ષણને સાચવતી અમૂલ્ય ડાયરીઓ આપી. ગાંધીની એક વાત પણ મહાદેવની છાની ન રહી એ અર્થમાં ગાંધીના એ અંતર્યામિય પ્રમાણિત થયા. ગાંધીજી માટે સમર્પિત થયેલા અનેક લોકોએ તેમની ઈર્ષા ન કરતાં તેમની ભક્તિ કરી.

ગાંધીને મહાદેવના ગુરુ–શિષ્યના યુગલને ડૉ. જોનસન અને બોઝવેલ, જર્મન કવિ ગટે અને એકરમેન, રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદના યુગલો સાથે મૂકતાં - એ સૌ કરતાં ભિન્ન જોડકું ઘટાવીને નારાયણ ભાઈ નોંધે છે: '...બે ભિન્ન પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓનાં વ્યક્તિત્વ એક જીવ, બે ખોળિયાં થઈને રહે. સહેલાઈથી અદલાબદલી કરી શકાય એવું ભાષાસામ્ય હોય, સ્વતંત્ર પ્રતિભા છતાં એકનું વ્યક્તિત્વ બીજામાં વિલીન થઈ ગયું હોય, વિલીન થયેલું વ્યક્તિત્વ હોવા છતાં આગવી પ્રતિભા જરાય ઝાંખી ન પડી હોય એવી જોડીનું ઉદાહરણ આ લેખકની જાણમાં મોહન-મહાદેવની જોડીનું એક અને અદ્વિતીય જ છે.' (પૃ. ૭૦૯)

મહાદેવે જીવનમાં બે ઈચ્છા કરી: ગેરસપ્પાનો ધોધ જોવાની ને રમણ આશ્રમમાં

રહેવાની. પણ એની પૂર્તિ થવાની આગલી ક્ષણે જ એ ઈચ્છામાંથી તેઓ મુક્ત થયા – ગાંધીજીને જ ગેરસપ્પાનો ધોધ ગણીને 'મારે તો એક જ સ્વામી બસ છે' એવો નિશ્ચય કરીને.

લેખકનું નિરીક્ષણ એ છે કે મહાદેવે તો બાપુનો પ્રભાવ શિવ થઈને પોતાની જટામાં ધાર્યો પણ બાપુ પર મહાદેવનો પ્રભાવ પડ્યો ખરો? લેખક નોંધે છેઃ 'બર્લિનના શ્રી ક્રિશ્ચિયાન બાર્તોલ્ફે એક મુલાકાતમાં આ લેખકને ભારપૂર્વક જણાવ્યું છે કે, મહાદેવનાં સંપર્કમાં આવ્યા પછી ગાંધીની ભાષામાં કોમળતાની સાથોસાથ ચોકસાઈ આવી છે.' મહાદેવ હતા ત્યારે બાપુ કહેતા કે 'મહાદેવે આશ્રમનું ગૌરવ વધાર્યું છે.' અને એમના ગયા પછી કહેતા કે, 'એમની ખોટ છ છ જણથી પુરાતી નથી.' (પૃ. ૬૯૪)

ચરિત્રકાર નારાયણને આનંદ છે પિતાની ગાંધીભક્તિની ફળશ્રુતિ પિતાને સાંપડેલાં ઈચ્છામૃત્યુની પ્રાપ્તિનો. મહાદેવે સતત પ્રાર્થ્યું છે બાપુ પહેલાંનું પોતાનું મૃત્યુ. ને મહાદેવને શ્રદ્ધા છે તેમ એની પ્રાર્થના કદી તરછોડાઈ નથી. મહાદેવને મુખે આ વાત સાંભળનારાઓએ જોયું મહાદેવનું ભીષ્મ સમું વિરલ ઇચ્છામૃત્યુ. ભીષ્મને એ સાંપડ્યું એમની અવિચળ પિતૃભક્તિની ફલશ્રુતિએ તો મહાદેવને ગાંધીભક્તિની.

મહાદેવનું મૃત્યુ તેના સમગ્ર જીવનનો હિસાબ પુરવાર થયું – કબીરની જેમ સ્વચ્છ ચાદર ઓઢીને ને તેને સ્વચ્છતર બનાવીને પ્રભુને સોંપીને. આથી જ તેમને અંતિમ અંજલિ આપતાં મશરૂવાળાએ લખ્યુંઃ 'ગાંધીજીના અવેજી બનવામાં એમના અવિકારનો કોણ ઇન્કાર કરી શકે એમ છે? જીવતા હતા ત્યારે તો એમણે બધી વાર એમનું પ્રતિનિધિત્વ કર્યું હતું ને મૃત્યુમાં એમના વતી ભાગ ભજવાતો હક તેઓ ખરેખર કમાયા હતા.' (પૃ. ૭૨૧)

'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' એ ગુલાબની અગ્નિમાં સમર્પિત થવાનીને અગ્નિનાં તેજને સુગંધ સાંપડ્યાની વિરલ કથા છે. જે છે તો એક સદભાગી પુત્રે પોતાની સાક્ષીમાં પિતાએ આપેલી જાતની આહુતિની કથા, પણ એમાં પિતા–પુત્ર બંને ઓગળ્યા છે; દેશભક્તિમાં, સ્વાતંત્ર્યની ગાથાના એ દેશકાળમાં ને એ દેશકાળને ઘાટ આપનાર મહાત્મા ગાંધીમાં. તેથી જ આ ચરિત્રગાથા માત્ર એક વ્યક્તિની કથા ન બનતાં ઐતિહાસિક કૃતિય બની છે.

❖

# ગાંધીકથા : લોકજાગૃતિ અને આત્મશુદ્ધિનો અદ્ભુત પ્રયોગ

ધીરુભાઈ ઠાકર

તમારા અભ્યાસ અને ઉપદેશમાં વ્યસ્ત ન રહો. તૈત્રીય ઉપનિષદ (11-1)

આવો માણસ આપણા દેશમાં એક હજાર વર્ષમાં થયો નથી. અને આગળ ઉપર કેટલાં વર્ષમાં થશે એ મને ખબર નથી. - ગોપાલ કૃષ્ણ ગોખલે

'ગાંધીકથા' એ સાદો પણ નવો શબ્દ છે. એ શબ્દ શ્રી નારાયણ દેસાઈએ છેલ્લાં પાંચેક વર્ષ દરમિયાન પહેલાં ગુજરાતમાં, પછી ભારતમાં અને છેલ્લે લગભગ વિશ્વભરમાં પ્રચલિત કર્યો છે. તેમના પિતા સ્વ. મહાદેવ દેસાઈએ ગાંધીજીની જીવનચર્યાને જેમ ડાયરીઓમાં હૃદય રેડીને ઝીલી હતી, તેમ નારાયણભાઈએ હૃદય રેડીને એ મહામાનવનું બૃહત ચરિત્ર લખ્યું છે. શ્રી નારાયણભાઈનો ગાંધીરસ ચરિત્રમાંથી રેલાઈને આ કથામાં ઊભરાઈ રહેલો આપણે અનુભવીએ છીએ. તેઓ કહે છે તેમ, ઉમંગની લહાણી અને સુખનો ગુણાકાર કરી આપતો આ ધન્ય પ્રસંગ છે.

ગાંધીકથાનો બાહ્ય અસબાબ જોતાં તે શ્રીમદ્ ભાગવતના પારાયણની કથા કે આખ્યાનકથાનો ભાસ ઊભો કરે. બંને સામાન્ય રીતે સાત દિવસ ચાલે છે; બંનેમાં ધૂન; આરંભે અને અંતે, તેમજ મહત્ત્વના રસબિંદુએ ગીત-ગાયનની યોજના હોય છે અને બીજી કેટલીક બાહ્ય વિગતોમાં પણ સામ્ય દેખાશે; પરંતુ તત્ત્વ અને તંત્રના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો બંને વચ્ચે નોંધપાત્ર ફેર દેખાશે.

ભાગવતકથાના શ્રવણનો ઉદ્દેશ મોક્ષ કે ધર્મલાભ, ગાંધીકથાનો ઉદ્દેશ આનંદ ઉપરાંત ઐહિક જીવનનો આત્મસુધારણા દ્વારા ઉત્કર્ષ. ભાગવતકથાનાં પાત્રો દિવ્ય-કલ્પિત હોય છે, ગાંધીકથાનાં તમામ પાત્રો વાસ્તવિક અને પરિચિત. ભાગવતકથાનું વાતાવરણ પૌરાણિક- અવાસ્તવિક, ગાંધીકથાનું વાસ્તવિક-નિતાંત પાર્થિવ. ભાગવતકથામાં ચમત્કાર આવે, ગાંધીકથામાં તેનો તદ્દન અભાવ. ભાગવતકથામાં કેવળ શ્રદ્ધાને આધારે અહોભાવયુક્ત પ્રતીતિ થાય, ગાંધીકથામાં શ્રદ્ધા અને તર્કના સમન્વયથી સત્યની આનંદજનક પ્રતીતિ થાય. ભાગવતકથામાં સ્થાપિત દેવ શ્રીકૃષ્ણ, ગાંધીકથામાં સત્ય. એકમાં મૃત્યુ પછી મળનાર સ્વર્ગ કે મોક્ષનું પ્રલોભન, બીજામાં મૃત્યુ પહેલાં ગુણવર્ધન દ્વારા જીવનસાર્થક્યનો સંતોષ; એકમાં ધૂન અવશ્ય કોઈ દેવની, બીજામાં ધૂન વિચારની. ટૂંકમાં ભાગવતકથાના વિષયવસ્તુથી બાહ્ય આયોજન સુધીનું બધું જ કલ્પિત, ગાંધીકથાનું બાહ્યાભ્યંતર આયોજન પૂરેપૂરું વાસ્તવિક. આમ હોવા છતાં ભાગવતકથાના કરતાં ગાંધીકથામાં પરોવાયેલ અધ્યાત્મસૂત્ર વધુ મજબૂત હોય એમ સંભવિત છે.

ગાંધીકથા એટલે ગાંધીજીના સમગ્ર જીવનની કથા. સહસ્રરશ્મિ સૂર્યના તેજબિંબમાંથી ફૂટતાં કિરણો જેમ એકસાથે સર્વ દિશાઓને અજવાળે છે તેમ ગાંધીજીના સચ્ચારિત્ર્યમાંથી ફૂટેલી તેજસરવાણીઓએ અર્વાચીન ભારતના રાષ્ટ્રદેહનાં ધર્મ, અર્થ, સમાજ, રાજકારણ, સાહિત્ય અને સંસ્કૃતિ – એમ સર્વ અંગોને પ્રકાશિત કર્યા છે. તેમનું જીવન અનેકવિધ સંઘર્ષો, સમાધાનો અને પરાક્રમોથી ભરપૂર છે. ભારતની પ્રજાનું જીવન તેમના જીવન સાથે ગૂંથાઈ ગયું હતું. સત્ય અને અહિંસા તેમના જીવનનાં ધ્રુવબિંદુઓ હતાં. સત્યના પ્રયોગો કેવળ રાજકારણમાં નહીં, જીવન સમગ્રને અનુલક્ષીને તેમણે કર્યા હતા. તેમને મન 'અહિંસા' સત્યનો પર્યાયવાચી શબ્દ હતો. તેમણે અહિંસાને જીવનશૈલી તરીકે અપનાવી હતી. એક વિદ્યાર્થીએ આપેલું વચન પાળ્યું નહીં, તેથી તેમને ક્રોધ ચડ્યો. પોતાના ગાલ પર ઉપરાઉપરી તમાચા મારીને ક્રોધ વ્યક્ત કરેલો. પિતા સમક્ષ ભૂલ કબૂલ કરી તેમાંથી અહિંસા શીખ્યા. તે સત્યને ઈશ્વર માનતા. ઈશ્વર સર્વત્ર છે એટલે સદ્ગુણ બધામાં હોય. બધાં પાપોની પાછળ કાંઈક સારું રહેલું છે એમ તે કહેતા. તેથી દુષ્ટ માણસમાં પણ કશુંક સારું હશે એવી શ્રદ્ધા રાખીને તે વ્યવહાર કરતા.

આ ગાંધીકથાની એક વિશેષતા એ છે કે તે અનેક ભૂલો અને મર્યાદાઓથી ભરેલા માણસના વિકાસની કથા છે. ગાંધી ઈશ્વર નથી. પણ એક વાર કરેલી ભૂલ તે બીજી વાર કરતા નથી એમ શ્રી નારાયણભાઈનું નિદાન છે. તેમના આ સ્વભાવગુણને કારણે ગાંધીજી પરદેશના 'ગ્લૅમર'માંથી મુક્ત થઈ શકે છે અને માતા સમક્ષ મદ્ય, માંસ અને પરસ્ત્રીગમનના નિષેધ અંગે લીધેલી પ્રતિજ્ઞાનું, અનેક અવરોધો વચ્ચે, પાલન કરી શકે છે. કથાકારે પારાયણના સાત દિવસ દરમિયાન મહાત્મા ગાંધીએ ભારતની આઝાદી માટે ખેડેલા સાત્ત્વિક પુરુષાર્થનું વિશ્લેષણ કર્યું છે તેના પર એક ઊડતી નજર નાખીએ.

પહેલે દિવસે શ્રી નારાયણભાઈએ કથાની ભૂમિકા બાંધતાં કેટલીક મહત્ત્વની વાત કહીઃ

**'ગાંધી ક્યાંક હશે ભારતમાં?'**

૧) ગાંધીજીની લાક્ષણિકતાઓ તારવી બતાવીઃ સત્યનિષ્ઠા, નિત્યવિકાસશીલતા, નિત્યજાગરૂકતા, સમગ્રપણે વિચારવું, માણસને માણસ તરીકે જોવો, સૌ કામ સરખાં ગણવાં, વંચિતોનો ખ્યાલ કરવો, ભ્રષ્ટાચાર કરવો નહીં ને સહેવો નહીં, ભોગવાદી ન બનવું, તત્ત્વ અને તંત્રનો ભેદ સમજવો.

૨) ગાંધીકથાનો ઉદ્દેશઃ ઉમંગની વહેંચણી ઉપરાંત પ્રજામાંથી ગાંધીની શોધ અને અસીમને સીમામાં બાંધવાનો પ્રયત્ન.

૩) ગાંધીજીએ આપેલો એક પ્રશ્નનો ઉત્તર : બૌદ્ધિકોની હૃદયશૂન્યતા જોઈને મને દુઃખ થાય છે.

## નિર્બલ કે બલ રામ

બીજે દિવસે કરેલા પ્રવચનમાં નીચેના મુદ્દાઓ ધ્યાન ખેંચે છે :

૧) ગાંધીજીની ત્રણ મોટી દેણઃ સત્યાગ્રહ, રચનાત્મક કાર્યક્રમ, એકાદશ વ્રત.
૨) તેમને મળેલી સત્ય અને અહિંસાની દીક્ષા.
૩) પરદેશમાં પ્રતિજ્ઞાપાલન.
૪) ઈશ્વરના સાક્ષાત્કાર અંગે મહાદેવભાઈ અને વિનોબાજી સાથે ચર્ચા દ્વારા થયેલી પ્રતીતિ.
૫) ૧૯૧૭માં ત્રંબકલાલ મજમુદારે કરેલી આગાહીઃ "મને એવો ભય છે કે કોઈક હિંદુ જ એને મારશે."

## સત્યાગ્રહનો જન્મ

ત્રીજે દિવસે શ્રી નારાયણભાઈ દેસાઈ બોલેલા, તેમાં નીચેના મુદ્દા ધ્યાનપાત્ર છેઃ

૧) પહેલો સંઘર્ષ રંગદ્વેષ અંગે બોટમાં. દાદા અબદુલ્લાને આ જુદી માટીનો માનવી લાગ્યો.
૨) સત્યાગ્રહનો જન્મ. પિટરમારિત્સબર્ગના સ્ટેશને બૅરિસ્ટર ગાંધીનું અપમાન. જેને ગાંધીજીએ the most creative incident કહ્યો છે.
૩) મિસિસ પોલાક અને ગોપાલ કૃષ્ણ ગોખલે અલગ અલગ પ્રસંગે કહે છે : આ માણસની પાસે જવાથી મનના બધા જ વિકારો શમી જાય છે.
૪) ખૂન કરવા આવેલો માણસ છરો આપી જાય છે.

## હિંદ સ્વરાજ

તેના નોંધપાત્ર મુદ્દાઓ :

૧) કૅલનબૅક પાસે ચંપલ સીવતાં શીખ્યા.
૨) સત્યાગ્રહ, સાધનશુદ્ધિ
૩) મીર આલમનો હુમલો
૪) ગિરમીટિયાની કૂચઃ અદ્ભુત નેતૃત્વ
૫) હિંદ સ્વરાજ

આ કથા અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશનને ઉપક્રમે યોજાયેલી છે એટલે ગાંધીમાં ઉત્તમ પ્રબંધક (manager) ના ગુણો હતા તે ચોથે દિવસે તારવી બતાવ્યા છેઃ લોકોને પોતાની જાળમાં લઈ આવે તે, પર્સનલ લવ (અંગત સ્નેહ), ઇમ્પર્સનલ લવ (પરલક્ષી પ્રેમ), સત્ય, ક્ષમા, સામાનો ગુણ જોવો, વ્યવસ્થા અને વ્યક્તિને જુદાં ગણવાં વગેરે.

## 'આજમા કે દેખો'

પાંચમે દિવસે કરેલી કથામાં નીચેના મુદ્દા ધ્યાન ખેંચે છે :

૧) ગોખલેજીએ ગાંધીજીને શિખામણ આપી : આંખકાન ખુલ્લાં રાખીને ફરજો. જાહેરમાં બોલશો નહિ. કુંભમેળામાં જજો. એક વર્ષ સુધી દેશદર્શન અને દેશને સમજવાનો પ્રયત્ન

કરજો.

૨) શાંતિનિકેતનમાં.

૩) મહાત્માનું બિરુદ સૌપ્રથમ જેતપુરના એક ભાઈએ, બીજા ગોંડલના રાજાએ અને ત્રીજા ગુરુદેવ રવીન્દ્રનાથે તેમને આપ્યું હતું.

૪) રાજકારણનું અધ્યાત્મીકરણ. સાધનશુદ્ધિ. માનવસેવા દ્વારા ઈશ્વરસેવા કરવાની હોંશ.

૫) અમદાવાદમાં આશ્રમની સ્થાપના. આરંભમાં જ એક હરિજનકુટુંબ રહેવા આવતાં ઊભી થયેલી મુશ્કેલી.

૬) મજૂરો અને મિલમાલિકોનો ઝઘડો. આનંદશંકર ધ્રુવ લવાદ.

૭) ત્રણ સત્યાગ્રહો પછી ૧૯૪૭ સુધી દરેક દાયકે એક આંદોલનનું આયોજન.

૮) દાંડીકૂચ : મીઠાનો સત્યાગ્રહ, ત્યાગ અને સમર્પણના રોમાંચક કિસ્સાઓ.

**'મારે કોઈ શત્રુ નથી'**

છઠ્ઠા દિવસે કહ્યું કે ગાંધીજીએ સત્યાગ્રહનું સંચાલન હાથમાં લીધું (૧૯૩૦) તેમાં રચનાત્મક કાર્યક્રમ ભળ્યો એટલે વિનોબા જેવા મુમુક્ષુ કે મશરૂવાળા અને મહાદેવભાઈ જેવા દેશભક્તો જોડાયા. બીજા મુદ્દા નીચે મુજબ :

૧) બિહારની ગરીબીથી દ્રવીને ગાંધીજીએ પંચપસારનાં કપડાં તજીને લંગોટ અને ઉત્તરીય ધારણ કર્યાં.

૨) મૌન, ઉપવાસ, પ્રાર્થના, સૂત્રયજ્ઞઃ એ આંતરિક તાકાત પર ભાર મૂક્યો.

૩) મતભેદ : સુભાષબાબુ, આંબેડકર અને ક્રાંતિકારીઓ. સુભાષબાબુએ ગાંધીજીને 'રાષ્ટ્રપિતા' સંબોધન પ્રથમ વાર કર્યું. આંબેડકરના ક્રોયુક્ત પ્રહાર 'થેંક યુ સર' કહીને ગાંધીજીએ માથે ચડાવ્યા. ૧૧૦૦ જેટલા હિંસામાં પકડાયેલા ક્રાંતિકારીઓને ગાંધીજીએ છોડાવ્યા. ભગતસિંહને છોડવા માટે ગાંધીજીએ વાઇસરૉયને છ વાર ભલામણ કરી હતી.

૪) 'હિંદ છોડો' આંદોલન. ગાંધીજી અને સાથીઓની ધરપકડ.

૫) મહાદેવભાઈનું જેલમાં અવસાન.

**'હે રામ!'**

સાતમે પૂર્ણાહુતિને દિવસે શ્રી નારાયણભાઈએ ઘણી મહત્ત્વની વાત કરી. ગાંધીના જીવનનો કરુણમાં કરુણ દિવસ દેશના વિભાજનનો – ભારતની આઝાદીની પ્રાપ્તિનો દિવસ હતો. ગાંધીને અંધારામાં રાખીને ભાગલા સ્વીકારનાર કોંગ્રેસના નેતાઓએ નિર્દોષ પ્રજાજનોના મહાવિનાશનું ઘોર પાતક વહોર્યું હતું. જોતજોતાંમાં વૈરનો અગ્નિ કોલકાતા, નોઆખલી, બિહાર, પંજાબ, ઉત્તરપ્રદેશ અને આખા ઉત્તર ભારતમાં ફરી વળ્યો. ગાંધીને કોઈકે આત્મવિલોપનની સલાહ આપી.

ગાંધીજીએ કહ્યું, 'મારે માટે ઉપવાસ એ આત્મવિલોપનનો માર્ગ છે. તેને માટે

અંતરાત્માનો આદેશ મળવો જોઈએ.'

કથાકાર કહે છે તેમ, ગાંધી યુગપુરુષ—યુગપ્રવર્તક હતા, જૂના યુગનું ફળ અને નવા યુગનું બી સમાજને આપનાર હતા. રામકૃષ્ણ પરમહંસે પોતાના વ્યક્તિગત જીવનમાં અનુભવ્યું તે ગાંધીએ રાષ્ટ્રને અનુભવવા આપ્યું. તેમની મકસદ સત્યને સામાજિક મૂલ્ય બનાવવાની હતી. પ્રેમના પ્રયોગથી દુનિયાને બદલવી હતી. દેશના નેતાઓ થાકી ગયા હતા. પણ આ અદ્‌ભુત વ્યક્તિ – જેને લૉર્ડ માઉન્ટબૅટને 'વન મેન્સ રેજિમેન્ટ' કહેલ તે – દેશના ભાગલા ન થાય તે માટે ફરી એક લડાઈ લડવી પડે તો લડવા તૈયાર હતા. ભાગલાના વિકલ્પમાં ઝીણાને વડાપ્રધાન બનાવીને તેમની પસંદગીના પ્રધાનમંડળ દ્વારા શાસન કરે એવી યોજના ગાંધીજીએ આપેલી તે પરદેશી નોકરશાહીએ દબાવી રાખેલી. છેલ્લે અંગ્રેજો જાય તે પછી વિભાજન કરવાનું તેમણે સૂચન કર્યું હતું તે પણ ન સ્વીકારાયું. ભારતનો પ્રાણ જાણે દુર્ધ્વવાર્તિરોષઃકુળો । એવી નિઃસહાય સ્થિતિમાં અરણ્યરુદન કરી રહ્યો હતો.

શ્રી નારાયણભાઈની કથનરીતિ પ્રત્યક્ષ અવબોધ કરાવતા કથાકારની રહી છે. કથનમાં વાતચીતની કુદરતી છટા અને ઠોક આવ્યાં છે. તેમના વાકપ્રવાહમાં અનેક અંગ્રેજી શબ્દો, શબ્દગુચ્છો અને વાક્યો પૂરમાં તણાતાં પાંદડાં-ડાંખળાં અને લાકડાંની જેમ તણાય છે. લેખનના શિસ્તભંગનું જોખમ લઈને પણ તેમને એ કથનની ધાટી આવશ્યક લાગી છે. આજે ગાંધીજીના જીવન અને તેમની નાનીમોટી પ્રવૃત્તિઓની સૌથી વિશેષ જાણકારી શ્રી નારાયણભાઈ પાસે છે. ગાંધી વિષયમાં તેમના જેટલી અધિકૃતતા ને પ્રમાણભૂતતા ધરાવતી હકીકત ભાગ્યે જ બીજા કોઈ સ્રોતમાંથી પ્રાપ્ત થાય.

ગાંધીનો સંદેશ છેલ્લામાં છેલ્લી હરોળ સુધી પહોંચાડે તેવું સુગ્રાહ્ય સાધન આ કથા છે એવું શ્રી નારાયણભાઈએ પ્રત્યક્ષ દાખલાથી બતાવી આપ્યું છે. આ 'નારાયણ કવચ'ના પ્રયોગની પરંપરા ભારતમાં બંધાય તો કેવું સારું? તેને માટે બીજી હરોળ તૈયાર કરવાની જરૂર છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરતી સંસ્થાઓએ આ લોકસેવાનો પ્રકલ્પ ઉપાડી લેવો જોઈએ.
શ્રી નારાયણભાઈ દેસાઈને આ લોકજાગૃતિ અને આત્મશુદ્ધિના અદ્‌ભુત સાધનનો ઉત્તમ ઉપયોગ કરી બતાવવા બદલ હાર્દિક અભિનંદન આપું છું. ગાંધીનો સ્વાધ્યાય કરવાની તક આપવા બદલ અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશનનો આભાર માનું છું.

❖

# ગાંધીકથાના કેટલાંક રસપ્રદ અંશો

નારાયણ દેસાઈ

## સ્પર્શ બાપુનો

જ્યાં આગળ સાબરમતી નદીમાં બાપુ સાથે માત્ર નાહ્યા જ નથી, પણ પાણીની છાલકો એકબીજાને મારી છે, જ્યાં અમારે તો એમની સાથે ચાલતાં દોડવું જ પડે એવી એમની ૬૦-૬૨ વર્ષની ઉંમર. એનાથી ૫૬ વર્ષ નાનો આ બાબલો. એના ખભા પર હાથ રાખીને રોજ સવાર-સાંજ આશ્રમથી નીકળીને સાબરમતી જેલના દરવાજાને હાથ અડાડીને પાછા આવે એ અનુભવ કેટલો પ્રબળ હશે એની જાણ મને થઈ એના કરતાં અહીંથી ૧૩ હજાર માઈલ દૂર ઇક્વાડોર દેશમાં થઈ. એક આધેડ ભાઈ ગ્વાયાકિલની સભામાં આવેલા અને સભા પૂરી થયા પછી બધા અભિનંદનો આપે એમ એ ભાઈ પણ આવ્યા અને અભિનંદન આપવા હાથ લાંબો કર્યો, મેં પણ હાથ લાંબો કર્યો અને બે હાથે એમણે મારો હાથ પકડી લીધો. પછી એ હાથ છોડે જ નહીં અને હલાવ્યા કરે. હું કહું બસ; બહુ થયું. હું અંગ્રેજીમાં બોલું એનો સ્પૅનિશ અનુવાદ થાય ત્યારે એ સમજે. પણ એને અંગ્રેજીના બે શબ્દો આવડતા હતા. હાથ પકડી આટલું જ કહે, 'થેંક્યુ, થેંક્યુ, થેંક્યુ, થેંક્યુ.' હાથ હલાવ્યા જ કરે, છોડે જ નહીં. એટલે દુભાષિયાને બોલાવ્યો અને પૂછ્યું કે આ કેમ આમ કરે છે? પેલા ભાઈએ કહ્યું તમે તમારા ભાષણમાં એમ નહોતું કહ્યું કે તમે જ્યારે ૫-૭ વર્ષના હતા ત્યારે તમારા ખભા પર હાથ મૂકીને રોજ સવારે ગાંધી ચાલતા હતા! મેં કહ્યું, "હા, અનુવાદ તો બરાબર થયો છે, એમનું કહેવું હતું કે ગાંધીના હાથ જેના ખભાને અડ્યા છે એના હાથને અડીને મારે થેંક્યુ કહેવું છે, જેથી એનું સ્પંદન મને અનુભવાય.

## ગાંધી વિષે કંઈક કહો

ઇઝરાયલ દેશમાં આરબ લોકો સંજોગો મુજબ લઘુમતીમાં છે. બાકી નાગરિકો કરતાં એકંદરે આર્થિક રીતે, શૈક્ષણિક રીતે એમની સ્થિતિ ત્યાં ઊતરતી, સામાન્ય. એક આરબ ગામમાં હાઈસ્કૂલના ભોંયતળિયામાં અમારી કોઈક શાંતિ અંગેની આંતરરાષ્ટ્રીય મિટિંગ હતી. એ મિટિંગ વખતે જ કોઈકે ત્યાં ગાંધીજીનાં ચિત્રોનું પ્રદર્શન ગોઠવેલું હતું. હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલે કહ્યું હશે કે રિસેસ વખતે તમે પ્રદર્શન જોજો – એક ધાડું આવ્યું અને ઘંટ વાગ્યો એટલે બધાં પાછાં ગયાં. પણ થોડીક છોકરીઓ ૧૧, ૧૨, ૧૩ વર્ષની હશે - એક ખૂણામાં, ઊભી રહી ગઈ. એ ૫-૭ છોકરીઓ. અમારી મિટિંગ તો પૂરી થઈ ગઈ હતી. પણ મને રસ પડયો કે બીજાં બધાં ચાલ્યાં ગયાં અને આ છોકરીઓ કેમ ન ગઈ ! મારા કરતાં એ લોકોને વધારે રસ પડયો. એ છોકરીઓ ધીરે ધીરે મારી તરફ આવવા માંડી. અમે બધા ઘણા

લોકો હતા. મને આવીને સીધું પૂછે છે – એને થોડું થોડું અંગ્રેજી બોલતાં આવડતું હતું. તમે હિન્દુસ્તાનના છો? હું વેશભૂષા વગેરે કંઈ આની આ પહેરીને નહોતો ગયો. તોપણ ઓળખી શકાયો. મેં કહ્યું કે હા, તો બીજો જ પ્રશ્ન : ગાંધીને જોયા છે? અરે, આણે તો બીજો જ પ્રશ્ન આમ પૂછ્યો? મેં કહ્યું, 'માત્ર મેં ગાંધીને જોયા જ નથી પણ હું એમના એક આશ્રમમાં ૧૨ વર્ષ ને, બીજામાં ૧૧ વર્ષ ગાળી ચૂક્યો છું અને ૧૦ વર્ષ તો એમની સાથે હતો. મેં એને જરા વધારે કોણીએ ગોળ વળગાડેલો. પણ એણે તો જાણે નિબંધ લખવાનો હોય એવો એક પ્રશ્ન પૂછ્યોઃ 'તો તમે મને ગાંધી વિષે કંઈક કહો.' ૧૫ મિનિટમાં ગાંધી વિષે એક નિબંધ - ૧૫ લીટીમાં - એના જેવું. 'તો તમે મને ગાંધી વિષે કંઈક કહો.' હું મૂંઝાઈ ગયો.

હવે મારે આ ૧૨ વર્ષની એક આરબ છોકરી, જે સરખું અંગ્રેજી નથી બોલતી એ છોકરી મને કહે છે કે તમે મને ગાંધી વિષે કંઈક કહો, તો મારે શું કહેવું? તો મને ગાંધીજીની જે વાત તે વખતે વધારેમાં વધારે સૂઝી તે મેં એને કહી. તારા કરતાં અડધી ઉંમરનો હું હતો ત્યારે પણ ગાંધીજી અમારી સાથે એવી રીતે વર્તતા હતા કે જાણે અમે કોઈક વ્યક્તિ છીએ, કોઈક માણસ છીએ. માણસ તરીકે વર્તતા હતા. તો આટલી વાત ગાંધીજી વિષે કરી. એણે મને આશ્ચર્યચકિત તો એ કરી દીધો કે એણે તરત જ કહ્યું, 'હં, હવે હું સમજી.'

મેં કહ્યું, 'શું સમજી?'

'મારી મા મને હંમેશાં એમ કેમ કહે છે કે મોટી થઈને તું ગાંધી જેવી થજે.' આ ઇઝરાઇલ દેશની એક આરબ કન્યા. એની મા એને એમ કહે છે કે મોટી થઈને તું ગાંધીજી જેવી થજે..

## ગાંધી મારો દોસ્ત

એ ગાંધીએ મને, મારા જેવાઓને તો નાનપણમાં કદાચ સૌથી વધારે કોઈ વસ્તુ આપી હોય તો તે દોસ્તી આપી છે. બિલકુલ બીજા કોઈ અર્થમાં નહીં. દોસ્તીના અર્થમાં દોસ્તી. અમારી સાથે રમ્યા હોય, જમ્યા તો હોય જ. પણ કોઈક વાર આવીને કાનમાં પૂછી જાય કે તમે જે નાટક કરવાના છો તેમાં મારો કોઈ ભાગ છે? મને કોઈ પાત્ર આપ્યું છે? અમને આવીને આવું પૂછી શકે એવી દોસ્તી. સૌથી વધારે તો એ કે એની સાથે નિઃસંકોચ લડી શકાતું. જેની સામે નિઃસંકોચપણે લડી શકીએ એ દોસ્ત. આને કંઈ ખોટું લાગવાનું નથી, ખરાબ નથી લાગવાનું. આપણે એની સાથે બરાબર લડી શકીશું એવો ભાવ.

પછી તો ગાંધી મારા Task Master હતા. પછી ૧૦ વર્ષ જે કામ કર્યું છે એમની સાથે તે વખતે બરાબર Task Master. તે વખતે પણ કિશોરવય જ હતી. પણ ઝીણી ઝીણી બાબતોમાં પણ ધ્યાન રાખવાનું હોય. પછીનાં ૫૦-૬૦ વર્ષો એમની શારીરિક હાજરી વિનાનાં પણ એમના માર્ગદર્શનમાં જ ગયાં. આ બધાનો કોઈ ટોટલ-સરવાળો કરવો હોય,

એક શબ્દમાં કહેવું હોય તો તે છે ઉમંગ. આમાંથી ઉત્પન્ન કંઈ થયું હોય તો એ ઉમંગ છે.

અને એટલે ગાંધીકથા કરવાનું પ્રયોજન શું એમ મને લોકો પૂછતા હોય છે, તો દરેક જગાએ જુદા જુદા જવાબો આપું છું. કારણ કે એક કરતાં વધારે પ્રયોજનો છે. પણ જો સૌથી વધારે ધક્કો જો કોઈ લાગ્યો હોય તો તે મારા ઉમંગનો તો છે. મારા એ ઉમંગની વહેંચણી કરવી છે. રવિશંકર મહારાજ કહેતા સુખ વહેંચવાથી વધે છે, દુઃખ વહેંચવાથી ઘટે છે. વિનોબા ગણિતશાસ્ત્રી એટલે એ કહેતા સુખ વહેંચવાથી ગુણાકાર થાય છે, દુઃખ વહેંચવાથી ભાગાકાર થાય છે. આ સુખનો ગુણાકાર કરવા માટેની ગાંધીકથા છે, એટલે કે મનના ઉમંગની લહાણી કરવાની છે.

## આશીર્વાદ પણ કેવા?

આજે ગાંધીની લાક્ષણિકતાઓની વાત કરવી છે. એમાં એક લાક્ષણિકતા એ છે કે ગાંધી એ નિત્યવિકાસશીલ હતા. હું અત્યારે જે પ્રસંગ કહું છું તે મારી દૃષ્ટિએ જૂનો છે. એ એવા કાળનો છે કે જયારે આશ્રમમાં જનોઈ દેવાતાં અને મને જનોઈ દીધેલું. મારા કાકા પરમાનંદ એમની ઉંમર મારા કરતાં બે-ત્રણ વર્ષ મોટી. એ પણ બટુક. બીજી બે બહેનો. મારી એક ફોઈ નિર્મળા. એનાં લગ્ન અને ગાંધીજીની પૌત્રી મનુબહેન ગાંધીનાં લગ્ન. પણ તમે જે પુસ્તકો નીચે નામ જોશો મનુબહેન ગાંધીનાં તે મનુબહેન નહીં. એ મનુબહેન જયસુખલાલ ગાંધી. આ હું મનુબહેન હરિલાલ ગાંધીની વાત કરું છું. એ મનુબહેન અને નિર્મળા એમ એ બે દૂ ચાર અને અમે બે બટુકો. એમ છ જણાંનો માંડવો તો હતો જ નહીં, પણ જે હતો તે એક ઘરમાં બધા ભેગા. ખાનગીમાં કહી દઉં. લગ્નદીઠ સરેરાશ ખર્ચ ૬ રૂપિયા થયો હતો. લગ્ન પછી પાછા ગાંધીજીએ ભેટ આપી એમની નિશ્રામાં લગ્ન, છ જણને બબ્બે ચોપડીઓ આપી. ચોપડી તો એકની એક જ હતી બધાની પાસે. એમાં એક 'આશ્રમ ભજનાવલિ' અને બીજી 'અનાસક્તિયોગ'. પણ છ જણને કુલ બાર નકલો આપી. દરેકને બબ્બે. આ માણસની ખૂબી એ કે બારે બાર નકલમાં બાર જુદા જુદા સંદેશા લખીને સહી કરી આપી. બાકીના દસમાં શું લખ્યું તે મને કંઈ યાદ નથી. અને આ ઘટનાને તો સિત્તેરેક વર્ષ થયાં હશે. પણ મને અપાયેલાં બે પુસ્તકમાં શું લખ્યું'તું, તે બરાબર શબ્દશઃ યાદ છે. 'આશ્રમ ભજનાવલિ'માં જે એમણે લખ્યું હતું તે જરા સહેલો કાર્યક્રમ હતો, કે આનાં બધાં ભજનો સમજીને યાદ કરી લેજે. એક એક શબ્દમાં એક એક order હતો. બધાં, એક-બે છૂટી જાય તે નહીં ચાલે. સમજ્યા વિના ગોખી લે તો નહીં ચાલે. સમજીને યાદ કરી લેજે. પણ એ આદેશ જરા સહેલો હતો. 'અનાસક્તિયોગ' તો મને જયારે અપાઈ હતી, ત્યારે હું સમજું એવી ચોપડી જ નહોતી. એમાં એમ એમણે નહોતું લખ્યું કે સમજી લેજે. પણ એમાં એમણે જે લખ્યું'તું. તેને હું તો મહાવાક્ય કહું છું. સંસ્કૃતમાં તો મહાવાક્યો કેટલાં ટૂંકાં હોય છે અને અર્થમાં ઊંડાં હોય છે. સોઙમ્.

બબ્બે શબ્દો. એનું પાછું સમસ્ત પદ. અને એના અર્થની હજારો વર્ષોથી વ્યાખ્યા જ થયા કરે છે. આ મહાવાક્ય હતું જરા લાંબું. મને 'અનાસક્તિયોગ'ની નકલ જે અપાઇ હતી એમાં લખ્યું હતું, "તારે વિષે જે આશાઓ રાખી છે તે પૂરી કરજે."

બાપ રે ! કોણ જાણે આ ડોસાએ શું આશા રાખી હશે? એટલે જિંદગીના દરેક વળાંક વખતે એ યાદ આવે કે 'તારે વિષે જે આશા રાખી છે તે પૂરી કરજે.' ૧૯૪૨નું આંદોલન આવ્યું તો આપણે વિષે શું આશા રાખી હશે? અઠવાડિયામાં પિતાશ્રી જેલમાં ગુજરી ગયા. તો હવે તારે વિષે શું આશા રાખી હશે? પાછળથી લગ્ન કરવાં કે નહીં કરવાં. મારે વિષે શું આશા રાખી હશે? કંઈ કંઈ પ્રશ્નો. જ્યારે પ્રશ્નો આવે ત્યારે પેલું મહાવાક્ય હાજર હોય. તારે વિષે શું આશા રાખી હશે? તારે વિષે જે આશા રાખી છે તે પૂરી કરજે. હવે, આ સંદેશો એમણે એકલા બાબલાને જ આપ્યો હશે? આપણામાંથી જેણે જેણે એમને રાષ્ટ્રપિતા કહ્યા હશે એ સૌને આજથી સત્તાવન વર્ષ પહેલાં આ સંદેશો નહીં આપી ગયા હોય કે 'તારે વિષે જે આશા રાખી છે તે પૂરી કરજે?'

## દેશની સૌથી મોટી સમસ્યા કઈ?

એક વાર ડૉ. મોટ નામના એક જણે પૂછ્યું કે તમારા મનમાં આ દેશની સૌથી મોટી સમસ્યા શું? એણે તો જવાબ પણ મનમાં મનમાં વિચારી રાખેલો હશે કે ગાંધીજી એમ કહેશે કે આ દેશ ગુલામ છે એટલે સૌથી મોટો કોયડો હોય તો ગુલામીનો. કોઈકે વળી જરાક બીજો વિચાર કર્યો હોય તો, એમ વિચાર કર્યો હશે કે આ દેશની ગરીબી. પણ ગાંધીજીએ કહ્યું કે મને તમે આ દેશની સૌથી મોટી સમસ્યા પૂછો છો ને! તો કહે છે કે બૌદ્ધિકોની હૃદયશૂન્યતા. મધ્યમ વર્ગના જે intellectuals છે એ લોકોની callousness. અંગ્રેજોમાં આ વાર્તાલાપ થયેલો એટલે મેં અંગ્રેજી શબ્દ વાપર્યો. Callousness of intellectuals. આજે એ સમસ્યા પ્રસ્તુત છે કે નહીં એ જરા વિચારજો. જો આપણે આજે નસીબનો દોષ દેનારા ગરીબને જોતા હોઈએ તો ગાંધી પ્રસ્તુત. Callousness of intellectuals, જો આપણને દેખાતી હોય તો આપણે માટે ગાંધી પ્રસ્તુત. બૌદ્ધિકને શું સમસ્યા લાગે છે? ફલાણો કેમ વાઇસ ચાન્સેલર થઈ ગયો અને હું કેમ રહી ગયો? એટલું જ લાગે છે પણ એથી વધારે સામાજિક પ્રશ્નને વિષે એ પ્રમાણમાં ઉદાસીન છે. એનાથીય ઉપલા વર્ગના, જે વર્ગ પણ હવે તો થોડો મોટો થતો જાય છે, એની તો Invisible જેવી સ્થિતિ. એને તો ખબર જ નથી કે કોઈ બીજી દુનિયા છે. તમે આપણાં સૌથી પ્રતિષ્ઠિત એવાં છાપાંઓને જોશો, એના ગ્લોસી કાગળો ને એની અંદર મોટા ભાગની જગ્યા જે જાહેરખબર રોકતી હોય છે એ જાહેરખબરોને આપણે જોઈશું તો આ દુનિયામાં રંગીન ટી.વી.ઓ જ દેખાશે. બધા દાખલાઓ આપીશ તો તમને લાગશે કે આ બધા outdated દાખલાઓ આપે છે એટલે હું દાખલાઓ આપવાની

હિંમત નહીં કરું, કારણ કે મને બધી ટેક્નૉલૉજીના શબ્દો પણ ખબર નથી. પણ એનો જ એને ખ્યાલ છે, પણ એના કરતાં ઘણો મોટો સમુદાય આપણા દેશમાં છે કે નહીં તેના વિષે જ જાણે શંકા હોય એવી રીતનું એનું માનસ. પાસેથી જ જતા હોઈએ પણ એ દેખાય નહીં. Invisible manની વાત જ એ છે કે એને નજર સામે હોવા છતાં દેખાય જ નહીં.

## નિત્યવિકાસશીલતાની નો ગાંધીગુણ

આ માણસ એ પોતે જ લખી ગયો છે કે મારાં જો કોઈ બે વાક્યોમાં તમને મેળ થયેલો ના દેખાય અને તમને ખાતરી હોય કે મારું ભેજું સલામત છે તો પાછલી વાત માનજો, આગલી વાતને ભૂલી જજો. આ કોણ કહી શકે ? જેને એટલી ખાતરી હોય કે મેં આજે એક કહ્યું છે અને આવતી કાલે જો હું બીજી વાત કરીશ તો એ બીજી વાત સુધી હું આગળ વધેલો હોઈશ. એવા આત્મવિશ્વાસવાળો માણસ જ આ કહી શકે. નહીં તો આવતી કાલે કદાચ પાછળ ગયો હોય તો ! નિત્યવિકાસશીલતા એ ગાંધીનો એક એવો ગુણ છે કે ઘણી વાર એને વિષે સમજવાનો પ્રયત્ન કરનારા પણ એને અંગે થાપ ખાઈ જાય. તેથી કોઈક કોઈક વાર તો સાવ જૂનાં અવતરણો આપીને કહેવામાં આવે છે કે ગાંધીએ અમુક અમુક કહેલું · દાખલો જ જો આપવો હોય તો મને તો પ્રાથમિક શાળાનાં છોકરાંઓ કોઈક વાર પૂછે કે હેં ગાંધીજી નાના હતા ત્યારે બીડી પીતા હતા? આપણે ત્યાં પાઠયપુસ્તકમાં ગાંધીને વિષે ભણાવવામાં આવેલું જ્ઞાન. ગાંધીજી નાના હતા ત્યારે બીડી પીતા હતા? ગાંધીએ kettleનો સ્પેલિંગ ખોટો લખ્યો'તો? એવા અનેક દાખલાઓ અપાતા હોય છે. મોટા રાજકારણી લોકો પાછા દાખલા આપતા હોય છે. ગાંધીજી વર્ણાશ્રમમાં જ માનતા હતા અને તેને લીધે બધાં ઘણાં અનિષ્ટો થયાં. એમાં પાછી ખૂબી એ છે કે ટીકા કરવામાં આશ્રમને તો એમણે બાજુએ રાખી દીધો હોય છે. અને તેમની આપત્તિ હોય તો વર્ણ વિષેની છે. પણ એ ભૂલી જાય છે કે જે વખતે બિલકુલ શરૂઆતમાં પણ ગાંધીજીએ વર્ણાશ્રમ અંગેનો ઉલ્લેખ કર્યો છે ત્યારે પણ એમણે વર્ણ અને જાતિને બેયને જુદાં કરીને બતાવ્યાં હતાં.

એમણે કહ્યું હતું કે જાતિ એ અનિષ્ટ છે, તે જવી જોઈએ. પણ વર્ણની એમને ઉપયોગિતા દેખાઈ હતી. હું તો એનો ભુક્તભોગી છું. મેં કહ્યું કે જનોઈ દીધાં હતાં અને તે ઉંમરમાં આશ્રમમાં લગ્નો પણ થતાં. મારાં ફોઈનું લગ્ન પણ અનાવિલ જાતિના જ એક ભાઈ સાથે થયું હતું. આશ્રમમાં પણ એક જાતિનાં લોકોનાં લગ્ન થતાં અને ગાંધીજીની નિશ્રા હેઠળ થતાં. ગાંધીજીના આશીર્વાદ પણ મળતા હતા. મને ભુક્તભોગી એટલા માટે કહું છું કે જ્યારે મારાં લગ્નનો પ્રસંગ આવ્યો ત્યાં સુધીમાં ગાંધી બદલાઈ ગયેલો. એણે મરણના દસેક વર્ષ પહેલાં એવી પ્રતિજ્ઞા લઈ લીધેલી કે બે પાત્રોમાંથી એક સવર્ણ હોય અને બીજું પાત્ર ગાંધીના શબ્દોમાં કહું તો હરિજન હોય તો જ હું એ લગ્નમાં હાજરી આપીશ. નહીં તો હું એ લગ્નમાં હાજરી આપીશ નહીં. આ જાતિવ્યવસ્થાનો છેદ કરવા માટેનું ગાંધીનું પગલું હતું. પણ ગાંધી

તો જાતિનો સમર્થક હતો એમ કહીને quote કરતા હોય છે તેને માટેનો આ દાખલો કહું છું. દીકરા માટે તો અપવાદ ન જ થાય મારાં લગ્ન કરવાનો જ્યારે વિચાર ચાલતો હતો, અલબત્ત સૌથી વધારે તો મને જ એ વિચાર હતો! પણ મારી બા પણ મારે માટે વિચાર કરતી'તી, ત્યારે એને એમ વિચાર આવ્યો કે બાબલાનાં લગ્ન હોય અને બાપુ ન હોય! મારા પિતાશ્રી તો વરસો પહેલાં ગુજરી ગયેલા. અમારા ઘરમાં કોઈના આશીર્વાદ જો મળે એમ હોય તો બાપુના જ મળે અને એ લગ્નમાં હાજર ન રહે!

એટલે મારી બાએ એક વચેટિયો શોધી કાઢ્યો અને તે નરહરિ પરીખ. નરહરિભાઈએ ગાંધીજીને કહ્યું, 'બાપુ, તમારી સાથે મારે પ્રાઇવેટ વાત કરવાની છે.'

એમની પાસે પ્રાઈવેટ વાત કરનારાઓ તો ૧૫ થી ૨૫ વર્ષના જ હોય. આ તો એમના દીકરાનાં લગ્ન ગોઠવવા માટેની વાત કરનાર માણસ હતો, ૫૦ વટાવી ગયેલો. હવે બાપુ વિનોદનો મોકો મળતો હોય તો વિનોદ કર્યા વિના ન રહે, એટલે કહે કે 'હેં નરહરિ, તમારે આટલી ઉંમરે હજુ પ્રાઇવેટ વાત કરવાની છે?'

તો નરહરિભાઈ પણ ક્યાં કમ હતા? 'હા, મારે પ્રાઇવેટ વાત કરવાની છે!'

'સારું ત્યારે, નરહરિને પ્રાઇવેટ વાત કરવાની છે એટલે બાકી ફરવા જનારા થોડા પાછળ રહેજો.' નરહરિભાઈ બાપુની સાથે આગળ ચાલે છે, બાકીના થોડા થોડા પાછળ ચાલે. એટલે પ્રાઇવસી આવી ગઈ. ઈન કૅમેરા મિટિંગ.

નરહરિભાઈએ માંડણી કરી. બે વાણિયાઓની બરાબર ચર્ચા ચાલતી હતી. 'બાપુ, મારે આજે એક એવા વિષયની વાત કરવાની છે કે જેનાથી મને તો ખૂબ આનંદ થયો છે, પણ આપને આનંદ થશે કે નહીં તે મને ખબર નથી.'

આમ પ્રસ્તાવના એવી કરી કે બાપુએ તરત જ કહ્યું કે 'નરહરિ, હજુ એવા વિષયો છે કે જેમાં તમને આનંદ થાય અને મને ન થાય! તમને આનંદ એટલે મને આનંદ થશે જ, એમ માની લેજો.' તો કહે છે કે બાબલાએ લગ્ન કરવાનો વિચાર કર્યો છે. આ બાબલાએ એક કરતાં વધારે વાર અનુભવ્યું છે કે એનો ઉલ્લેખ આવે ત્યારે મહાત્મા ગાંધી ઘરડા થઈ જતા. એટલે કહે કે 'હેં, બાબલો લગ્ન કરવા જેવડો થઈ ગયો?'

હવે બાબલો તો પોતાને વર્ષો પહેલાંથી લગ્ન કરવા જેવડો માનતો હોય, પણ ગાંધીજીને એમ જ લાગતું હોય કે છોકરો તો નાનો છે! એટલે નરહરિભાઈ કહે કે 'હા, હા, એણે તો કન્યા પણ શોધી રાખી છે.' 'કોણ છે?' એટલે એની ઓળખાણ આપી. તેઓ એને ઓળખતા નહોતા. પણ એ કન્યાનું કુટુંબ જાણીતું હતું. એટલે કુટુંબની વાત કરી. એટલે કહે, ઓહો, એ તો બહુ સારું કુટુંબ છે એટલે બહુ આનંદનો વિષય છે.'

નરહરિભાઈ કહે કે 'પણ...'

'હજુયે પણ છે?'

'આપની પ્રતિજ્ઞાનું શું?'

હવે પછી ગાંધીને વધુ કહેવું ન પડયું. હં.. મારી બાનું નામ દુર્ગા. એટલે તરત જ કહે, 'હાં, દુર્ગાએ તમને કેમ મોકલાવ્યા છે તે હવે હું સમજ્યો.' દુર્ગાએ મોકલાવ્યા હશે એ બધું એમણે ગૃહીત કરી જ લીધું કે તેમને દુર્ગાએ જ મોકલ્યા હોવા જોઈએ અને પછી એમણે જે કહ્યું એ તો આજના આપણા રાજકારણી લોકોએ સમજવા જેવું છે. નરહરિભાઈને શું સમજાવવાનું? પણ એમણે એમ કહ્યું, ''બાબલો તો આપણો દીકરો કહેવાય. અને દીકરો છે એટલે એને માટે તો અપવાદ થઈ જ ન શકે. બીજા કોઈને માટે તો અપવાદ કદાચ કરીએ પણ ખરા પણ પોતાના દીકરાને માટે તો અપવાદ થઈ જ ન શકે.'

આઝાદી મળી ત્યારથી આપણે જો જોતા હોઈએ તો દીકરા માટેના જ અપવાદો જોઈએ છીએ. એટલે હું કહેતો હતો કે કદાચ આપણા રાજકારણીઓને એ વધારે જાણવા જેવી વાત છે. નરહરિભાઈનું મોં જરા પડેલું લાગ્યું. તે જોઈ તરત જ કહે છે, 'એટલે દુર્ગાને કહેજો કે બાબલાને મારા આશીર્વાદ મળશે, મારી હાજરી નહીં મળે.' ને બાપુ મારા લગ્નમાં હાજર નહોતા રહ્યા.

## તે વસ્તુને સમગ્રતાથી જોતા

ગાંધીજીની એક બીજી લાક્ષણિકતા. એ વસ્તુને સમગ્રતાથી જોતા હતા. હોલિસ્ટિકલી. એને જુદા જુદા વિભાગોમાં જોવાની ટેવ નહોતી. એટલે એ સમગ્રતાથી વિચાર કરતા હતા. નાનાજી દેશમુખ. નામ દઉં છું એટલા માટે કે તેઓ મારા મિત્ર હતા. એમની સાથે એક વાર દિલ્હીમાં મુલાકાત થઈ. અમે ઊઠતા'તા ત્યારે જ મેં એમને પૂછ્યું કે હમણાં તમે કયું કામ કરો છો? ચિત્રકૂટની અંદર એ ત્યાંની એમની સ્થાપેલી યુનિવર્સિટીમાં કંઈ મોટા પદ પર હતા. બનતાં સુધી વાઇસ ચાન્સેલર હતા. તે છોડી દીધું'તું અને પછી ત્યાં એમણે આરોગ્ય અંગેનું એક કેન્દ્ર શરૂ કર્યું હતું—ત્યારે નાનાજીએ એમ કહ્યું, 'નારાયણભાઈ, મૈં નાના દેશમુખ', પછી પોતાની ઓળખાણ આપતા જાય છે. રીત એમની નાટકીય હતી. પણ લગભગ હું શબ્દશઃ quote કરું છું 'મૈં નાના દેશમુખ, આર.એસ.એસ. વાલા, ગાંધી કા હત્યારા, ૩૨૦ કી કલમ જિસ પર લગી. હું આવો માણસ નાના દેશમુખ આપસે કહ રહા હૈ કિ પાંચ હજાર સાલ કા ભારત કા ઇતિહાસ જિતના જાનતા હૂઁ, ઔર જિતના પઢા ભી હૈ. કિસી એક વિષય કો છુએ ઉસકો સમગ્રતા સે સ્પર્શ કરનેવાલા ગાંધી સે અધિક દૂસરા કોઈ આદમી હમકો મિલા નહીં.'

આ માણસ એવો છે કે એણે આરોગ્ય લીધું તો એને સમગ્રતાથી જ જુએ છે. એ માત્ર આરોગ્ય ખાતર જ આરોગ્ય નથી જોતો. એટલે પ્રાકૃતિક ચિકિત્સાને, કુદરતના બધા આરોગ્યના નિયમોને એના આખા તત્ત્વજ્ઞાનની અંદર બેસે એવી રીતે જુએ છે. બધાને સાથે સાંકળીને સમગ્રતાથી વિચાર કરવો એને માટે એકાગ્રતા અત્યંત આવશ્યક છે. મૅનેજમેન્ટમાં

અત્યારે તો ખાસ આવશ્યક છે. પણ સમગ્રતા ભૂલીને એકાગ્રતા જો આપણે વાપરીશું તો એમાં તો અનર્થ થશે. એટલે સમગ્રતાને લક્ષમાં રાખીને એકાગ્રતાને જે પ્રયોજે છે એ મૅનેજર સાચો. આ મેળ ગાંધીમાં આપણને જોવા મળે છે.

## બે મિનિટની મુલાકાત

સેવાગ્રામમમાં બાપુ જ્યાં આગળ બેસતા હતા બાપુ કુટિમાં એની પાછળ ભીંત પર બાપુના સચિવાલયના કોઈક માણસે ત્રણ સૂત્રો લખી મૂકેલાં. અંગ્રેજીમાં ત્રણ સૂત્રો. બહારથી કોઈ મહેમાન આવતો હોય તે બાપુની સાથે વાત કરતાં એની નજર એના પર પડે એટલા ખાતર જ. સૂત્રો ત્રણ વાક્યોનાં. ત્રણે ત્રણ વાક્ય બે બે શબ્દોનાં. બહુ મુલાકાતીઓ હોય તેમને વિદાય કરવા માટેનાં સૂત્રો હશે.

પહેલું સૂત્ર : Be quick - ઝડપ કરો. બીજું સૂત્ર : Be Brief અને ત્રીજું ભયંકર સૂત્ર Be gone. હું ત્યારે ૧૬-૧૭ વર્ષનો હોઈશ. મને થયું કે આ તો કંઈ બરાબર નથી. આ સોરઠિયો માણસ. આખી દુનિયામાં જેનું આતિથ્ય વખણાય તે આવું સ્વાગત કરે! આ તો કંઈ ગમતું નથી. એટલે આવી રીતે જે મુલાકાત કરવા ગયા હોય અને બે જ મિનિટમાં જેને નીકળી જવું પડે, હું એની પાછળ પાછળ જાઉં. 'કયોં જી! ગાંધીજી સે ભેંટ હો ગઈ?' ઓ હો હો ! એ બોલે તો એનો જાણે હરખ માતો ન હોય! 'હાં હાં ભેંટ હો ગઈ!' હું પૂછતો 'ક્યા હો ગઈ! હમણાં તો આવ્યા ને હમણાં નીકળી ગયા, શું તમારી ભેંટ થઈ?' પેલા કહે, 'હાઁ, વહ બાત તો સહી હૈ, દો હી મિનટ થે. લેકિન દો મિનટ મેં ઉન્હોંને અપને આપકો મુઝમેં ઉડેલ દિયા.'

આ બે મિનિટમાં એમણે પોતાની જાતને મારામાં ઉલેચી નાખી. એને લીધે ઘણા લોકોને તો એમ લાગતું કે હું જે એમને કહેવા માંગતો હતો તે એમણે મને કહ્યું. તું આમ કહેવા માગે છે ને ! તે હું કહી શકત એના કરતાં વધારે સારા શબ્દોમાં કહ્યું. આ કેમ કહી શક્યા? એની પાછળ મોટું કારણ એ હતું કે તેઓ જેને મળતા હતા તે પૈસાદાર છે કે ગરીબ, ભણેલો છે કે અભણ, બ્રાહ્મણ છે કે શૂદ્ર, પુરુષ છે કે સ્ત્રી, બુઢ્ઢો છે કે બાળક, કશું વિચારતા નહીં. મનુષ્યને મનુષ્ય તરીકે જોઈ શકતા. તેને લીધે એ મનુષ્યમાં પોતાના મનુષ્યત્વને આરોપી શકતા હતા.

## વાત પરચુરે શાસ્ત્રીની

એક વાર પરચુરે શાસ્ત્રી આશ્રમના ફાટક પાસે આવીને ઊભેલા અને કોઈકે કહ્યું, એક માણસ આવ્યા છે, વૃદ્ધ છે ને ભિખારી જેવા દેખાય છે. પણ એ એમ કહે છે કે મારે ગાંધીજી સાથે જ વાત કરવી છે, તમારી સાથે વાત નથી કરવી. એટલે બીજાની સાથે વાત કરવા તૈયાર નથી. ગાંધીજી કહે, 'ચાલો, હું આવું.' એમ કરીને એમને મળવા ગયા. જોયા ત્યારે આ તો પરચુરે શાસ્ત્રી. જે આપણા સાબરમતી આશ્રમમાં પહેલા હતા અને પછી એ

પોતાને ઘેર ગયા હતા. 'તમે ક્યાંથી?' 'હું તો ઘેરે ગયો હતો, પણ પછી મને લેપ્રસી-કુષ્ઠરોગ થયો.' (એ રોગ તે વખતે અસાધ્ય રોગ ગણાતો.) એટલે મારાં ઘરવાળાંએ કહ્યું કે કાં તમે રહો કાં અમે રહીએ. એટલે મને ઘરમાંથી કાઢી મૂક્યો. આ જે પોતાના ઘરનાં કુટુંબીજનો કાઢી મૂકતા'તા એ આવ્યા'તા સેવાગ્રામ અને આવીને કહે છે, 'બસ, હવે તો ડૉક્ટરે પણ કહ્યું છે કે હવે તમે કંઇ ઝાઝું જીવશો નહીં. તો હું આપના આશ્રમમાં મરવા આવ્યો છું.' એ સાંભળી ગાંધીજીએ કહ્યું, 'તમે બે ઇચ્છાઓ લઈને આવ્યા છો.' પાછું આમાંથી એમણે પૃથક્કરણ કર્યું. 'તમે બે ઇચ્છા લઈને આવ્યા છો. તમારી એક ઇચ્છા આશ્રમમાં આવવાની છે અને બીજી ઇચ્છા અહીં મરવાની છે. પહેલી ઇચ્છા મંજૂર, બીજી ઇચ્છા નામંજૂર. તમને અમે આશ્રમમાં રાખશું પણ મરવા નહીં દઈએ.'

એટલે ઝૂંપડી બાંધી અને એ ઝૂંપડીમાં એમને રાખ્યા. અને આ જે પેલા ત્રણ દિવસ મળતા'તા ને બે દિવસ જઈને, બે દિવસ પાછા આવવાના, બાકીના ત્રણ દિવસ, એ ત્રણ દિવસ એટલા માટે જોઈતા'તા કે જયારે સેવાગ્રામમાં હોય ત્યારે બાપુ રોજ ૪૫ મિનિટ એ જે અસાધ્ય રોગ ગણાતો હતો એ કુષ્ઠરોગના રોગીને પોતાને હાથે માલીસ કરતા હતા. માલિસ કરવાનો પ્રસંગ હું ત્રણ દિવસ કેમ ગુમાવું ! એટલે એને મન ભારત મહાયુદ્ધમાં કયા પક્ષમાં જોડાય એનું જેટલું મહત્ત્વ હતું એટલું જ પરચુરે શાસ્ત્રીની ત્રણ દિવસની સેવા ના ચૂકાય તેનું મહત્ત્વ હતું. એટલે સહુ કામો પણ એને સમાન લાગતાં હતાં. મહત્ત્વ—અગત્ય ઓછુંવત્તું હોય એ સમજતા હતા. એમાં કોઈ શંકા નહોતી. પણ છતાં આ કેમ થતું હશે? એટલા માટે કે કામ માત્રને એ ઈશ્વરદત્ત માનતા હતા. જે કોઈ કામ હોય એ ભગવાનનું દીધેલું કામ છે એટલે દરેકની અંદર સમાનતા એને મળી જતી હતી.

## ગાંધીની જાગરુકતા

એક બીજી લાક્ષણિકતા જે જિંદગીના પાછળના ભાગમાં સાવ નહોતી રહી. જયારથી એમને ખૂબ ઊંચું બ્લડ પ્રેશર રહ્યું, ત્યાર પછી એ બગડી.

પણ એમની એક લાક્ષણિકતા, મેં વર્ષો સુધી જોઈ હતી. એમ જો સિદ્ધાંતની રીતે કહું તો નિત્યજાગરૂકતા એ તો એમની છેવટ સુધી રહી. પણ જેને જાગવા સાથે સંબંધ હોય તો પાછળના દિવસોમાં એમની ઊંઘ બગડતી પણ અમે જોઈ છે. એટલા માટે હું કહી શકું કે આખો વખત બરાબર ઊંઘની ઉપર સંપૂર્ણ અંકુશ હતો એમ છેવટના દિવસોમાં ન કહી શકાય. પણ ઠીક ઠીક ઉંમર સુધી ઊંઘની ઉપર એમનો અંકુશ હતો. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં ૧૯૩૧માં ગયા હતા. સરેરાશ ૧૮ કલાક રોજનું કામ. પોતે લંડનના પૂર્વભાગમાં રહે કારણ કે એ ગરીબ મહોલ્લો હતો. મિટિંગો બધી પશ્ચિમ ભાગમાં હતી કારણ કે ત્યાં કૉન્ફરન્સ રૂમ્સ અને બધા હોલ્સ હતા. એટલે જેવા કારમાં બેસે તેવા પૂછે આપણે જ્યાં જવાનું

છે, તેને કેટલી મિનિટ લાગશે? એટલે પેલો શૉફર કહે કે વીસેક મિનિટ લાગશે. તો કહે, 'સારું, હું ૧૯ મિનિટ ઊંઘી લઉં.' અને ૧૯ મિનિટ પછી એમને ઉઠાડવા ન પડયા હોય, ૧૯મી મિનિટે ઊઠી ગયા હોય. આટલો ઊંઘની ઉપર કાબૂ હતો. પાછળથી ઘણી વાર એમની ઊંઘ બગડતી હતી. ચિંતા પણ કારણ હશે. પણ આપણી માફક જેને સ્ટ્રેસ કહીએ છીએ તે નહીં. એ તો આધુનિક રોગ છે. જો રોગમાંથી મુક્તિ જોઈતી હોય તોપણ ગાંધી આપણે માટે relevant થાય એમ છે.

રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સની વાત. આવો એક પ્રસંગ તો એનાથીય વિચિત્ર અને વિશિષ્ટ છે. કૉન્ફરન્સના છેવટના દિવસોમાં છેલ્લી સભામાં પ્રાઈમ મિનિસ્ટર રામસે મૅકડોનાલ્ડ ભાષણ કરે અને એના પછી છેલ્લું ભાષણ ગાંધીજીનું હતું. એટલે અપેક્ષા એ હતી કે રામસે મૅકડોનાલ્ડ જે બોલશે એનો જવાબ પણ ગાંધીજી આપશે. બિરલાજીએ આ લખ્યું છે. ઘનશ્યામદાસ બિરલા પણ રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સમાં હતા. ઉદ્યોગપતિઓના પ્રતિનિધિ તરીકે. એમણે પ્રસંગનું વર્ણન લખ્યું છે. અમે લોકો જોઈએ, આ રામસે મૅકડોનાલ્ડ પોતાના ભાષણની અંદર એક પછી એક, એક પછી એક આંકડાઓ આપે છે અને ગાંધીજી ઊંઘી ગયા છે. રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સમાં ઊંઘ કાઢે છે ! એટલે અમને થાય છે કે કોઈક એમને જરા ગોદો મારે તો સારું, જગાડે તો સારું.

આનો તો એમને જવાબ આપવાનો છે, આ દેશનું શું થશે ? લાજ જશે કે શું? ભાષણ પૂરું થયું. એટલામાં પાછા ગાંધીજી બેઠા. એમને બોલવાનું હતું. રામસે મૅકડોનાલ્ડે ભાષણ એવું કર્યું હતું કે આ ગાંધી સ્વતંત્રતાની માગણી કરે છે, પણ આ કૉન્ફરન્સમાં આવેલા બધા લોકો રાજાના બોલાવેલા હતા. ગાંધી સિવાય. એમણે invitation આપીને નામવાર બોલાવેલા હતા એટલે સ્વતંત્રતાનો વિરોધ કરે એવા એવાઓને પસંદગી કરી કરીને પણ બોલાવેલા હતા. થોડા જુદા જુદા રસના વિષયોવાળાને પણ બોલાવ્યા હતા. જુઓ, આમાં મુસલમાનોએ સ્વતંત્રતાની માગણી નથી કરી, દેશી રાજ્યોએ સ્વતંત્રતાની માગણી નથી કરી કારણ કે રાજવીઓ જ આવ્યા હતા, પ્રજાજનો નહોતા ગયા. પછી એના બધાના આંકડા ગણાવ્યા. મુસલમાનો આટલા ટકા, દેશી રાજ્યો આટલા ટકા, દલિતો આટલા ટકા, બધું મળીને ૪૬ ટકા મૅકડોનાલ્ડે ગણાવ્યા. લગભગ અડધોઅડધ હિન્દુસ્તાન જો સ્વતંત્રતાની માગણી ન કરતું હોય તો અમારે તો સ્વરાજ્ય આપવું જ છે, પણ લગભગ અડધોઅડધ જો સ્વરાજની માગણી ન કરતું હોય તો અમારાથી કેવી રીતે અપાય? આવું ભાષણ મૅકડોનાલ્ડે કરેલું. આ કહેવા માંડ્યું ત્યારે ગાંધીજીને કલ્પના આવી ગઈ કે આ શું આંકડા ગણાવતા હશે. એટલે ઊંઘ કાઢવા માંડી. પછી જાગ્યા અને બોલવાનું શરૂ કર્યું. ઊભા થયા અને કહે, 'ભાઈ, આંકડાની તો જેવી વાત કરવી હોય તેવી કરાય. પ્રાઇમ મિનિસ્ટરે પણ આપણી આગળ આંકડા આપ્યા અને હું ધારું તો આંકડા આપી શકું. કારણ કે આ કૉન્ફરન્સની અંદર ત્રણ સ્ત્રીઓ બોલી અને ત્રણે ત્રણ સ્ત્રીઓએ સ્વરાજને માટે સમર્થન કર્યું. એમણે મુસલમાનો

ગણાવ્યા, રાજવીઓ ગણાવ્યા, દલિતો ગણાવ્યા. એ બધાની વસ્તીમાં પચાસ ટકા વસ્તી સ્ત્રીઓની છે that reduces the Prime Minister's forty six percent to twenty three.' આવી હતી જાગરૂકતા. પણ એ જાગરૂકતામાંથી વધારે મોટી જે વસ્તુ નિર્માણ થઈ તે એ કે એમાંથી તેઓ એક conscience keeper બન્યા. દેશના આત્માને બચાવી રાખી શકે એવી તાકાત બની શક્યા. આ તાકાત તે જ બની શકે કે જે પોતાના દોષને નિર્ભયતાપૂર્વક જાહેર કરી શકે. તેના સિવાય બીજો કોઈ ન કરી શકે.

## બાપુ અને બગાસું

ગાંધીજી વિષે સાવ નાનપણથી લઈને જે મારી પર છાપ છે એ જો તમને બધાં લોકોને હોય તો મને બહુ આનંદ છે, ન હોય તો હું મારા આનંદને તમારી આગળ મૂકવા માગું છું. મને એનું વ્યક્તિત્વ બહુ જ પોઝિટિવ લાગ્યું છે. તમે પણ એ વિચારીને, તપાસીને તમને એ યોગ્ય લાગે તો એ રીતે જોજો. એમણે ગુલામીને કાઢવા માટેની રીત દેખાડી હશે, ગરીબીને કાઢવા માટે એમણે પ્રયત્ન કર્યા હશે, પણ આખા જીવન પ્રત્યેનું એમનું વલણ વિધાયક, હકારાત્મક એવું પોઝિટિવ વલણ હતું. એટલે હું ગાંધીજીને દિવેલિયા ડાચાવાળા કોઈ દહાડો કલ્પી જ નથી શકતો. એવા જોયા જ નથી તો કેવી રીતે કલ્પું?

પણ તમને કદાચ નવાઈ લાગશે. મારી નિરીક્ષણની શક્તિની કમી હોઈ શકે, પણ એ કમીની સાથેનો જે હું છું તે, ૧૦ વર્ષ તો લગભગ એમની સાથે અખંડ ગાળ્યાં. ઊંઘના કલાકને બાદ કરીએ તો પણ દિવસના સોળેક કલાક એમની સાથે રહેવાનું થયું હોય. પણ ૧૦ વર્ષમાં ગાંધીજીને મેં બગાસું ખાતા જોયા નથી. મેં એક વાર ડૉ. સુશીલા નાયર જે એમના ડૉક્ટર, જેમણે મારા કરતાં વધારે બાપુની સાથે ગાળેલાં અને વધુ નજીકથી ગાળેલાં એમને કહ્યું કે સુશીલાબહેન, તમે બાપુને કોઈ દહાડો બગાસું ખાતાં જોયા છે? એ મને બૉબ કહેતાં. એટલે કહે કે 'બૉબ, ઇટ્સ એ ગુડ ક્વેશ્ચન! મને યાદ આવતું નથી કે બાપુને મેં ક્યારેય બગાસું ખાતાં જોયેલા. મેં એમણે બગાસાં ખાધાં એવું વર્ણન વાંચ્યું છે પરંતુ મેં એમને બગાસું ખાતાં જોયા નથી. એ જે વર્ણન વાંચ્યું છે તે ત્યારે કે જયારે એ નોઆખલીમાં અતિશય કમજોરીને કારણે મૂર્છિત થઈને પડતાં પહેલાં બેચાર બગાસાં આવ્યાં અને પછી મૂર્છિત થયા હતા. એવું વર્ણન વાંચ્યું છે.

૬૦૦ કેલેરી ઉપર એ જીવતા હતા. ૭૭, ૭૮ વર્ષની ઉંમર, ૧૬ થી ૧૭-૧૮ કલાક કામ કરતા હતા અને એ પછી મૂર્છિત થયા અને મૂર્છિત થતાં પહેલાં એમને બગાસાં આવવા માંડ્યાં એટલે મનુબહેનને થયું કે બાપુ બગાસાં ખાય છે? એને પણ નવાઈ લાગી કે બાપુ બગાસાં ખાય છે? એ વધુ વિચાર કરે એની પહેલાં તો બાપુ પડતા હોય એમ લાગ્યું. એમને લગભગ ઝીલી લેવા પડયા હતા. એ પ્રસંગ પછીનો છે.

## બાપુ અને માંસાહાર

આપણે એમણે જ વર્ણન કર્યું છે તે પરથી જાણીએ છીએ કે માંસાહાર એમણે કોઈની સોબતમાં શરૂ કરેલો. મૂળ ઉદ્દેશ એમ કે અંગ્રેજોને આપણે હરાવવા જોઈએ. આપણે માંસ ખાઈશું તો મજબૂત થઈશું, તો આપણામાં અંગ્રેજોને હરાવવાની તાકાત આવશે, વગેરે. પછી તો ગમે નહીં ને રુચે નહીં ને પેટમાં બકરી બોલતી હોય એવું લાગે. એ બધાં વર્ણનો એમણે કર્યાં છે. પણ એમણે માંસાહાર કરવાનું છોડ્યું કેમ? સિદ્ધાંતથી શાકાહારી બન્યા એટલે છોડ્યો? બિલકુલ નહીં. આગળ ઉપર જઈને માંસાહાર કરવો છે, માબાપ આગળ જૂઠું બોલવું નથી, એટલે માબાપ જોનારા નહીં હોય ત્યારે અમે માંસાહાર કરીશું એમ કરીને અત્યારે તો માંસાહાર નહીં. કારણ કે માંસાહાર કરીને મજબૂત થવા કરતાં પણ માબાપની આગળ જૂઠું બોલવું એ મોટો દોષ છે. આ એની કસોટીનો જે પથ્થર છે, જો આપણે ઝવેરી તરીકે સોનાની કસોટી માપતાં હોઈએ તો એ કસોટી એ સત્યની કસોટી છે. એની એ જ કસોટી પર એનાં બધાં માપ મપાય છે.

## વ્યક્તિત્વ દ્વારા પરિવર્તન

ગાંધીજી રજિસ્ટ્રારની ઑફિસે આંગળાંનાં નિશાન આપવા જતા હતા ત્યારે ગુસ્સે થયેલા મીર આલમે કહેલું કે 'જે કોઈ પહેલો જશે રજિસ્ટ્રારની ઑફિસે, ખુદાની કસમ હું એનો જાન લઈશ.' ત્યાર પછી ગાંધીજીએ એને સલાહ આપેલી કે 'ભાઈ, તમારી બહાદુરી તો ખરી, પણ કોઈનો જાન લેવા જેવા કૃત્ય માટે તું ખુદાની કસમ ખાઈશ નહીં.'

એણે બાપુ પર હુમલો કર્યો. મીર આલમ જેલમાં ગયો પછી જે પહેલું સ્ટેટમેન્ટ છાપામાં આવ્યું તેમાં ગાંધીએ એમ કહ્યું કે 'એને કોઈ સતાવશો નહીં. એને અંગે હું કોઈ મારી સાક્ષી પૂરવાનો નથી!' મીર કહે, 'આ તો કોઈ માણસ છે કે કોઈ પીર? મેં એને માર્યો ને એ કહે છે એને સતાવશો નહીં! ભાનમાં આવ્યા પછી મારી ચિંતા કરે છે, એને કોઈ સતાવશો નહીં.' આ મીર આલમ એટલો બદલાય છે કે સત્યાગ્રહમાં પછી પોતાનું જે કાર્ડ હતું તે કાર્ડ બાળવા પણ ગયો હતો પોતે. પણ એનાથી થોડાક મહિના પછીની આ વાત છે.

ગાંધી કૅપટાઉનથી જવાના હતા ડરબન અને ડરબનથી જવાના હતા ફિનિક્સ. પણ તેના પહેલાં કોઈકે કૅપટાઉનમાં એમ કહેલું કે તમે મહેરબાની કરીને જોહાનિસબર્ગ જશો નહીં. કારણ કે ત્યાં તમારી વિરુદ્ધ કંઈક ખટપટ ચાલે છે અને તમારી જાન જરા જોખમમાં છે. 'મેં તો જોહાનિસબર્ગનું લૂણ ખાધું છે અને હું ત્યાં કેમ નહીં જાઉં?' એમ કહીને એ તો ત્યાં ગયા સભામાં અને એકસાથે સભાની અંદર બધી બત્તીઓ જ્યારે ગુલ થઈ ગઈ ત્યારે અચાનક અંધારામાંથી જોરદાર અવાજ આવ્યો. 'ખબરદાર, જો ગાંધીનો વાળ પણ વાંકો થયો તો એવું

કરનારનો જાન હું લેવાનો છું.' એમ કહીને એક પોકાર થયો. એટલે પેલા લોકો જે હતા તે વિખરાઈ ગયા અને ગાંધી જુએ છે કે એની પાસે ઊભેલો માણસ છે તે આ મીર આલમ હતો. આટલું એમાંથી પરિવર્તન આપણને જોવા મળે છે. વ્યક્તિત્વ એ પરિવર્તનની ઉપર અસર પાડનારી વસ્તુ છે.

## ગાંધી ટાગોર આમને સામને

રવીન્દ્રનાથ ટાગોર સાથે જ્યારે મતભેદો થયા ત્યારે જાહેરમાં લેખો લખેલા. પોતપોતાના વિચારો પ્રદર્શિત કરવા. એનું એક પુસ્તક થયું છે. અનેક પુસ્તકો એને વિષે છે પણ એક પુસ્તકનું ટાઇટલ બહુ મજાનું છે. Truth saw them differently. સત્ય એમણે જુદી જુદી રીતે જોયાં. બન્ને જણ સત્ય જોતા હતા. જુદી જુદી રીતે, પણ એમાં ગાંધીજીનું એક વાક્ય છે. એ વાક્ય દુનિયામાં તો બહુ જ જાણીતું છે. આપણે ત્યાં એ વાક્ય પ્રમાણમાં બહુ ઓછું quote થાય છે. પણ છતાંય એ વાક્ય, 'મારે મારા ઘરનાં બારીબારણાં બંધ રાખવાં નથી. આખી દુનિયાની તમામ હવાઓ મને આવીને મળે એમ હું ઇચ્છું છું. પરંતુ મારા ઘરનો જે પાયો છે એ એવો મજબૂત ખોડીને રાખવા માગું છું કે ગમે તેટલું વાવાઝોડું આવે પણ એ ઘર પડી ન જાય.' Act Locally, think globally. આ એનો સિદ્ધાંત એમાંથી થયો. એમાંથી થયો આવડા મોટા મોટા માણસોની સાથેનો સંબંધ.

## ગાંધીજીનું પુણ્ય

મુંબઈની એક સભામાં પોલીસે અચાનક છાપો માર્યો. અને કોઈ ખાસ જણા એવા નહીં પણ જે હાથમાં આવ્યા એવા લોકોને પકડી લીધા. અને વાનમાં ચઢાવે છે ત્યારે એક બહેન કંઈક મૂંઝાતી નજરે આમ તેમ જુએ છે પણ પછી એક ભાઈને જોઈને જરા બોલાવે છે. પેલો ભાઈ કહે છે આ બેન મને કેમ બોલાવતી હશે! પણ જેલમાં જતી બહેન બોલાવે છે એટલે હું જાઉં, એમ કહી ત્યાં પહોંચે છે. પેલી બહેન કહે છે, 'હું તો સભામાં ભાષણ સાંભળવા આવી હતી પણ મને જેલમાં લઈ જાય છે. મેં મારી કાનની બુટ્ટી અને સોનાની બંગડીઓ અને બીજાં થોડાંક ઘરેણાં જે શરીર ઉપર પહેરેલાં હતાં તે મારા રૂમાલમાં વીંટીને રાખ્યાં છે. મારું આ નામ છે, અને મારું આ સરનામું છે. ત્યાં જરા પહોંચાડી દેજો.'

પેલો આશ્ચર્યથી જોઈ રહે છે કે 'બહેન તને તો હું પહેલી વાર જોઉં છું. તેં મને પહેલી વાર જોયો. તારાં આ બધાં ઘરેણાં ઉતારીને તું મને આપી દે છે, હું મારે ઘેર લઈ જાઉં તો?' 'જાવ જ નહીં ને!' 'કેમ એમ તું કહે છે?' 'તમે ખાદી પહેરી છે ને!'

ખાદીની આ પ્રતિષ્ઠા હતી. ખાદીની આ પ્રતિષ્ઠા એ ખાદી પાછળના તપને લીધે હતી, પુણ્યને લીધે પ્રાપ્ત થયેલી હતી

❖

# ગાંધીજીને સત્યને રસ્તે જતાં જડેલી અહિંસા

નારાયણ દેસાઈ

ગાંધીજીને સત્ય ગળથૂથીમાંથી મળ્યું હતું. સત્યને રસ્તે જતાં એમને અહિંસા જડી હતી. નાનપણમાં પોતાની ભૂલ પિતા પાસે કબૂલ કરવાનું તેમણે ઠેરવ્યું. પિતાના મારનો ડર ન હતો પણ તેઓ દૂઃખી થઈ માથું કૂટશે એવો ભય હતો. એ જોખમ ખેડીને પણ પોતાની ભૂલ કબૂલી, માફી માગતી ચિટ્ઠી લખી તેમણે ધ્રૂજતે હાથે પિતાશ્રીને આપી. તેમાં પિતા પોતે દુઃખ વહોરી ન લે એવી આજીજી કરી સજા પણ માગી, અને ફરી એવી ભૂલ ન કરવાની પ્રતિજ્ઞા લીધી. ગળથૂથીમાં મેળવેલા સંસ્કારને લીધે તેમણે આમ કર્યું. પિતાએ ચિટ્ઠી વાંચી. એમની આંખમાંથી મોતીનાં બિંદુ ટપક્યાં. ચિટ્ઠી ભીંજાઇ. ક્ષણવાર આંખ મીંચી તેમણે ચિટ્ઠી ફાડી નાખી ને પોતાની માંદગીની પથારી પર પાછા આડા પડ્યા. ગાંધીજી રડ્યા. પિતાનું દુઃખ સમજી શક્યા. પિતાના મોતી સમા અશ્રુના બાણે તેઓ વીંધાયા. ગાંધીજીને સારુ અહિંસાનો આ કદાચ પહેલો પદાર્થપાઠ હતો.

ગાંધીજીના લગ્ન ૧૩ વર્ષની બાળવયે થયેલાં. ધણીપણાના ખોટા ખ્યાલે તેમણે એમનાથી છ માસ મોટાં એવાં કસ્તુરબા પર એવાં નિયમનો મૂકવા માંડ્યાં કે એમને પૂછ્યા વિના કસ્તુરબાએ ક્યાંય બહાર ન જવું. કસ્તુરબા મંદિરે જવામાં કે ઓળખીતાઓને મળવા જવામાં ગાંધીજીની રજા લેવા હરગિજ તૈયાર ન હતાં. ગાંધીજીના આદેશનો તેઓ સામે બોલીને જવાબ નહોતાં આપતાં, પણ જે આદેશને પોતે ખોટો માનતાં તેને કદી માનતાં પણ નહીં. ગાંધીજી સારુ સવિનયભંગનો આ પ્રથમ પદાર્થપાઠ હતો.

દક્ષિણ આફ્રિકામાં પીટરમારિત્સબર્ગ સ્ટેશને પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં ગાંધીજીને ત્યાંની રંગદ્વેષી પરંપરાને લીધે બળજબરીથી ગાડીમાંથી ધકેલી દેવામાં આવ્યા ત્યારે આખી રાત કકડતી ટાઢમાં બેઠા તેમણે જે વિચારો કર્યા તેમાંથી ગાંધીજીના સત્યાગ્રહના સિદ્ધાંતનાં બી વવાયાં.

તેમણે વિચાર્યું કે કાંતો મારે હિંદીઓના હકોને સારુ લડવું અથવા પાછા જવું. લડવું હોય તો જે અપમાનો થાય તે સહન કરવાં. ભાગવું એ તો નામર્દગી ગણાય. મારી ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું; ઊંડે રહેલા મહારોગનું તે એક લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. તે નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો. તેમ કરતાં જાત ઉપર દુઃખ પડે તે બધાં સહન કરવાં.

દક્ષિણ આફ્રિકનો આ અનુભવ ગાંધીજી સારુ અહિંસાનો માત્ર પદાર્થપાઠ પૂરો પાડનાર જ ન નીવડ્યો, એ અનુભવથી એમના જીવનના મહાન પરિવર્તનનો આરંભ થયો. એ અનુભવથી એમની અહિંસા અંગેની દૃષ્ટિ પણ સ્પષ્ટ થઈ. તેઓ શીખ્યા કેઃ

૧. શક્તિશાળી અહિંસાનો પ્રયોગ તો જ થઈ શકે કે જો એ અહિંસા પાછળ બીક કે કાયરતા ન હોય.

૨. જેને બદલવું છે તેનું મૂળ પરંપરા કે વ્યવસ્થામાં છે. જે વ્યક્તિ અન્યાય કે જુલમ કરે છે તે તો માત્ર એ વ્યવસ્થાનો એક સાંચો છે.
૩. પ્રતિકાર રોગનો કરવાનો છે, રોગીનો નહીં.
૪. તેથી અન્યાય કરનારનું વેર વાળવા કે બદલો લેવાનો કોઈ અર્થ નથી.
૫. અહિંસાનો ઉપયોગ જો વ્યવસ્થાને બદલવા સારુ કરવો હોય તો લાંબા ગાળા સુધી કષ્ટ વેઠવાની તૈયારી હોવી જોઈએ.

દક્ષિણ આફ્રિકમાં ગાંધીજી જુદા જુદા ધર્મના અનુયાયીઓના ગાઢ સંપર્કમાં આવ્યા. આમાંથી કેટલાક ઉત્સાહીઓએ એમનો ધર્મપલટો કરાવવા પણ પ્રયત્ન કર્યો. ગાંધીજીએ ધર્મ બાબત શ્રીમદ રાજચંદ્રની સલાહ લીધી. શ્રીમદે તેમને બધી બાજુનું અધ્યયન કરીને છેવટે નિર્ણય તો પોતે જ કરવાની સલાહ આપી. શ્રીમદની સલાહથી ગાંધીજી અહિંસાનું એક નવું પાસું શીખ્યા. જૈન ધર્મમાં એને અનેકાંતવાદ અથવા સ્યાદવાદ કહેવામાં આવે છે. આપણને જે દેખાય છે તે પૂરું નહીં પણ આંશિક સત્ય હોય છે. એ સત્યના બીજા પાસાંઓને સમજવા સારુ આપણા મનને નમ્રપણે સદા ખુલ્લું રાખવું જોઈએ. જે પોતાના સત્યને પરમ સત્ય માને છે તે એના સત્ય ખાતર બીજાનું માથું વાઢવા પણ તૈયાર થાય. પણ જે સત્યની બીજી બાજુ પણ હોઈ શકે છે એમ માને છે એ કદી સામેનાનું માથું વાઢવા તૈયાર નહીં થાય. જ્યાં સુધી એને સામાનું સત્ય સમજાતું નથી ત્યાં સુધી એ પોતાના સત્યને જરૂર વળગી રહેશે, બીજાને એ સમજવા કહેશે કે સમજાવવા પ્રયત્ન કરશે. પણ સામેનાના સત્યને બળજબરી કે હિંસાથી દાબી દેવાનો પ્રયત્ન નહીં કરે.

આમ ગાંધીજીના મનમાં અહિંસા વિષેના જ્ઞાનનો ઉદય થયો. એ જેમ જેમ અહિંસાની શક્તિનો ઉપયોગ કરતા ગયા તેમ તેમ એમના મનમાં એને અંગેનો વિચાર ખીલતો ગયો. થોડા વખતમાં તો એમને પાકો વિશ્વાસ થઈ ગયો હતો કે સત્ય સુધી પહોંચવા સારુ અહિંસા જ એક અમોઘ સાધન છે. તેઓ સત્ય અને અહિંસા એ બંને શબ્દોને હંમેશાં સાથે સાથે જ વાપરતા થયા. સત્ય અહિંસામાંથી સત્ય સાધ્ય (લક્ષ્ય) છે અને અહિંસા સાધન (માર્ગ) છે, એમ સમજવાં છતાં એમને સારુ એ બંને અલગ ન રહ્યાં.

આમ તો અહિંસાનો વિચાર કાંઇ નવો કે ગાંધીજીએ ગોતી કાઢેલો નથી. તેમણે પોતે તો પૂરી નમ્રતા સાથે કહ્યું છે કે મારે કશું નવું શીખવવાનું નથી, સત્ય અહિંસા તો અનાદિકાળથી ચાલતાં આવ્યાં છે.

પણ ગાંધીજીએ અહિંસાના વિચારને પોતાના આચરણ દ્વારા, પોતાના તપ દ્વારા અને સમાજમાં વ્યાપક વપરાશ દ્વારા એક એવો તેજસ્વી અર્થ આપ્યો કે દુનિયા મોંમાં આંગળાં ઘાલીને જોઈ રહી અને હવે તો દુનિયાના ભલભલા વિચારકોને આતંકવાદ, છૂટી છવાઈ હિંસા અને યુદ્ધોથી ઘેરાયેલી દુનિયાના કોયડાઓનો અહિંસા જ એક માત્ર ઉકલ લાગે છે. ગાંધીજીએ પોતાના તપોમય જીવન અને સત્યાગ્રહ આંદોલનો દ્વારા અહિંસાને એક તેજસ્વી રૂપ આપ્યું. તેમણે એ શબ્દના અર્થમાં જ જબરદસ્ત ગાંભીર્ય આણી દીધું.

જૂની અહિંસા અને ગાંધીજીએ ચીંધેલી અહિંસામાં મુખ્ય મુખ્ય તફાવત નીચે મુજબના

હતાંઃ

૧. ગાંધીજીની અહિંસા એ માત્ર હિંસા ન આચરવી એટલું જ સૂચવતી નહોતી, તે એક પ્રબળ સક્રિય શક્તિ હતી.

૨. તે કોઈ એક વ્યક્તિએ વાપરવાનો ગુણ નહોતો, પણ સમાજના વહેવારમાં લાવવાનું મૂલ્ય હતું.

૩. તે માત્ર શારીરિક હિંસાનો નિષેધ નહોતી કરતી પણ મન, વચન અને કર્મથી આચરવાની વાત હતી.

૪. એનો સંબંધ માણસ માણસ વચ્ચેના નાનામોટા કજિયા પૂરતો જ મર્યાદિત રહેતો નહોતો, પણ જીવનનાં તમામ ક્ષેત્રો સાથે આવતો હતો. વળી તેનો સંબંધ માણસ અને પશુપક્ષી તેમજ માણસ અને કુદરત સાથે પણ આવતો હતો.

૫. ગાંધીજીની અહિંસાનો સંબંધ જીવનના સર્વ ક્ષેત્ર સાથે હતો તેથી અહિંસા આખી સંસ્કૃતિને સ્પર્શ કરનાર શબ્દ બની જતો હતો.

સામાન્ય રીતે અહિંસાનો અર્થ કોઈને દુઃખ ન દેવું એવો થતો આવ્યો છે. એમાંથી જ માંસાહાર ત્યાગ, વાંદરા, મોરલા કે રોઝડાંને ન મારવાનો વિચાર જન્મ્યો છે. જૈન ધર્મ તો જીવો પર થતી આ હિંસાને અટકાવવા ઠીક ઠીક ઊંડો ઊતર્યો છે. શ્વાસોશ્વાસમાં જે સૂક્ષ્મ જંતુઓ હોય છે તેને મારવાની હિંસામાંથી બચવાના ઉપાયો યોજાય છે.

નાનપણમાં દાક્તરી વિદ્યાનો અભ્યાસ કરતી વખતે દેડકાં ચીરવાં પડે એ હિંસાને ટાળવા ગાંધીજીને દાક્તર ન થવાની સલાહ અપાયેલી! આવી સૂક્ષ્મ અહિંસાની ગાંધીજી કદર કરતા. પણ એમની અહિંસા એટલાથી અટકતી નહોતી. તેઓ અહિંસાને પ્રેમના આવિર્ભાવ તરીકે જોતા. તેથી જ તેઓ અહિંસાનો એક વિધાયક શક્તિ તરીકે ઉપયોગ કરી શક્યા. અહિંસાના સક્રિય સામાજિક પ્રયોગ એવા સત્યાગ્રહને તેમણે ત્રણ રીતે વર્ણવેલોઃ સત્ય શક્તિ, પ્રેમ શક્તિ અને આત્મશક્તિ. ગાંધીજીએ અન્યાયનો સામનો કરવા ઘણીવાર સત્યાગ્રહનો રસ્તો લીધો, પરંતુ અન્યાયપૂર્ણ વ્યવસ્થાનો ગમે તેટલો સખત પ્રતિકાર કરતી વખતે પણ અન્યાય કરનાર પ્રત્યે દ્વેષ કે વેરભાવ તેમનામાં નહોતો. એ સત્યાગ્રહો મારફત આત્માની શક્તિ પ્રેમરૂપે પ્રગટ થતી હતી. આને લીધે જ એમના જીવનમાં સંખ્યાબંધ એવા દાખલા જોવામાં આવ્યા કે જ્યારે એમની ઉપર ક્રોધ કરનાર કે વાર કરનાર અથવા એમને સજા કરવા આવેલ વ્યક્તિ એમની મિત્ર બની ગઈ હતી.

પ્રેમની આ શક્તિનો ઉપયોગ વ્યક્તિગત રીતે થતો ઇતિહાસમાં જરૂર જોવા મળ્યો છે. અનેક વીરોએ દુશ્મનોને ક્ષમા આપ્યાના દાખલા નોંધાયા છે. ગાંધીજીએ પણ એમની ઉપર શારીરિક આક્રમણ કરનારાઓને તો ઘણીવાર ક્ષમા બક્ષી હતી. પરંતુ ગાંધીજીની અહિંસા માત્ર વ્યક્તિ પૂરતી મર્યાદિત નહોતી. એમણે અહિંસાનો સમૂહમાં ઉપયોગ કરી બતાવ્યો. સત્યાગ્રહના આંદોલનમાં લાખો લોકોએ સ્વેચ્છાથી જેલ ભોગવી. હજારોએ માર ખાધા, કૈં કેટલાએ જાન સુદ્ધાં ગુમાવ્યા. અનેક વ્યક્તિઓ દ્વારા વપરાયેલી અહિંસાની આ શક્તિ એક

કરતાં વધારે વાર કારગર નીવડી હતી. અહિંસાની સામૂહિક શક્તિથી દક્ષિણ આફ્રિકમાં ગિરમીટિયાની પ્રથા હચમચી ઊઠીને છેવટે ગઈ. ચંપારણમાં સવાસો વરસથી ચાલી આવેલી તિનકઠિયાની અન્યાયી ખેડ વ્યવસ્થા ગઈ, કે બારડોલીમાં અન્યાયપૂર્ણ જમીન મહેસૂલ વ્યવસ્થામાં સુધારો થયો અને છેવટે સામૂહિક અહિંસાની શક્તિ બ્રિટિશ સામ્રાજ્યવાદને હિંદમાંથી પાછાં પગલાં ભરાવવામાં એક મુખ્ય તાકાત સિદ્ધ થઈ.

ગાંધીજીની અહિંસા જેમ એક બાજુથી એટલી વ્યાપક હતી કે તે વ્યક્તિગત મટીને સામાજિક શક્તિ બની ગઈ, તેમ બીજી બાજુએ એવી સૂક્ષ્મ હતી કે તે માત્ર શારીરિક અહિંસા ન રહેતાં મન અને વચન સુધી પણ પહોંચી. માત્ર કોઈને શારીરિક ઈજા નહીં પણ વાણી દ્વારા પણ કોઈને દુ:ખ આપવું એ હિંસા છે એ વાત આમ તો ખૂબ સીધી સાદી લાગે છે પરંતુ ગાંધીજીની આ વ્યાખ્યાની અસર દક્ષિણ આફ્રિકા અને ભારત બંનેના સામાજિક વાતાવરણ પર પણ પડી હતી. ગાંધીજી કોઈ વાતનો વિરોધ કરવાનો હોય ત્યારે પણ એમની ભાષા ખૂબ સંયમિત રહેતી. તેને લીધે વિરોધીઓ પણ એમને દાદ દેતા. વિરોધી મુશ્કેલીમાં હોય ત્યારે એની પર દબાણ ન લાવવાની ગાંધીજીની રીતને રાજકારણી લોકો સમજી નહોતા શકતા. એમની દૃષ્ટિએ તો વિરોધી મુસીબતમાં હોય ત્યારે એની પર વાર કરવામાં ચતુરાઈ લાગતી હશે. વિરોધીને મૂંઝવણમાં ન મૂકવાની ગાંધીજીની નીતિને લીધે દક્ષિણ આફ્રિકામાં ત્રીજી વારનો સત્યાગ્રહ પૂરા જોશમાં હતો ત્યારે ત્યાંના રેલવે કર્મચારીઓએ હડતાલ પાડી તે જોઈ ગાંધીજીએ સત્યાગ્રહને સ્થગિત કરી દીધો હતો. એટલે તો ગાંધીજીના પ્રખર વિરોધી જનરલ સ્મટ્સના અંતરંગ માણસે કહ્યું હતું કે તમને કચડી નાખવાનું મન તો બહુ થતું હતું, પણ શું કરીએ? તમે તો એવા છો કે અમે મુશ્કેલીમાં છીએ એમ જણાય તો તમે અમારી મદદે ધાઓ છો. તમને શી રીતે કચડાય?

ગાંધીજીની અહિંસા સામાન્યપણે તો માનવીય સંબંધો પૂરતી મર્યાદિત હતી. શરીરધારી કાંઈકને કાંઈક સૂક્ષ્મ કે સ્થૂળ હિંસા કર્યા વિના જીવી જ ન શકે એ જોઈને ગાંધીજી અહિંસા જો માણસ માણસ વચ્ચેના સંબંધો પૂરતી મર્યાદિત રહે તો એટલાથી સંતોષ માનતા. પણ તેઓ બીજા પ્રાણીઓ પ્રત્યેની હિંસાને પણ બને એટલી ઓછી કરવા પ્રયાસ તો કરતા જ. શાકાહારને તેમણે પહેલાં કૌટુંબિક પરંપરા અને વડીલો પ્રત્યેની આમન્યા તરીકે સ્વીકાર્યો હતો, પણ પાછળથી તે તેમને સારુ અહિંસક જીવનનું એક અંગ બની ગયો હતો.

ગાંધીજીના આશ્રમમાં ઝેરીમાં ઝેરી સાપને પણ મારતા નહીં. એ જ વાત વીંછી વિષે પણ સાચી હતી. શિકાર કે મુષ્ટિ-યુદ્ધ (બૉક્સિંગ) જેવા ખેલો ગાંધીજીની દૃષ્ટિએ માણસને ન છાજે એવી રમતો હતી. ગાયને તો ગાંધીજીના સમાજશાસ્ત્રમાં પરિવારમાં મા સમાણું સ્થાન હતું. ગાયોની સેવા સારુ તો તેમણે ગોસેવા સંઘની સ્થાપના કરી હતી. પરંતુ ગાયની કતલ કરનાર માણસની કોઈ કતલ કરે તે તેને સ્વીકારવા તેઓ કદી કબૂલ ન થાત. માણસને તેઓ અવધ્ય ગણતા. ચર્મકારો ચામડું વાપરે તો પણ તે મરેલા ઢોરનું વાપરે એવો તેઓ આગ્રહ રાખતા અને એવા ચામડાથી બનાવેલા ચંપલને 'અહિંસક ચંપલ' કહેતા. મધપૂડા નીચે ધુમાડો કરી સંખ્યાબંધ મધમાખોને મારીને કાઢેલ મધને બદલે તેઓ મધમાખી પાળવામાં માનતા અને

તેવું 'અહિંસક મધ' વાપરતા.

ગાંધીજીની અહિંસા સમાજના રાજનૈતિક, આર્થિક ને સામાજિક વગેરે તમામ ક્ષેત્રોને સ્પર્શતી હતી. આર્થિક શોષણને તેઓ હિંસા માનતા. અસ્પૃશ્યતા જેવા સામાજિક અન્યાયને તેઓ હિંસા માનતા. 'સુધરેલો' ગણાતો માણસ પોતાની જીવનની જરૂરિયાતોને નિરંતર વધારતા રહેવાને વિકાસ ગણે છે. ગાંધીજી એને હિંસા ગણતા અને કહેતા કે આ પૃથ્વી પાસે દરેકની જરૂરિયાત પૂરી પાડવા જેટલી સંપત્તિ તો છે પણ દરેકના લોભને પૂરો પાડવા જેટલી નથી. પૃથ્વીના પટનું અને એના પર્યાવરણનું માણસ શોષણ કરે તે પણ ગાંધીજીની અહિંસા માન્ય કરતી નહોતી. આમ ગાંધીજીની અહિંસા સમગ્ર સંસ્કૃતિને આવરી લેતી.

આખી સંસ્કૃતને આવરી લેનારી અહિંસા વિષે ગાંધીજીની એ અપેક્ષા રહેતી કે દરેકે દરેક કર્મમાં તે પ્રગટ થવી જોઈએ. સાચી અહિંસા કર્મમાં પ્રગટ તો જ થાય કે જો તે માણસના મનમાં અને વાણીમાં પણ ઊતરી હોય. તેમ કરવા સારુ માણસે સતત જાગૃત રહીને પ્રયાસ કરવો જોઈએ.

## ગાંધીજીની ત્રણ મુખ્ય દેણ

નારાયણ દેસાઈ

સૂર્યની આપણને કેટલી બધી દેણ છે? એમાંથી જ આપણી પૃથ્વી બની છે. એની ગરમીને લીધે જ આપણે ઠરીને ઠીકરું નથી થઈ જતાં. એના પ્રકાશથી વૃક્ષોનાં પાંદડાં ખીલી ઊઠે છે. સૂરજની ત્રણ મુખ્ય દેણ એટલે એનો પ્રકાશ, એની ગરમી અને એની ઊર્જા.

એ જ રીતે ગણાવવા બેસીએ તો ગાંધીજીની પણ ઘણીબધી દેણ ગણાવી શકાય. કોઈ કહેશે કે એમણે આપણને સ્વરાજ અપાવ્યું. કોઇ કહેશે કે એમના પ્રયાસોને લીધે જ દક્ષિણ આફ્રિકાના ગિરમિટિયાઓની ગિરમિટ પ્રથા ગઈ, કોઈ કહેશે એમણે ચંપારણમાં 'તિનકઠિયા' પ્રથાને કાઢી, કોઈ કહેશે એમણે 'ભારત છોડો' નો મંત્ર આપ્યો. પણ લાંબો અને ઊંડો વિચાર કરતાં સમજાશે કે ગાંધીજીએ આપણા દેશને અને એક અર્થમાં આખી માનવતાને જે મોટી ત્રણ દેણ આપી હતી તે સત્યાગ્રહ, રચનાત્મક કાર્યક્રમ અને એકાદશવ્રતોની. આ ત્રણમાંથી સત્યાગ્રહ અંગે આપણામાંથી ઘણાખરાને આછીપાતળી કાંઈક જાણ તો હશે, પણ આપણામાંના ઘણા એવાય હશે કે જેમને બાકીની બે દેણ વિષે તો ભાગ્યે જ કાંઈ ખબર હશે. આપણે એ ત્રણે વિષે થોડી વિશેષ જાણકારી મેળવીએ તો આપણે ગાંધીજીના મુખ્ય તત્વોને સમજી શકીશું.

સામાન્ય રીતે જોઈએ તો સત્યાગ્રહ એટલે ગાંધીજીએ અન્યાય સામે અહિંસક રીતે લડવાની જે પદ્ધતિ શોધી કાઢી હતી અને લગભગ પાંચ દાયકા સુધી જેનો વિવિધ રીતે પ્રયોગ કરી બતાવ્યો હતો તે રીત, એવો અર્થ થાય.

સત્યાગ્રહો વડે જે લડાઈ ચાલી રહી હતી તે વખતે જ દેશને બેઠો કરવા સારુ

ગાંધીજીએ જે કાર્યક્રમ આપ્યો હતો તેને રચનાત્મક કાર્યક્રમ કહે છે અને પોતાના સત્યાગ્રહ આશ્રમમાં આશ્રમવાસી તરીકે રહેવા ઈચ્છનારાઓ સારુ તેમણે જે નિયમાવલિ ઘડી કાઢી હતી તે અગિયાર વ્રતોની બની હતી.

એને જ પાછળથી વિનોબાએ 'એકાદશ વ્રત' એવું નામ આપ્યું હતું. એ જ નામ પછીથી ગાંધીજીની પ્રેરણાથી ચાલતા દેશના સંખ્યાબંધ આશ્રમોમાં રૂઢ થઈ ગયું.

આ ત્રણે શબ્દો પાછળ ગાંધીજીના ઊંડા વિચાર અને તપશ્ચર્યા હતાં. એમણે પોતાના વિચારો દ્વારા જગતને જે એક નવું દર્શન આપ્યું અને પોતાના જીવન દ્વારા એ દર્શનને અમલમાં મૂકી બતાવ્યું તે આખું આ શબ્દો દ્વારા પ્રગટ થાય છે તેથી જ આપણે તેને ગાંધીજીની ત્રણ મુખ્ય દેણ ગણી. ગાંધીજીના જીવન અને એમના તત્વજ્ઞાનને સમજવા માટે આ ત્રણેય દેણનો વિચાર કરી લેવો ઉપયોગી થશે.

એમ જો જોઈએ તો આ ત્રણેય શબ્દો સાવ નવા જ છે. પણ પૂરા પાંચ દાયકા સુધી એના વ્યાપક પ્રયોગને લીધે એમાંથી સત્યાગ્રહ શબ્દે તો હવે દેશવિદેશની ભાષાઓના શબ્દકોશમાં સ્થાન મેળવ્યું છે. રચનાત્મક કાર્યક્રમે દેશની કેટલીક ભાષાઓના શબ્દકોશમાં સ્થાન લઈ લીધું હશે. પરંતુ 'એકાદશ વ્રત' શબ્દ પ્રયોગ બીજી બે જેટલો રૂઢ નથી થયો. ખુદ ગાંધીજીના જીવનમાં પણ આ શબ્દો અમુક વર્ષોને અંતરે આવ્યા છે. આપણે પણ એને એ જ રૂપમાં લઈએ.

ગાંધીજીએ કાયમ સારુ ભારત આવીને વસવાટ કર્યો તે પહેલાં તેમણે દક્ષિણ આફ્રિકામાં વીસ-એકવીસ વર્ષ ગાળેલાં. એમ તો તેઓ એક વર્ષ સારુ થોડી આજીવિકા કમાવા ભારતથી દક્ષિણ આફ્રિકા ગયા હતા. પણ ત્યાં વસતા હિંદીઓના પ્રશ્નોમાં તેમણે રસ લીધો તેથી શરૂઆતમાં થોડાં વર્ષો ચાલુ વકીલાતે અને પાછલા વર્ષોમાં વકીલાતને પડતી મૂકીને તેમણે દક્ષિણ આફ્રિકાના હિંદીઓની અહિંસક લડતની આગેવાની લીધેલી. ગાંધીજીએ પોતે શોધેલી અને વિકસિત કરેલી રીત સારુ 'સત્યાગ્રહ' શબ્દ યોજાયેલો, જે શબ્દ આગળ જતાં કેટલીક વાર તેમણે માત્ર અહિંસક લડાઇની રીત સારુ જ નહીં, પણ પોતાના આખા જીવનદર્શન સારુ પણ વાપર્યો છે.

સત્યાગ્રહ શબ્દ ઘડાયો તે પહેલાં જ એનો અમલ થયેલો. ત્યાંની સરકારના કેટલાક કાયદાઓ ત્યાં હિંદી કોમને અન્યાય કરનાર હતા તેથી એ અન્યાયનો પ્રતિકાર કરવા સારુ ગાંધીજીએ જે ચળવળનો આરંભ કરેલો તેને કોઈકવાર પોતે અને કોઈક્વાર ત્યાંના છાપાવાળાઓ 'પેસિવ રેઝિસ્ટન્સ' એટલે કે નિષ્ક્રિય પ્રતિકાર તરીકે વર્ણવતા.

સત્યાગ્રહ શબ્દ દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓની ચળવળને લીધે પ્રચલિત થયો, પરંતુ ગાંધીજીના મનમાં એનાં બી તો વવાયાં હતાં, ચળવળ ઉપડી તેનાથી ૧૩-૧૪ વર્ષ પહેલાં જ. તેઓ પહેલીવાર દક્ષિણ આફ્રિકામાં આવ્યા ત્યાર પછી તરત જ ગાંધીજીને ત્યાંના રંગદ્વેષનો કડવો અનુભવ થઈ ચૂક્યો હતો. એમની પાસે પ્રથમ વર્ગની ટિકિટ હતી તે છતાં ગોરા લોકોએ એમને કાળાઓના ડબ્બામાં જવા કહ્યું હતું. અને જ્યારે તેમણે ડબ્બો છોડવાની ના પાડી ત્યારે,

પીટરમારિત્સબર્ગ સ્ટેશનના પ્લેટફોર્મ પર, એમને ધક્લીને ઉતારવામાં આવ્યા હતા. શિયાળાની કડકડતી ટાઢમાં સ્ટેશનનાં નાના સરખા મુસાફરખાનામાં ગાંધીજીને જે વિચારો આવ્યા તે તેમણે પોતાની આત્મકથામાં નિખાલસપણે નોંધ્યા છે. તેમને પહેલો વિચાર તો એ આવ્યો કે ક્યાં દેશથી આટલે આઘે આવાં અપમાનો સહન કરવા આવી પડ્યો, ચાલને જીવ! પાછા દેશ ભેગા થઈ જઈએ! પણ પછી તરત એના કરતાંય પ્રબળ વિચાર આવ્યો કે એમ પાછા જવું એ તો કાયરતા કહેવાય અને કાયરતા એટલે મરતાં પહેલાં હાથે કરી મરવું. બીજો એક વિચાર એવો પણ આવ્યો કે જેણે એમને ધકેલ્યા હતા તે ગોરા પોલીસ અને એમ કરવાનો આદેશ આપનાર ગોરા રેલવે અધિકારીની સામે ફરિયાદ માંડુ? પણ એ વિચાર પણ ગાંધીજીએ એમ કરીને મનમાંથી કાઢી નાખ્યો કે આમ કરનારાઓ તો બીચારા ચાલુ રિવાજ પ્રમાણે વર્ત્યા છે. એમાં એમનો શો વાંક? વાંક તો મૂળ રંગદ્વેષ પરંપરાનો છે. એક બે જણ પર ફરિયાદ નોંધાવવાથી કદાચ એમને સજાયે થાય, પણ તેથી એ વ્યવસ્થા કાંઈ ઓછી દૂર થવાની હતી?

તે રાતે છેવટે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે ગમે તેટલું કષ્ટ વેઠીને પણ આ વ્યવસ્થા સામે લડી લેવું. બીજે દિવસે સિગરામમાં બેસતાં ફરી પાછો એનાથીયે વધારે કડવો અનુભવ થયો. સિગરામમાં એમણે લીધેલી જગા ખાલી કરાવવા મથનાર કાવર ગોરા 'ખલાસીના' હાથનો સારી પેઠે માર પણ તેમણે ખાવો પડ્યો. છતાં તેઓ એકના બે ન થયા. એજ સિગરામમાં બેઠેલા બીજા ગોરા મુસાફરોને તેમને માર પડતો જોઈને દયા આવી. એમણે ગાંધીજીનું ઉપરાણું લીધું તેથી છેવટે મારનાર ગોરો ભોંઠો પડ્યો. આ જ મુસાફરીમાં, આગળ ઉપર ટ્રેનમાં પ્રથમ વર્ગની ટિકિટ સાથે બેસવા જતાં બીજા રેલ અધિકારીએ ફરી વાંધો ઉઠાવ્યો. પણ એ જ ડબ્બામાં બેઠેલા એક ગોરા મુસાફરે ગાંધીજીનો પક્ષ તાણ્યો અને ગાંધીજીએ કાયદેસર રીતે પોતાની મુસાફરી પ્રથમ વર્ગમાં બેસીને પૂરી કરી.

ગાંધીજીએ આ પ્રસંગને પોતાના જીવનમાં વધુમાં વધુ 'નવોન્મેષકારી' અનુભવ તરીકે વર્ણવ્યો છે. આ આખા પ્રસંગમાં સત્યાગ્રહના કેટલાક સિદ્ધાંતો આપણને જોવા મળે છે. તેને આમ ગણાવી શકાય.

૧. કોઈ પણ સંયોગોમાં અન્યાયને સાંખી લેવો નહીં.
૨. તેમ કરવામાં જે કષ્ટ પડે તે સ્વેચ્છાએ વેઠી લેવું.
૩. સત્યનો આ આગ્રહ અને કાયરતા બંને કદી સાથે ચાલી ન શકે.
૪. સત્યાગ્રહમાં વિરોધ અન્યાયી વ્યવસ્થાનો કરવાનો છે, અન્યાય કરનાર વ્યક્તિનો નહીં.
૫. સત્યાગ્રહ બદલો લેવા કે સામાને સજા કરાવવા ખાતર ન હોઈ શકે.
૬. કોઈ આખી પ્રજા એક સરખી દુષ્ટ નથી હોતી. દરેક પ્રજામાં સારા માઠા બંને પ્રકારના લોકો હોય છે.
૭. જાતે જાણી જોઈને કષ્ટ વેઠી લેવું એ અન્યાયનો પ્રતિકાર કરવાનું સાધન બની શકે છે.

કષ્ટસહન એ પોતાની વાતને સામાના દિલ સુધી પહોંચાડવાનું માધ્યમ બની શકે છે.

# ગાંધીજીએ આપણને માટીમાંથી મરદ બનાવ્યા

નારાયણ દેસાઈ

ભારત સેવક ગોપાલ કૃષ્ણ ગોખલે અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા બે રાષ્ટ્રનેતાઓએ ગાંધીજી વિષે એક વાત સરખી કરી છે કે તેમણે આપણને માટીમાંથી મરદ બનાવ્યા. ગાંધીજી વિષે ગોખલેજીનો અનુભવ દક્ષિણ આફ્રિકાના કાળનો હતો અને સરદારનો અનુભવ તેઓ ભારત આવ્યા ત્યાર પછીનો. ગોખલેજી વિનીત દળના આગેવાન અને સરદાર લોખંડી પુરુષ. સ્વભાવ અને વૃત્તિથી સાવ જુદી જુદી પ્રકૃતિના નેતાઓને ગાંધીજીમાં એક ગુણ સામાન્ય જણાયો, તે એમનો માટીમાંથી મરદ બનાવવાનો એટલે કે સાવ સામાન્ય શક્તિવાળા અને ઢીલા પોચા લોકોમાંથી અસામાન્ય શક્તિવાળી, બહાદુર અને ટકી રહેનારી વ્યક્તિઓ અને સમાજ ઘડવાની શક્તિનો. આ વાત ગાંધીજીએ તૈયાર કરેલા દેશસેવકોને પણ એટલી જ લાગુ પડે છે જેટલી તેમણે તૈયાર કરેલી આખા દેશની સામાન્ય જનતાને.

ગાંધીજીની સાથી પસંદ કરવાની રીત અનેરી હતી. તેઓ જાહેરખબરો આપીને કે પરીક્ષાના પરિણામો જોઈને સાથી પસંદ નહોતા કરતા. એનું મુખ્ય કારણ તો એ હતું કે તેમને પગારદાર કાર્યકર્તાઓ પસંદ કરવાના નહોતા. એમને તો એવા સાથીઓની જરૂર હતી જે પોતાના મહાન ઉદ્દેશને ખાતર પ્રાણ પાથરવા તૈયાર થઈ જાય, એવા સેવકો કે જે પગાર કે બીજી સગવડોની પરવા ન કરતા હોય. ગાંધીજી પાસે જે લોકો આવ્યા તે પણ એવા જ આવ્યા કે જેમણે પોતાના વ્યક્તિગત સ્વાર્થ કે સુખ-સગવડની કદી પરવા નહોતી કરી. એમના સુખ-સગવડની ચિંતા તો પાછળથી ગાંધીજીએ જાતે જ કરી હતી. આજ સુધી સાથીઓ, કર્મચારીઓ કે ચાકરો શોધવામાં સામાન્યપણે એ વાતનો વિચાર કરવામાં આવે છે કે એ વ્યકિત કેટલી યોગ્યતા ધરાવે છે. પણ ગાંધીજીની એ બાબતની રીત કાંઈક નિરાળી જ હતી. તેઓ એમ માનતા કે કોઈ વ્યકિત અયોગ્ય છે જ નહી. દરેકમાં કાંઇકને કાંઇક યોગ્યતા હોય જ છે. કોઈ એક બાબતમાં યોગ્ય હોય, તો કોઈક બીજી બાબતમાં. કસોટી તો પસંદગી કરનારની આવડતની છે. કોઈનેય અયોગ્ય ન ગણી, દરેકની ખાસ યોગ્યતા કઈ છે એ ખોળી કાઢી, તેને એની યોગ્યતા મુજબનું પણ મોટા કે ઊંચા ઉદ્દેશની પૂર્તિ કરનારું કામ સુઝાડવું એ પસંદગી કરનારની આવડત પર આધાર રાખે છે. આ બાબત વિષે, વર્ષોના અનુભવને આધારે, ગાંધીજી ઠીક ઠીક પાવરધા થયેલા હતા. તેથી તેમણે તેમની પાસે આવેલા લોકોને ઘણી વાર તો એવાં એવાં કામો સોંપ્યાં કે જેની આવનારાઓએ સ્વપ્નમાં પણ કલ્પના ન કરી હોય. પણ ઘણાખરા કિસ્સાઓમાં તો આમ સાવ નવી દિશામાં દોરવાયેલા લોકોએ એ નવા કામની પાછળ પોતાની આખી જિંદગી કાઢી નાખી હતી અને તેમ કરવામાં તેમણે પરમ સંતોષ ને આનંદ અનુભવ્યાં હતાં. અલબત, ગાંધીજીની પસંદગી કરવાની આ પદ્ધતિમાં કેટલીકવાર લોકો ઝાઝું ટકી શકતા નહીં અને તેઓ કાળની ચાળણીમાં ચળાઈ પણ જતા.

કોઈને પોતાની પાસે બોલાવવા સારુ ગાંધીજી સામાન્યપણે ખાસ આયાસ કરતા

નહીં. પોતે જે કામ ઉપાડયું હોય તેને પૂરું દિલ દઈને કરતા જાય અને પ્રવાહ-પતિત સાથીઓ તેમને આવી આવીને મળતા જાય.

દક્ષિણ આફ્રિકાથી ભારતમાં કાયમને સારુ વસવાટ કરવા આવ્યા પછી ગાંધીજી આગળ આવેલા કામોમાં ચંપારણના કિસાનોની તીનકઠિયા વ્યવસ્થાની તપાસનું કામ એ મહત્ત્વનું જાહેર હિતનું કામ હતું. એ કામ પાછળથી ચંપારણના સત્યાગ્રહ તરીકે જગજાહેર થયું. તે નિમિત્તે એકઠા થયેલા કાર્યકર્તાઓમાંથી કેટલાકને ગાંધીજીએ આજીવન સેવક અને સાથી કેવી રીતે બનાવ્યા એનો વિચાર કરીએ.

બિહારના એક ખેડૂતની ફરિયાદ સાંભળીને એની ફરિયાદમાં કેટલું વજૂદ છે એ જોવા નીકળેલા ગાંધીજીને ૧૯૧૭ માં ત્યાંની ભૂગોળનું પણ પૂરું જ્ઞાન નહોતું. પેલા ખેડૂત ભાઈ એમને કલકત્તા લેવા આવ્યા હતા. ત્યાંથી તેઓ બંને પટના ગયા ને પછી ઉત્તર બિહારમાં મુજફ્ફરપુર ગયા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહોની સફળતાને લીધે ગાંધીજીનું નામ ત્યાર સુધીમાં જાહેર કાર્યકર્તાઓમાં થોડું જાણીતું થઈ ગયેલું. પણ વ્યકિતગત રીતે બિહારના આગેવાનોયે તેમને ખાસ જાણતા નહોતા. બિહારના કિસાનો ઉપર ગળીનાં કારખાનાં ચલાવનાર મોટે ભાગે અંગ્રેજ માલિકો દ્વારા ગુજારવામાં આવતા જુલમોની તપાસ કરવા ગાંધીજી આવ્યા છે, એની જાણ પણ પટનાના જાણીતા વકીલોને ગાંધીજીનો પત્ર મળ્યો ત્યાર પછીથી જ થયેલી. પણ આ માણસ આટલે બધે દૂરથી આપણે ત્યાંના જુલમની તપાસ કરવા આવ્યો છે, તો આપણે પણ એને સાથ આપવો જોઈએ એવા વિચારથી થોડા દિવસો માટે કામચલાઉ રીતે, તેઓ ગાંધીજી પાસે ગયા. આ દરમિયાન ઉત્તર બિહારની કોર્ટમાં ગાંધીજી પર ચાલેલા ખટલાની અને તેમાં ગાંધીજીને મળેલી સફળતા અને સુયશની વાતો પટનાના આ નામાંકિત વકીલો પાસે આવી ગયેલી. તે દિવસોમાં જાહેર કામોમાં રસ ધરાવનારા ઘણાખરા કાર્યકર્તાઓ વકીલો જ હતા. બીજાઓ કરતાં વકીલોને જ પોતાની આજીવિકા મેળવી લીધા પછી સમાજ સારુ થોડો સમય ફાજલ પાડવાની નવરાશ મળતી, એ પણ કદાચ એનું એક કારણ હશે.

ગાંધીજી પાસે ચંપારણ આવેલા વકીલોમાં એક રાજેન્દ્રપ્રસાદ હતા. વકીલ તરીકે જાણીતા ખરા, પણ રાજકારણમાં તે ટાણે ચાંચ બુડાડેલી નહીં. ત્યાં આવનારાઓમાં સૌથી વરિષ્ઠ નહીં, પણ વરિષ્ઠમાંના એક ખરા. રાજેન્દ્રપ્રસાદ સારુ ગાંધીજી સાથે ચંપારણમાં ગાળેલાં આ થોડાં અઠવાડિયાં આખા જીવનમાં પલટો આણનારાં હતાં. તેથી તેમણે એને અંગે બે ત્રણ જગાએ પોતાનાં પુસ્તકોમાં એની નોંધ પણ કરી છે. કાર્યકર્તાઓને પરખી, પોતાની સોડમાં લઈ, તેમને પલોટવાની ગાંધીજીની રીત આ લખાણોમાં છતી થાય છે.

ગાંધીજીને જે કહેવું હોય તે કહેતાં પહેલાં તેઓ જાતે કરવા લાગતા. એક દિવસ આખા દિવસની મહેનતને અંતે આ વકીલોએ જોયું કે ગાંધીજી રાતે પોતાનાં કપડાં ધોતા હતા. વળી ગાંધીજીએ સર્વનાં કપડાં પણ ધોઈ આપવાની તત્પરતા દેખાડી. વકીલોએ શરમાઈને પોતાનાં કપડાં અઠવાડિયા સુધી ધોબી સારુ રાખી મૂકવાને બદલે જાતે ધોવા માંડયાં. ઘણાખરા વકીલો ન્યાતજતમાં માનતા હતા. ગાંધીજી પાસે આવ્યા ત્યારે પોત પોતાનો બ્રાહ્મણ રસોઈઓ સાથે

લાવેલા, એમના હાથનું રાંધેલું જ તેઓ ખાતા. ગાંધીજીએ કહ્યું કે આપણે એક સાથે એક ઉદ્દેશથી કામ કરીએ છીએ, તો એક સાથે એક પંગતમાં કેમ જમાય નહી? અને ચંપારણમાં શરૂ થયું સામૂહિક રસોડું. રસોડાની મુખ્ય જવાબદારી લીધી કસ્તુરબાએ. એમની મદદમાં રહ્યાં દુર્ગાબહેન દેસાઈ અને મણિબહેન પરીખ. ભાઈઓએ પણ રસોડામાં થોડી ઘણી મદદ કરવા માંડી. રસોઈઆઓ ઘેર પાછા ગયા. રાજેન્દ્રપ્રસાદે નોંધ કરી છે કે તેમણે પોતાની જિંદગીમાં પહેલી વાર પોતાના ઘરની સ્ત્રીઓ કે બ્રાહ્મણ સિવાયની બીજી કોઈ જાતિની વ્યકિતના હાથે રાંધેલી રસોઈ ખાધી! એમના જીવનમાં જાતિવાદ પર એ પહેલો આઘાત હતો, આ રાજેન્દ્રપ્રસાદ તે આઝાદ ભારતના પહેલા રાષ્ટ્રપતિ.

ગાંધીજી એક મણ ઉપદેશ કરતાં એક અધોળ આચરણને વધુ મહત્ત્વનું ગણતા અને આચરણ એ જ એમનું માટીમાંથી મરદ બનાવવાનું સૌથી મોટું સાધન હતું. સરદાર પટેલે કહ્યું હતું કે બીજા નેતાઓ અને ગાંધીજી વચ્ચે જયારે મેં એ ભેદ જોયો કે તેઓ જે કહે છે તે કરે છે, ત્યાર પછી જ હું ગાંધીજી તરફ આકર્ષાયો હતો.

વિનોબાજી ગાંધીજી તરફ આકર્ષાયા તેનું મુખ્ય કારણ એ હતું કે તેમને ગાંધીજીમાં આત્મશુદ્ધિ અને ક્રાંતિના કાર્યક્રમનો મેળ થતો દેખાયો હતો. તેથી જ તેઓ હિમાલય કે બંગાળ જવાને બદલે બનારસથી સાબરમતી તરફ વળ્યા હતા. કોચરબમાં ગાંધીજી સાથે પહેલી મુલાકાત થઈ ત્યારે તેમણે ગાંધીજીને રસોડામાં બેસીને શાક સમારતા જોયા. ગાંધીજીએ વિનોબાને પણ પોતાની સાથે શાક સમારતાં સમારતાં વાતો કરવા નોતર્યા, વિનોબાએ આને જ કર્મયોગની દીક્ષા માની હતી.

મહાદેવભાઈ દેસાઈ જ્યારે નવા નવા ગાંધીજી સાથે જોડાયા ત્યારે તેમને એકવાર રસોઈ કરવાનું સોંપાયું હતું. મહાદેવ ભાઈને રસોઈ બનાવતાં આવડતી નહોતી. તેથી રસોઈ બનાવતાં તેમની આંખમાંથી અશ્રુબિંદુ ઝરતાં. ગાંધીજીએ એમને રસોઈ બનાવવાનો પહેલો પદાર્થ પાઠ આપ્યો હતો. અને ગાંધીજી દ્વારા બનાવેલ ભોજનના સ્વાદને મહાદેવભાઈએ દિવ્ય સ્વાદ તરીકે વર્ણવ્યો હતો.

ગાંધીજી પોતાની પાસે આવનાર કાર્યકર્તાઓની કસોટી કરવાનું પણ ચૂકતા નહીં. બલ્કે પોતાના નીવડેલા સાથીઓની તો તેઓ સતત કસોટી કરતા રહેતા. આ કસોટીથી કાર્યકર્તાઓ વધુ ઘડાતા. અલબત, કેટલાક આને લીધે ખરી પણ પડતા. પણ ગાંધીજીનું ઉપાડેલું કામ તેથી વધુ શુદ્ધ બનતું. વળી કેટલાક કાર્યકર્તા એક યા બીજા કારણસર કામમાંથી બહાર નીકળી જાય તે છતાં ગાંધીજી તેમને સાચવી પણ લેતા.

માણસમાં રહેલી મૂળભૂત ભલાઈમાં શ્રદ્ધા ધરાવનાર ગાંધીજી કોઈ માણસ વિશ્વાસને પાત્ર નથી એમ સિધ્ધ થાય ત્યાં સુધી કોઈનો, અરે, પોતાને દુશ્મન ગણનાર સુદ્ધાંનો, પણ અવિશ્વાસ કરવા તૈયાર નહોતા. એમેય એઓ માણસને જલદી ઓળખી લેતા. અને એક વાર ઓળખ્યા પછી સહવાસ દરમિયાન એમની ઉપર પૂરો ભરોસો રાખતા.

❖

# દેશે ગાંધીજીને જ રાષ્ટ્રપિતા કેમ માન્યા?

નારાયણ દેસાઈ

ગાંધીજીને સૌથી પહેલા રાષ્ટ્રપિતા કહેનાર નેતાજી સુભાષચંદ્ર બોઝ હતા. જેણે આખી જિંદગીમાં કોઈ સત્તાનું પદ નહોતું સંભાળ્યું કે, નહોતી એવી કોઈ ખેવના રાખી એને એની જોડે તીવ્ર મતભેદ ધરાવનારા નેતાજીએ એની હયાતી દરમિયાન 'રાષ્ટ્રપિતા' કહ્યા અને એમના મરણ પછી રાષ્ટ્રની સંસદે એ પદને વધાવી લીધું. સામાન્ય રીતે રાષ્ટ્રપિતા ગુલામીમાંથી મુક્ત થયેલા રાષ્ટ્રના પ્રથમ રાષ્ટ્રપતિને કહેવાય છે. ગાંધીજીએ દેશ આઝાદ થયો ત્યાર પછી એવું કોઈ પદ ગ્રહણ નહોતું કર્યું. એમણે એવું પદ ઈચ્છ્યું હોત તો તેમને ચોક્કસ તે મળ્યું હોત. પણ તેમણે તે ન ઈચ્છ્યું તેની પણ કોઈને ખાસ નવાઈ લાગી નહોતી. બલ્કે એમને માટે તો એ જ સ્વાભાવિક હતું એમ લોકોએ માની લીધું એમ કહી શકાય. 'મહાત્મા' શબ્દનો પણ એમને બોજો લાગતો. પણ ત્રણ ત્રણ દાયકા સુધી તેમણે તે વેંઢારવો પડ્યો હતો. એમને સદ્ભાગ્યે અને દેશને દુર્ભાગ્યે ગાંધીજીને રાષ્ટ્રપિતાપદનો બોજો વેંઢારવો નહોતો પડ્યો. એમનું સદ્ભાગ્ય એટલા માટે કહ્યું કે જે રાષ્ટ્રના એમને પિતા કહેવામાં આવ્યા તેના ભાગલા પડી ચૂક્યા હતા અને બંને ભાગો ભડકે બળતા હતા. દેશનું દુર્ભાગ્ય એટલા માટે કહ્યું કે દેશ એમના વિના પિતાના શિરછત્ર વિહોણો બન્યો હતો.

નેતાજી સુભાષચંદ્ર બોઝને ગાંધીજી સાથે ઘણા મતભેદ હતા. મુખ્ય મતભેદ એમની કાર્યપદ્ધતિ અંગે હતો. દેશને સ્વતંત્ર કરવા બીજા દેશની મદદ મળે તો તે લેવી જોઈએ એમ સુભાષ બાબુ માનતા હતા. ગાંધીજી એમ માનતા હતા કે બીજા દેશની મદદથી જો સ્વતંત્રતા આવે તો એક દેશની ગુલામીને બદલે બીજા દેશની ગુલામી આવી શકે. હિંસા-અહિંસાના મુખ્ય મતભેદ ઉપરાંત આ બીજો મતભેદ હતો.

ગાંધીજી અને સુભાષ બાબુ વચ્ચે બીજાયે મતભેદો હતા પણ તે છતાંય તેમણે ગાંધીજીને 'રાષ્ટ્રપિતા' કેમ કહ્યા હશે? કારણ તેઓ રાષ્ટ્રભક્ત હતા અને ગાંધીજીને તેમણે રાષ્ટ્રને ઘડતા જોયા જાણ્યા હતા. ગાંધીજી રાષ્ટ્રના ઘડવૈયા હતા.

દેશ એની ભૌગોલિક કે રાજનૈતિક સીમાથી બને છે. રાષ્ટ્ર માત્ર એના ઇતિહાસથી નહીં, પણ એની ભાવનાત્મક એકતાથી બને છે. કેટલાક દેશોને એની ભાવનાત્મક એકતા એની ભાષા આપે છે. બાંગ્લાદેશનું ઉદાહરણ આપણી પડોશમાં જ છે. કેટલાક દેશો ધર્મની એકતાને પોતાના રાષ્ટ્રનો પાયો બનાવે છે. પાકિસ્તાન એનું ઉદાહરણ છે. કેટલાક દેશોને રાષ્ટ્રત્વ ત્યાંના રાજવીને લીધે મળે છે. નેપાળ એનો દાખલો છે. આપણા દેશમાં અનેક ભાષાઓ હતી. આપણા દેશને રાષ્ટ્રત્વ સાંપડયું એની ભાવનાત્મક એકતાથી. આ દેશ ગુલામ છે, એને સ્વતંત્રતા મળવી જોઈએ એ વાત કહેનાર ગાંધીજી કોઈ પહેલા માણસ નહોતા. ગાંધીજીના જેટલો જ સ્વતંત્રતાનો પ્રેમ એમના પહેલાંયે ઘણાઓને હતો અને ગાંધીજીની હયાતી દરમિયાન પણ ઘણાને હતો. તો ગાંધીજીની એવી તે કઈ વિશેષતા હતી કે જેને લીધે સ્વતંત્ર દેશની સંસદે તેમને જ રાષ્ટ્રપિતા

કહ્યા?

તે વિશેષતા એ હતી કે એમણે આવડા મોટા અને આટલી બધી વિવિધતાવાળા દેશને રાષ્ટ્રીયતાની એક ભાવનાથી જોડયો કે ઘડ્યો. એમણે અલગ અલગ પુષ્પો એક સૂત્રમાં બાંધી માત્ર એક માળા જ ન બનાવી પણ તેનો એક ગુલદસ્તો રચ્યો. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એ રાષ્ટ્રને માનવોનો મહાસાગર કહ્યો હતો. સાગર-જલમાં જેમ બધી નદીઓ એકરૂપ થઈ જાય છે, તેમ અહીં બધી વિભિન્નતાઓ, એકતામાં સમાઈ જાય છે.

ગાંધીજીનો પુરુષાર્થ આ દેશને આવી એકતા આપવાનો હતો. તેથી તેમને સુભાષ બાબુએ 'રાષ્ટ્રપિતા' કહ્યા. એમના એ શબ્દે આખા દેશના અવાજનો પડઘો પાડ્યો હતો. રાષ્ટ્રની ઈમારતને ગાંધીજીએ એક એક ઇંટ ગોઠવી ગોઠવીને ઘડી હતી.

અમદાવાદના સર્કિટ હાઉસમાં જ્યારે ખાસ અદાલતમાં ખટલો ચાલ્યો ત્યાં ન્યાયાધીશ મિ. બ્રુમફીલ્ડે ગાંધીજીને નામ ઠામ પૂછી એમનો ધંધો પૂછ્યો. ગાંધીજી આ પ્રશ્નનો જવાબ 'દેશભક્તિ' કે 'સમાજ સેવા' કે એવો કોઈ આપી શક્યા હોત, જેમ બીજા ઘણા લોકો આપતા હતા. પણ ગાંધીજીએ જવાબ આપ્યો 'ખેડૂત' અને 'વણકર.' આ રીતે તેમણે બે મોટા વર્ગો જોડે પોતાની આત્મીયતા પ્રગટ કરી.

ગાંધીજીનો આ જવાબ જોત જોતાંમાં તો આખા દેશમાં પ્રસરી ગયો અને એણે જરૂર સંખ્યાબંધ ખેડૂતો અને વણકરોના હ્રદયમાં એ પડઘો પાડ્યો હશે કે આ આપણા માંહ્યલો માણસ છે. આ લોકો એ વાત પણ જોઈ સમજી શક્યા હશે કે આ જવાબ કોઈ છાપામાં પ્રચાર કરાવવા કહેવાયો નહોતો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં બૅરિસ્ટરી છોડીને ફીનિકસમાં છાપખાનાના બીબાં ગોઠવવાની જોડે જોડે ખેતીનું કામ કર્યું હતું અને સાબરમતીમાં તેમણે હાથસાળ પર ખાદી વણી હતી. પ્રત્યક્ષ એ કામની સાથે એમના હ્રદયના તાર પણ ખેડૂતો અને વણકરો જોડે સંધાતા જતા હતા. સંત કબીર જ્યારે સાળ પર બેસતા ત્યારે તેમના અંતરના તાર જેમ એમના 'સાહેબ' એટલે કે પરમાત્મા જોડે સંધાઈ જતા, તેમ ગાંધીજીના દરેક કામમાં સત્યની શોધ હતી અને નિરાકાર સત્યના દર્શન તેમને સાકાર દરિદ્રનારાયણમાં થતા. તેથી જ સાવ સહજ રીતે એમનાથી જવાબ અપાયો 'ખેડૂત અને વણકર.' દેશના ખેડૂતો અને વણકરો એ જોઈ શક્તા કે ગાંધીજીનો નિરંતર પ્રયાસ પણ એમની માફક મહેનત અને ગરીબીનું જીવન જીવવાનો હતો. ગાંધીજીનો ન્યાયાધીશને અપાયેલો જવાબ અકૃત્રિમ હતો, તેથી તે એકાત્મ્ય સાધક હતો. તેઓ જોઈ શકતા કે ગાંધીજીના આશ્રમમાં ખેતી પણ થતી અને વણાટકામ પણ થતું. એમના આશ્રમમાં, ખેડૂતો પણ હતા અને વણકર પણ હતા.

ગરીબો કે સામાન્ય જનતા અથવા અભણ ગણાતી જનતા સાથે તાદાત્મ્ય સાધવાનો ગાંધીજીનો બીજો ઉપાય માતૃભાષા વિષેના એમના આગ્રહરૂપે પ્રગટતો. તેઓ પોતે તો ગુજરાતમાં ગુજરાતીમાં અને ગુજરાત બહાર હિંદીમાં બોલતા કે ભાષણ કરતા જ પણ જે સભાઓ પોતે ગોઠવેલી હોય તેમાં બીજા નેતાઓ પાસે પણ તેમ જ કરાવવાનો આગ્રહ રાખતા. ગાંધીજી પહેલાંની નેતાગીરીમાં અંગ્રેજીમાં ભાષણ કરવાનો રિવાજ હતો. સુરેન્દ્ર નાથ બેનર્જીને

એક વાર બંગાળનાં ગામડાંઓમાં બંગાળીમાં બોલવું પડેલું એ વાતનું એમને પોતાને જ એટલું કૌતુક હતું કે પોતાની આત્મકથામાં એને વિષે એક પ્રકરણ લખી નાખ્યું 'હું બંગાળીમાં બોલ્યો!' ગોધરાની રાજકીય પરિષદમાં ગાંધીજી ઝીણા પાસે ગુજરાતીમાં વ્યાખ્યાન કરાવવામાં સફળ થયા હતા એમ સાંભળી સરોજિની નાયડુએ ગાંધીજીને લખેલું કે તમે હિંદુ-મુસ્લિમ એકતાં કરતાં અઘરું કામ પાર પાડ્યું કહેવાય! ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદ આવ્યા ત્યારે તેઓ ગુજરાતી કરતા અંગ્રેજી વધુ સારી લખતા. પણ તેમણે પોતાના ઘણા ખરા ગ્રંથો ગુજરાતીમાં જ લખ્યા છે. ગુજરાતી ભાષાના આગ્રહને લીધે તેઓ ગુજરાતની સામાન્ય જનતાના હ્રદયમાં પ્રવેશ કરી શક્યા. વળી એમની બોલવાની અને લખવાની ભાષા ખૂબ સરળ હતી. એનાથી તેઓ અભણ લોકો સુધી પણ પહોંચી શક્યા અને બીજી તરફ એમણે ગુજરાતી સાહિત્ય પર પણ એવો પ્રભાવ પાડ્યો કે એના ઇતિહાસમાં એક આખા કાળને 'ગાંધીયુગ' જ કહેવામાં આવ્યો. આમ ગાંધીજીએ માતૃભાષાના આગ્રહને લીધે દેશની સામાન્ય જનતામાં એકતાની ભાવના લાવવામાં મોટો ફાળો આપ્યો હતો.

ગાંધીજીએ દેશમાં આવ્યા પછી કોંગ્રેસ સંસ્થાને પોતાનું માધ્યમ બનાવીને કામ કર્યું હતું. એના વહેવારમાં પણ તેમણે પ્રાન્તોમાં માતૃભાષાઓનો અને પ્રાન્ત પ્રાન્ત વચ્ચેના સંબંધો વખતે હિંદી ભાષાના વહેવારનો આગ્રહ રાખ્યો હતો. હિંદી સાહિત્ય સમ્મેલન, નાગરી પ્રચારિણી સભા વગેરની પ્રવૃત્તિઓમાં તેઓ રસ લેતા અને દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભાના તો તેઓ જનક જ હતા. દક્ષિણમાં હિંદીનો પ્રચાર કરવા સારુ તેમણે પોતાના સૌથી નાના દીકરા દેવદાસને ખાસ મોકલ્યા હતા. આખા દેશમાં અહિંદી ભાષીઓને રાષ્ટ્રભાષા શીખવવામાં ગાંધીજીની પ્રેરણાએ બહુ મોટો ભાગ ભજવેલો. રાષ્ટ્રીય એકાત્મતાના ઘડતરની આ પણ એક ઈંટ હતી.

અહીં એક વ્યક્તિગત કિસ્સો ટાંકવાની રજા લઉં છું. એક પ્રસંગે ગાંધીજીએ મને પૂછેલું કે તારે ભવિષ્યમાં શું કરવું છે? મેં તેમને કહ્યું કે 'આપના કેટલાક સાથીઓ રાજકારણ કરે છે અને બીજા સાથીઓ રચનાત્મક કામમાં છે. મારે એ બંને વચ્ચેના સેતુ બનવું છે.' ગાંધીજીએ એક ક્ષણના પણ વિલંબ વિના મને એને માટેનો પાઠ્યક્રમ સૂચવેલોઃ 'એ તો બહુ સહેલું છે. તું એમ કર. ખાદીકામની બધી પ્રક્રિયાઓમાં પ્રવીણ બની જા, અને દેશની બધી ભાષાઓ શીખી લે!'

ગાંધીજીનો એ સહેલો પાઠ્યક્રમ અલબત હું ત્યાર પછી સાઠ વર્ષે પણ પૂરો કરવા નથી પામ્યો! પરંતુ આ પાઠ્યક્રમમાં જ દેશની એકાત્મતાની ચાવી પણ હતી એ સમજવું બહુ મુશ્કેલ નથી.

દેશને એક જાગૃત રાષ્ટ્ર બનાવવા ગાંધીજીએ એક બીજો પણ પુરુષાર્થ કર્યો હતો. દેશની અર્ધોઅર્ધ વસ્તી સ્ત્રીઓની છે. જો સ્ત્રીઓ જાગૃત ન હોય તો અર્ધો દેશ ઊંઘતો રહે ઉપરાંત દેશનાં બાળકોમાં પણ ચેતના લાવવાનું કામ મુખ્યત્વે એમની માતાઓ જ કરતી હોય છે. સ્ત્રીઓને રાષ્ટ્ર વિષે જાગૃત કરવાનું કામ ગાંધીજીએ કર્યું એટલું ભાગ્યે જ બીજા કોઈએ કર્યું હશે. સ્ત્રી-શિક્ષણના મહાન આચાર્ય મહર્ષિ કર્વએ કહ્યું હતું કે 'સ્ત્રીઓની જાગૃતિનું જેટલું કામ મેં અર્ધી સદીમાં કર્યું એટલું ગાંધીજીના નમક સત્યાગ્રહે કર્યું.' સ્ત્રીઓમાં રાષ્ટ્રીયતાની ભાવના ભરવી

એ ગાંધીજીના રાષ્ટ્રઘડતરના કામનું એક મહત્ત્વનું અંગ હતું.

'અસ્પૃશ્ય' કહેવાતા કરોડો લોકો સાથે દેશના ઘણાખરા સવર્ણ હિંદુઓનો વહેવાર અત્યંત અન્યાયપૂર્ણ અને શરમજનક હતો. ઘણી જગાએ તો તેમને માણસમાં જ ગણવામાં આવતા નહોતા. ગાંધીજીએ અસ્પૃશ્યતાને હિંદુ ધર્મનું કલંક કહી. એમની ઉમ્મરનાં છેલ્લાં ૧૪ વર્ષો સુધી પોતાના મુખપત્રોને તેમણે કહેવાતા અસ્પૃશ્યોને પોતે આપેલા 'હરિજન' નામ સાથે જોડ્યા. ખાસ એમની સેવા સારુ તેમણે હરિજન સેવક સંઘની સ્થાપના કરી. પોતાનાં આશ્રમોમાં અસ્પૃશ્યોનાં ગણાતાં મળમૂત્ર સફાઈનાં કામ, મુએલાં ઢોરનાં ચામડાં ચીરવા અને ચંપલ-જોડા સીવવાનું કામ, વણાટકામ વગેરે કર્યાં કરાવ્યાં હતાં. કોચરબ આશ્રમમાં આવતાં વેંત તેમણે આશ્રમમાં એક અસ્પૃશ્ય કુટુંબને વસાવ્યું હતું અને તેને પરિણામે આર્થિક બહિષ્કાર અને બીજી બાજુ કુટુંબને ક્લેશ વેઠવો પડે એવી સ્થિતિ આવી હતી. અનેક ઠેકાણે તેમને જાહેર સભાઓમાં સનાતનીઓ દ્વારા કાળા વાવટા વગેરે દેખાડવામાં આવ્યા હતા. તેમની સ્થાપેલી સંસ્થા આજ સુધી દલિતોને શિક્ષણ વગેરે કામો બાબત સહાયતા કરે છે. રાષ્ટ્ર-ઘડતરમાં ઊંચ નીચના ભેદ ભુલાવવા તેમણે જે પ્રયાસો કર્યા તેને પરિણામે આ દેશમાંથી અસ્પૃશ્યતા નાબૂદ તો નહોતી થઈ, પણ તે અપ્રતિષ્ઠિત તો થઈ જ ગઈ હતી.

રાષ્ટ્રીય એકતાનો એક એવો જ બીજો પ્રયાસ પણ થયો પણ અધૂરો રહ્યો હતો. તે હતો કોમી એખલાસનો પ્રયાસ. આ પ્રયાસમાં તેઓ પૂરા સફળતો નહોતા થયા.

છેવટે આ પ્રયાસમાં જ તેમણે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું પણ આ અધૂરો કે પૂરો સફળ થયેલો પ્રયાસ પણ આ દેશને એક રાષ્ટ્રીયતા બક્ષવામાં મદદગાર જ નીવડ્યો હતો એમ કહી શકાય. કોમી એખલાસના હેતુથી તેમણે ખિલાફત આન્દોલનમાં ભાગ લીધો હતો અને એ આન્દોલનને શાંતિપૂર્ણ રાખવામાં તેઓ સફળ થયા હતા.

એ જ હેતુથી તેમણે એક વાર ૨૧ દિવસના અને બે વાર આમરણ અનશન આદર્યાં હતા. એને સારુ જ તેમણે નોઆખલી અને બિહારનાં ગામડાઓમાં અને કલકત્તા અને દિલ્હી જેવી મહાનગરીઓમાં જાનને જોખમે શાંતિ સ્થાપવાના પ્રયત્ન કર્યા હતા. અલબત છેવટના પ્રયાસમાં તેમને સફળતા નહોતી સાંપડી પણ તેમણે ભાગલાને સ્વીકાર્યા નહોતા. ભાગલા પછી દેશે તેમને રાષ્ટ્રપિતા તરીકે સન્માન્યા હતા અને વિભાજિત દેશના બીજા ભાગે પણ એમને આદર માન જ આપ્યાં હતાં.

દેશને એક રાષ્ટ્રનું રૂપ આપવા સારુ ગાંધીજીને ઘણા ક્ષેત્રોમાં ઘણીબધી રીતના પ્રયાસો કરવા પડ્યા હતા. વર્ગ, જાતિ, સંપ્રદાય, ભાષા, લિંગ વગેરેના ભેદોને કાઢવાના તેમણે જે મુખ્ય મુખ્ય પ્રયાસો કર્યા હતા તે ઉલ્લેખનીય છે.

આ બધા પ્રયાસો પાછળ ગાંધીજીએ જે ઝીણવટભરી કાળજી દેખાડી હતી અને અનેક મતમતાન્તરો તથા અનેક પરસ્પર વિરોધી હિતો વચ્ચે પણ સમતુલા જાળવી રાખી સમગ્રના હિતમાં એક જૂથ કે સમૂહના હિતને કેવું ગૌણ રાખ્યું હતું તેનો વિચાર કરવો જોઈએ.

❖

# ગાંધીજી વિશેની ગેરસમજો સમજીએ

નારાયણ દેસાઈ

જેણે જાહેર જીવનમાં પાંચ છ દાયકા ગાળ્યા હોય તેને વિષે કાંઈકને કાંઈક ગેરસમજૂતી તો થાય. જેણે પોતાની કિતાબ દુનિયા આગળ ખુલ્લી રાખી હોય ત્યાં એ કિતાબનાં જુદાં પ્રકારનાં ભાષ્યો થાય અને તેમાં પણ ગેરસમજૂતી થવાનો સંભવ રહે. કેટલીક સમજૂતીઓ એવી હોય છે કે જેને સાચા અર્થમાં ગેરસમજૂતી ન કહી શકાય. મતભેદ કે વિરોધ, ઈર્ષા કે તેજોદ્વેષ વગેરેને લીધે જાણી જોઈને ફેલાવવામાં આવેલી એ એવી વાતો હોય છે કે જેને ગેરસમજૂતી કરતાં અફવા કે અપપ્રચાર કહેવું વધારે યોગ્ય કહેવાય. પણ એવા પ્રચાર પાછળ પણ કાંઈક ગેરસમજૂતી હોવાનો સંભવ માની લઈને આપણે એની ગણના પણ ગેરસમજૂતીમાં કરી શકીશું.

ગાંધીજી વિષેની ગેરસમજૂતીઓ પેદા કરવામાં ગાંધીજીની કલમ પોતે પણ જવાબદાર રહી છે. પોતાની ભૂલોને ગાંધીજી રજની ગજ કરીને કહેતા અને બીજા કોઈ કરે એના પહેલાં એઓ જાતે જ છાપરે ચડીને એની કબૂલાત કરતા. આવી કબૂલાતને લીધે પણ ગાંધીજી વિષે ગેરસમજૂતીઓ ફેલાવા પામી છે, એમની પાસે અમુક પ્રકારની અપેક્ષા રાખનારની અપેક્ષા જો પૂરી ન થઈ હોય તો નિરાશ વ્યક્તિએ જે વરાળ કાઢી હોય તેને લીધે પણ ગેરસમજૂતી ફેલાઈ શકે ખરી. ગાંધીજીના જીવન અંગે ઉત્પન્ન થયેલી કેટલીક ગેરસમજૂતીઓ આ છેલ્લા પ્રકારના કારણને લીધે પણ ઉત્પન્ન થઈ હોય.

શું ગાંધીજીએ પોતાનાં કુટુંબીજનોને અન્યાય કર્યો હતો?

ગાંધીજી વિષે એમ કહેવાય છે કે એમણે પોતાનાં કુટુંબીજનોને અન્યાય કર્યો. એમને પ્રત્યે ધ્યાન ન આપ્યું અથવા એમને જેવી મદદ કરવી જોઈએ તેવી ન કરી. આ વાત વધુમાં વધુ કોઈ સંબંધ વિષે લાગુ પડતી હોય તો એમના મોટા પુત્ર હરિલાલ સાથેના સંબંધ અંગે લાગુ પડે એમ છે. હરિલાલે ગાંધીજી જોડે વાતચીતોમાં અને પત્રોમાં આને અંગેનો રોષ પણ પ્રગટ કર્યો હતો. હરિલાલ ભાઈની મુખ્ય ફરિયાદ એ હતી કે ગાંધીજીએ એમને ભણાવ્યા નહીં અને આગળ ભણવા સારુ વિલાયત જવાનો મોકો હતો તે તેમણે બીજા જુવાનિયાઓને આપ્યો, પણ પોતાના પુત્રને ન આપ્યો. હરિલાલ ભાઈ જ્યારે ભણવા જેવાં થયા ત્યારે ગાંધીજીની જીવનશૈલી જાહો- જલાલીમાંથી સાદગી તરફ વળી રહી હતી. બાળ શિક્ષણ અંગે પણ તેમણે નવા વિચારો શરૂ કર્યા હતા. પોતાના વિચારો મુજબ ગાંધીજીએ બીજા દીકરાઓને તો આશ્રમી કેળવણી આપી. પણ હરિલાલ ભાઈને એ માન્ય નહોતી. તેમણે હિંદુસ્તાનમાં રહીને ભણવાનું પસંદ કર્યુ હતું. પણ ભારતની શાળાઓમાં તેઓ તેજસ્વી વિદ્યાર્થી નહોતા. ત્રણ ત્રણ પ્રયાસો છતાં તેઓ મેટ્રિક પાસ નહોતા થઈ શક્યા. ગાંધીજીને મોટો દીકરો એ પ્રકારનું શિક્ષણ લે તે રૂચતું નહોતું. છતાં તેમણે એમને ભારત રહીને ભણવાની છૂટ આપી હતી. આ કાળ દરમિયાન

હરિલાલ ભાઈના લગ્ન થયાં હતાં, જેમાં ગાંધીજીના રાજકોટ રહેતા વડીલોએ વધુ ભાગ ભજવ્યો હતો. દીકરો આટલો વહેલો પરણે તે ગાંધીજીને ગમ્યું નહોતું. પણ તેમણે તે સાંખી લીધું હતું. હરિલાલભાઈ ત્યાર બાદ દક્ષિણ આફ્રિકા આવ્યા હતા.

તેમણે ત્યાંના સત્યાગ્રહોમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પણ તેમને ફીનિકસ આશ્રમની જીવન શૈલી ઝાઝી જચતી નહોતી. ઇંગ્લેંડ રહેતા ગાંધીજીના એક મિત્રે ફીનિક્સના કોઇ જુવાનને ઇંગ્લેંડમાં તાલીમ આપવાનો ખર્ચ ઉપાડવાનું માથે લીધું. હરિલાલભાઈને એમ હતું કે ગાંધીજી એમને જ વિલાયત મોક્લશે, પણ ગાંધીજીએ તેમ ન કર્યું. જે છોકરો વિલાયત જાય તે અમુક પ્રકારની શિસ્ત પાળે અને પાછો આવીને ફીનિક્સ આશ્રમમાં કામ કરે એવી ગાંધીજીની શરત હતી. હરિલાલભાઈ એમ બંધાવા તૈયાર નહોતા. વિલાયત ગયેલ પહેલો વિદ્યાર્થી નાદુરસ્ત તબિયતને કારણે પાછો આવ્યો. ત્યારે તો હરિલાલભાઈને એવી આશા હતી કે હવે એમનો નંબર લાગશે. પણ ગાંધીજીએ એ વખતે પણ એક બીજા જુવાનિયાની પસંદગી કરી. સત્યાગ્રહ અંગે જેલમાં બેઠા હરિલાલભાઈએ આ અંગે ખૂબ ખિન્નતા અનુભવી અને છેવટે તેમણે આફ્રિકા છોડવાનો નિશ્ચય કર્યો. એમનાં પત્ની અને બાળકો આફ્રિકામાં જ રહ્યાં. અને જ્યાં સુધી ત્યાં રહ્યાં ત્યાં સુધી ગાંધીજીએ એમનો રહેવા ખાવાનો બધો ખર્ચ કર્યો. ભારત ગયા પછી હરિલાલ ભાઈએ કાંઈક કામધંધો શોધવા પ્રયત્ન કરવા માંડયો. પણ અનેક જગાએ પ્રયત્નો કરવા છતાંયે તેઓ કયાંય સ્થિર થઈ શક્યા નહીં. એ દરમિયાન તેમનાં પત્નીનું અવસાન થયું. ત્યાર પછી હરિલાલભાઈની માનસિક સ્થિતિ વધુ કફોડી થઈ. હરિલાલ ભાઈ પિતા જેવા સ્વમાની હતા, સ્પષ્ટવક્તા હતા અને કુટુંબ—પ્રેમી હતા. માત્ર કામધંધામાં તેઓ સરખા ગોઠવાઈ શક્યા નહીં. દરમિયાન તેમને દારૂની લત લાગી ને એ લત એમને વધુ ઊંડા અંધકારમાં લઈ ગઈ.

આ આખા ગાળા દરમિયાન પિતા-પુત્ર બંનેને પરસ્પર પ્રેમ તો હતો જ, પણ બંનેની રહેણી કરણી જુદી હતી. હરિલાલ ભાઈએ પોતાનો ધંધો જમાવવા સારુ દેવું કર્યું અને એ દેવું ભરપાઈ કરી ન શક્યા, તેનાથી ગાંધીજીને ભારે ખેદ થયો. ગાંધીજી ત્યાર સુધીમાં પોતાની અંગત સંપત્તિ તો વિસર્જિત કરી ચૂક્યા હતા, પણ પોતાનો પુત્ર કરેલું ઋણ ન ચૂકવે એ એમને મન અસહ્ય વેદના આપનાર વસ્તુ થઈ પડી. બે એક વાર ગાંધીજી હરિલાલ ભાઈને પોતાની પાસે આશ્રમમાં લાવી શક્યા હતા. પણ પોતાની કેટલીક ટેવોને લીધે હરિલાલ ભાઈ સારુ આશ્રમમાં રહેવું અશક્ય લાગ્યું. તેથી તેઓ આશ્રમ છોડી ગયા. દરમિયાન ગાંધીજીને બદનામ કરવામાં પોતાની સફળતા માનનારા લોકોએ હરિલાલ ભાઈને દારૂ વગેરેની લાલચ આપીને તેમની પાસે ધર્મ પરિવર્તન કરાવ્યું. થોડા સમય બાદ હરિલાલ ભાઈ ફરી ધર્મપરિવર્તન કરીને હીરાલાલ તરીકે રહેવા લાગ્યા, પણ ગાંધીજીથી છેટા લગભગ ગુપ્તવાસમાં. કોઈ કોઈ વાર મળી જાય ત્યારે ગાંધીજી અને કસ્તુરબા હરિલાલ ભાઈને પાછા આવીને પોતાની સાથે રહેવા સમજાવતા રહ્યા. પણ તેમાં તેઓ સફળ ન થયા.

હરિલાલ ભાઈનાં બાળકોને ગાંધીજીએ પોતાના આશ્રમમાં રાખી મોટાં કર્યાં. આમ આ સંબંધ પરસ્પર સ્નેહનો છતા જુદી જુદી જીવન શૈલીનો હતો. ગાંધીજી પોતાની જીવન શૈલી બાબત કે સિધ્ધાન્તો બાબત કોઈ અપવાદ કરાય જ નહીં એમ માનતા. ગાંધીજીએ પોતાના પુત્રને અન્યાય કર્યો કહેનારા લોકો ગાંધીજીને પોતાના ગજથી માપે છે. બહુ સંભવ છે કે ગાંધીજીએ પોતાની 'લાગવગ' લગાડીને હરિલાલ ભાઈ સારુ કાંઈક સગવડો કરી આપી હોત તો આ જ ટીકાકારો ગાંધીજીએ પક્ષપાત કર્યો એવો આક્ષેપ કરત!

શું ગાંધીજીએ કસ્તુરબાને અન્યાય કર્યો હતો?

કુટુંબમાં બીજા કોઈને ગાંધીજીએ અન્યાય કર્યો હોય તો તે કસ્તુરબાને એમ પણ કહેવાય છે. પોતાની આત્મકથામાં 'ધણીપણું' નામનું પ્રકરણ લખી અને દક્ષિણ આફ્રિકામાં એક પંચમ મૂળના સાથીના પેશાબનાં પૌટ સાફ કરવા કસ્તુરબા તૈયાર નહોતાં થયાં ત્યારે ગાંધીજીએ તેમને ઘર છોડવા સારુ કહ્યું હતું. એ પ્રસંગ ગાંધીજીએ જાતે જ આત્મકથામાં લખીને દુનિયા સમક્ષ જાહેર કર્યો છે. કસ્તુરબા બીજાના પોટ સાફ કરવા તૈયાર થાય, પણ દલિતનો પોટ સાફ કરવામાં કોચવાય એ ગાંધીજીને માટે અસહ્ય હતું. તેઓએ ઉશકેરાઈને કસ્તુરબાને બારણું દેખાડ્યું એ સાચું, પણ કસ્તુરબાએ જ્યારે એમને ભાન કરાવ્યું કે આ તો આપણા બંને સારુ લજ્જાનો વિષય થશે, ત્યારે ગાંધીજી તરત સમજી ગયા હતા અને એવું કોઈ પગલું તેમણે ભર્યું નહોતું. કસ્તુરબાનું જીવન ગાંધીજીના જીવન સાથે સતત વિકાસ પામતું રહ્યું. ગાંધીજી જે કામ બૂધ્ધિપૂર્વક કરતાં તે કામ કસ્તુબા શ્રધ્ધાપૂર્વક કરતાં. સાઠેક વરસના દામ્પત્યમાં કસ્તુરબાએ ગાંધીજીને પૂરો સાથ અને ગાંધીજીએ કસ્તુરબાને પૂરા સ્નેહાદર આપ્યા હતા. સિધ્ધાન્તને ખાતર કુટુંબીજનોનાં કષ્ટો ન જોવાં એ ગાંધીજી સારુ નવાઈનો વિષય નહોતો. એમનાં મોટાં બહેન રળિયાત બહેન આભડ છેટની ભાવના દૂર કરી શક્યાં નહોતાં. ગાંધીજી તેમને આદર આપતાં. મળે ત્યારે તેમને પગે પણ લાગતા, પણ તેમને સારુ અપવાદ કરીને આશ્રમની 'સ્વર્શભાવના'માં બાંધછોડ કરવા તૈયાર નહોતા.

ગાંધીજીના બીજા ત્રણ પુત્રોને પણ જીવનમાં કોઈને કોઈ કાળે પોતે ચાલુ શિક્ષણમાં ભણવા ન પામ્યા તેને અંગે થોડો અસંતોષ હતો, એમ પ્યારેલાલ નોંધે છે. પરંતુ તેઓ એમ પણ કહે છે કે ત્રણે જણના મનમાં આ અંગેનો વસવસો પાછળથી દૂર થઈ ગયો હતો. ત્રણેને પિતા વિષે પ્રેમ હતો, ગર્વ હતો, ભક્તિ હતી.

ગાંધીજીની કુટુંબભાવના વ્યાપક થતાં થતાં ક્ષિતિજવ્યાપી થઈ હતી. તેથી પોતાના રક્તસંબધના પરિવાર સાથે બીજાં પરિવારજનો કરતાં વિશેષ સંબંધ રાખવાનું તેમના મનમાંયે ઊઠતું નહોતું.

શું ગાંધીજી રંગદ્વેષી હતા?

ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના નિવાસ કાળ અંગે એક બે પ્રકારની ગેરસમજૂતીઓ પ્રવર્તે છે. આજકાલ દક્ષિણ આફ્રિકાના કેટલાક શ્યામ વર્ણના લોકો ગાંધીજીએ એક બે ઠેકાણે

એમને માટે વાપરેલા કાફરા શબ્દના ઉલ્લેખથી ખિન્નતા અનુભવે છે. એ પ્રકારની ફરિયાદો પર પોતાના તર્કની ઈમારત ચણી બીજા કેટલાક એમ કહે છે કે ગાંધીજી રંગદ્વેષી હતા!

એ વાત સાચી કે ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યાં સુધીમાં એમના પ્રેમની ક્ષિતિજો જગત વ્યાપી નહીં થઈ હોય. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓના પ્રશ્નમાં જ તેમણે રસ લીધેલો અને હિદીઓ પ્રત્યે થતો અન્યાય દૂર કરવા તેઓ સક્રિય બનેલા. આખા દેશમાં કાળા લોકો વિષે જે તિરસ્કાર દેખાડવામાં આવતો હતો અને જીવનના દરેક ક્ષેત્રમાં જે રંગદ્વેષ પ્રગટ થતો હતો તેને વિષે ગાંધીજીએ તે વખતે ઉલ્લેખનીય એવું કશું કર્યું કે કહ્યું નથી. એમના ચિંતનની તે વખતે એ મર્યાદા હતી. તે વખતે શ્યામ લોકો સારુ હિંદીઓ જે શબ્દ વાપરતા હતા તે જ શબ્દ ગાંધીજીએ પણ એક બે વાર વાપર્યો છે, એ સાચું. વળી તેમણે હિંદીઓનો કેસ રજૂ કરતાં એક બે ઠેકાણે એવી પણ લાગણી વ્યક્ત કરી છે કે શ્યામ લોકો કરતાં હિંદીઓમાં ઘણી વધારે પ્રગતિ છે, તેથી બંને કોમને એક જ ત્રાજવે તોળીને કાયદા ન ઘડવા જોઈએ. આ દલીલમાં શ્યામ લોકો કરતાં હિંદીઓ કાંઈક ચડિયાતા છે એવી ભાવના રહેલી છે અને એ ભાવના ગાંધીજીના લખાણોમાં ક્વચિત પ્રગટ પણ થઇ છે, એ વાત ખરી. બાકી મનુષ્ય મનુષ્ય વચ્ચેના વહેવારમાં તો તે વખતે પણ ગાંધીજીના મનમાં રંગદ્વેષની ભાવના હોય એવું પ્રગટ થતું નથી.

તેઓ ભારતથી બીજી વાર આફ્રિકા જતા હતા અને ડરબન બંદરે એમનો વિરોધ કરવા ગોરાઓએ પોતાના ઘરોમાં કામ કરતા શ્યામ લોકોનો ઉપયોગ વિરોધ પ્રદર્શનોમાં કરેલો. પણ ગાંધીજીએ એને લીધે એમને વિષે જરાય દ્વેષ ભાવ દેખાડયો નહોતો. સત્યાગ્રહ આન્દોલનમાં મહદ્ અંશે હિંદી લોકો હતા, તે ઉપરાંત કેટલાક ગોરા, કેટલાક ચીનાઓ અને કેટલાક મલય લોકો એમાં ભળ્યા હતા. પણ સ્થાનિક શ્યામ વર્ણના લોકોની સંખ્યા નોંધપાત્ર નહોતી, એ પણ સાચું. પણ ફીનિક્સ વસાહત જ્યાં હતી ત્યાં આસપાસ શ્યામવર્ણના ઘણા લોકો રહેતા હતા. તેઓ જતાં આવતાં વિસામો લેવા આશ્રમમાં આવતા ત્યારે તેમનું સ્વાગત થતું. તેમને ખાવાપીવાનું પણ આપવામાં આવતું. એમને માટે પારસી રુસ્તમજીને કહીને ગાંધીજીએ એક તળાવ પણ બંધાવી આપેલું. અને ફીનિક્સ વાસીઓનો આટલાં વર્ષોમાં શ્યામ વર્ણના પાડોશીઓ સાથે એક વાર પણ ઝગડો થયેલો નોંધાયો નથી. જેલમાં કોઈ ગુનેગાર કાળા કેદીએ ગાંધીજીને પાયખાનામાંથી બહાર ધકેલી મૂક્યા હતા. તેની નોંધ ગાંધીજીએ કરી છે, પણ તેમાં ક્યાંય આખી શ્યામ પ્રજા વિષે તિરસ્કાર વ્યક્ત કર્યો નથી.

ઝુલુ લડાઈ વખતે ગાંધીજીએ સામ્રાજ્ય પ્રત્યેની હિંદીઓની વફાદારી સિદ્ધ કરવા ઝોળી ઊંચકનારી ટુકડી બનાવી હતી. તે લડાઈ લડાઈ જ નહોતી. ગોરા લોકો દ્વારા શ્યામ લોકોનો એકપક્ષી સંહાર થયો હતો તેની નોંધ ગાંધીજીએ કરી છે. ઘાયલ થયેલા શ્યામ લોકોની સેવા, કેટલાક ગોરાઓના વિરોધ છતાં, ખૂબ પ્રેમપૂર્વક ગાંધીજીએ કરી હતી અને ભાષા ન જાણતા હોવા છતાં ગાંધીજી એમના પ્રેમપાત્ર બન્યા હતા. દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે ગાંધીજીએ બે યુદ્ધોમાં ઝોળી ઉપાડનાર ટુકડી બનાવી હતી.

ગાંધીજીએ પહેલા વિશ્વયુદ્ધ વખતે યુદ્ધમાં સૈનિક ભરતી કેમ કરાવી હતી?

ભારત આવ્યા પછી પહેલા વિશ્વયુદ્ધ વખતે ગાંધીજીએ યુદ્ધમાં સૈનિક ભરતી કરવા ઘણી જહેમત ઉઠાવી હતી. અલબત તેમને એ પ્રયાસમાં બહુ દેખીતી સફળતા નહોતી મળી. આને લીધે વિશ્વના કેટલાક યુદ્ધ-વિરોધીઓનાં ભવાં ઊંચાં ચડયાં હતાં. ગાંધીજીએ આ પ્રવૃત્તિ મુખ્યત્વે બે કારણોથી ઉપાડી હતી. એક તો બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યેની વફાદારી અને બીજી એમને એ આશા હતી કે સૈન્યમાં જોડાવાથી કાયર હિંદીઓમાં કાંઈક વીરતા આવશે. અહિંસાના સિદ્ધાન્તને ધ્યાનમાં રાખીને તેમણે એટલી મર્યાદા રાખી હતી કે પોતે શસ્ત્રો નહીં ઉપાડે.

જેમને હિંસામાં શ્રદ્ધા હોય તેમને જ સૈનિક તરીકે જોડાવા તેઓ આગ્રહ કરતા. પોતાના આશ્રમના સાથીઓની પણ તેમણે ભરતી કરેલી, પણ તે શસ્ત્ર ન ઉપાડવાની મર્યાદા સાથે. યુદ્ધ અંગે ગાંધીજીના એ વખતે એવા જ વિચાર હતા. પાછળથી તેઓ યુદ્ધ માત્રનો વિરોધ કરતા થયા અને યુદ્ધનાં કારણો પણ નાબૂદ થવાં જોઈએ એમ માનતા થયા હતા. ગાંધીજીને રંગરૂટ ભરતીના કામમાં ઝાઝી સફળતા નહોતી મળી. અને આ વિષયની જાહેર ચર્ચા પણ તે વખતે ખાસ ઊછળી નહોતી.

સ્વદેશી અંદોલનના ભાગ તરીકે ગાંધીજીએ વિદેશી કાપડની હોળી કરી ત્યારે ટાગોરે કેમ મતભેદ દાખવ્યો હતો?

સ્વદેશી આંદોલનના ભાગ તરીકે ગાંધીજીએ જ્યારે વિદેશી કાપડની હોળી કરવાના કાર્યક્રમને ટેકો આપ્યો ત્યારે તેમની અને રવીન્દ્રનાથ ટાગોર વચ્ચે ઠીક ઠીક મતભેદ અને જાહેર ચર્ચા પણ થઈ હતી. ગાંધીજીના પરમ મિત્ર સી. એફ. એન્ડ્રૂઝ સાહેબ પણ વિદેશી કાપડની હોળી ન કરવી જોઈએ એ મતના હતા. રવીન્દ્રનાથને આ ચળવળ વિષે બીજી ફરિયાદ એ પણ હતી કે આન્દોલનમાં ભળવા સારુ સ્વયંસેવકો જનતા ઉપર એક પ્રકારનું દબાણ લાવે છે. આ માન્યતા પાછળ દશેક વર્ષ પહેલાં રવીન્દ્રનાથે બંગાળમાં જોયેલું સ્વદેશી આંદોલન પણ હોઈ શકે છે.

ગાંધીજીએ જાતે ચોખવટ કરી હતી કે આમાં કોઈ પણ પ્રકારનું દબાણ લાવવાનો તો પ્રશ્ન જ ન ઊઠવો જોઈએ. કાપડ બાળવાની વિરૂદ્ધ રવીન્દ્રનાથની એક દલીલ એ હતી કે એમાં લોકોનો ગુસ્સો પ્રગટ થાય છે, એટલે એ હિંસા છે.

ગાંધીજીએ ચોખવટ કરી હતી કે લોકોના મનમાં આજે પણ સારી પેઠે ક્રોધ ભરેલો છે જ. કાપડની હોળી દ્વારા તેઓ લોકોનો એ ક્રોધ વ્યક્તિને બદલે વસ્તુ ઉપર વાળી દે છે.

ગાંધીજીએ આખા દેશ માટે અર્ધા કલાકના સૂત્રયજ્ઞનો કાર્યક્રમ સૂચવેલો તેનો પણ રવીન્દ્રનાથે વિરોધ કરેલો. તેમણે કાપડ બાળવાને બદલે તે ગરીબોને વહેચવું જોઈએ એની હિમાયત કરેલી. સામાન્યપણે રવીન્દ્રનાથ મોટાં યંત્રોના સમર્થક હતા.

ગાંધીજીએ કહેલું કે મારે કરોડો લોકોને કોઈના દયા ખાઈને અપાયેલાં દાન પર નથી

રાખવાં. તેમણે એમને જાતે કાપડ તૈયાર કરી એનો સમ્માનપૂર્વક વાપરવાની સલાહ આપી હતી. અને રેંટિયો કરોડો લોકોને રોજી આપી રહેશે એવી દલીલ કરી હતી.

શું ગાંધીજી યંત્રમાત્રના વિરોધી હતા?

ગાંધીજી વિષે એક ગેરસમજૂતી એ હતી કે તેઓ યંત્રમાત્રના વિરોધી હતા, ગાંધીજીએ એ વાતનો સાફ ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આપણું આ શરીર પણ એક જટિલ મશીન જ છે. એનો હું કયાં વિરોધ કરું છું?

ગાંધીજી માત્ર એટલું જ ઈચ્છતા હતા કે માણસ યંત્રો પર અંકુશ રાખે, એ યંત્રનો ગુલામ ન બને. ગાંધીજીનું આખું દર્શન યંત્ર સંસ્કૃતિનો વિરોધ કરતું હતું. ગાંધીજીએ તેની સાથે ગળાકાપ હરીફાઈ, લોકોની રોજગારી છિનવાઈ જવી, માનવીય સંબંધો ઘટતા જવા અને માણસનું પરાયા બની જવું વગેરે અનિષ્ટો જોડાઈ જાય છે, એ વાત ઠેઠ ૧૯૦૯માં જ 'હિંદસ્વરાજ' માં કહી હતી. આજે મોટાં યંત્રોની સંસ્કૃતિને આમંત્રણ દઈને વાજતે ગાજતે લાવવામાં આવે છે. ગાંધીજીનો વિરોધ મનુષ્યને યંત્રનો દાસ બનાવવા સામે હતો.

શું ગાંધીજીનું ઉપવાસનું શસ્ત્ર જ ગેરસમજૂતી ફેલાવતું હતું?

ગાંધીજીના કેટલાક ઉપવાસો અંગે કોઈ કોઈ વાર મોટા મોટા વિદ્વાનોમાં પણ ગેરસમજૂતી પ્રવર્તતી હતી. દાખલા તરીકે અમદાવાદના મિલમજૂરો અને માલિકો વચ્ચે જ્યારે ૧૯૧૮માં મોંઘવારીના દર અંગે વિવાદ ચાલ્યો ત્યારે ઘણી વાટાઘાટોને અંતે માલિકો પોતાનું વલણ બદલવા તૈયાર ન થયા ત્યારે ગાંધીજીએ મજૂરોને હડતાળ પાડવાની સલાહ આપી. એ હડતાળ પાળવા પહેલાં મજૂરો પાસે એવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી કે પ્રશ્નનો સંપૂર્ણ નિકાલ ન આવે ત્યાં સુધી મજૂરો હડતાળને વળગી રહેશે. થોડા દિવસની હડતાળ પછી કેટલાક મજૂરો ઢીલા પડવા લાગ્યા. ગાધીજી વતી મજૂરોમાં ફરનાર છગનલાલ ગાંધીને એક ચાલમાં એવું સાંભળવા મળ્યું કે ગાંધીજી અને અનસૂયા બહેન સારાભાઈ (જે મજૂરોનાં નેતા હતાં. અને મિલ માલિક અંબાલાલ સારાભાઈનાં બહેન હતાં) તો ખાય છે, પીએ છે અને ગાડીઓમાં ફરે છે. અમે ભૂખે મરીએ છીએ.

ગાંધીજી પાસે જ્યારે આ વાત આવી ત્યારે તેઓ આ બાબત ઊંડો વિચાર કરવા લાગ્યા. એ હકીકત તો સાચી હતી કે ગાંધીજી ખાતાપીતા હતા. પણ એય હકીકત હતી કે મજૂરોએ હડતાળ અંત સુધી ન તોડવાની જાહેરમાં પ્રતિજ્ઞા લીધી હતી. ગાંધીજીએ ત્યારે ઉપવાસ કર્યા હતા. એ ઉપવાસ અંગે ગુજરાતના વિદ્વાનોમાં મૂર્ધન્ય શ્રી આનંદશંકર ધ્રુવે એવો અભિપ્રાય આપ્યો હતો કે આ ઉપવાસ માલિકો ઉપર દબાણ લાવે છે. ગાંધીજીના ઉપવાસ એમ તો મજૂરોને પોતાની પ્રતિજ્ઞા પર દૃઢ રાખવા સારુ હતા. પણ અમુક અંશે એ માલિકો ઉપર પણ દબાણ લાવતા હતા એ વાત ગાંધીજીએ સ્વીકારી હતી. પણ એ બાબતમાં લાચારી પ્રદર્શિત કરીને તેમણે માલિકોને કહ્યું હતું કે મારા પ્રાણ બચાવવા ખાતર નહીં પણ મજૂરોની માગણીમાં તથ્ય લાગતું હોય તો જ સમાધાન કરજો.

મજૂરોની માગણી આ બાબત લવાદને સોંપવાની જ હતી, માલિકોએ છેવટે શ્રી ધ્રુવને લવાદ તરીકે કામ કરવાનું સૂચન કર્યું તે મજૂરો વતી ગાંધીજીએ ખુશીથી સ્વીકારી લીધું. ગાંધીજીને શ્રી ધ્રુવની ન્યાયપ્રિયતા વિષે પૂરી શ્રદ્ધા હતી. બંને પક્ષે એક જ લવાદ નિમાયા. લવાદે વિષયનો પૂરો અભ્યાસ કર્યા પછી જે ચુકાદો આપ્યો તે પૂરો મજૂરોની માગણી મુજબનો જ હતો. ત્યાર બાદ અમદાવાદમાં માલિક-મજૂરો વચ્ચેના વિવાદનો ઉકેલ લવાદીની મારફત લાવવાનો રિવાજ શરૂ થયો, જે આજ લગી ચાલુ છે.

❖

## ગાંધી ક્યાંક હશે ભારતમાં

ગાંધીના સપનાનું ભારત આજ કઈ હાલતમાં?
ગાંધી ક્યાંક હશે ભારતમાં!
ચંદન-કાષ્ઠનાં પોઢણ પોઢી,
પુષ્પો કેરી ચાદર ઓઢી, (૨)
કેમ રહ્યા આરતમાં?
ગાંધી ક્યાંક હશે ભારતમાં!
'રાષ્ટ્રપિતા' કહીને સન્માન્યા,
જીવનમાં એને ના જાણ્યા, (૨)
ગરક રહ્યા સ્વારથમાં.
ગાંધી ક્યાંક હશે ભારતમાં!
તેઓ રાજઘાટની સમાધિ
આપણ આધિ, વ્યાધિ, ઉપાધિ,
(૨) સત્તા, પદ, સંપદમાં,
ગાંધી ક્યાંક હશે ભારતમાં!
ગાંધીના સપનાનું ભારત આજ કઈ હાલતમાં?
ગાંધી ક્યાંક હશે ભારતમાં!

## પ્રાર્થના સંઘની પ્રવૃતિઓ

૧. પુસ્તકાલય - વાંચનાલયઃ મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય, કસ્તુરબા મહિલા પુસ્તકાલય અને જવાહરલાલ નહેરુ બાળ પુસ્તકાલય.
સમય : સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

૨. 'પ્રાર્થનાસંઘ ઇ-લાઇબ્રેરી' સંચાલકઃ નરેશ કાપડીઆ
Email:prathanasangh.elib@gmail.com

3. પ્રાર્થના માસિકનું પ્રકાશનઃ સંપાદકઃ નરેશ કાપડીઆ

૪. યોગના વર્ગો :
૧. શ્રી ચંદ્રેશભાઇ ગોળવાળા : સોમવારથી શનિવાર સવારે ૭થી ૮
૨. શ્રીમતી કામિનીબેન જરીવાળા : સોમવારથી શુક્રવાર સાંજે ૪થી ૫
૩. શ્રીમતી જયશ્રીબેન ધાયલ : સોમવારથી શુક્રવાર સાંજે ૫થી ૬
૪. શ્રીમતી કંચનબેન ડાભી : સોમવારથી શુક્રવાર સવારે ૧૦થી ૧૧

૫. યોગ ચિકિત્સા : યોગ થેરાપી : ડો. અમીબેન દેસાઇઃ સોમવારથી શુક્રવાર સવારે ૫.૪૫ થી ૧૧.૩૦, સાંજે ૩.૪૫થી ૬.૧૫. શનિવાર અને રવિવાર સવારે ૬.૩૦ થી ૮.૩૦

૬. નેચરોપથી સારવાર કેન્દ્રઃ નેચરોપેથ શ્રી ધવલ સરૈયાઃ સોમવારથી શુક્રવાર સવારે ૬થી ૧૨, સાંજે ૩થી ૮, શનિવારે સવારે ૧૦થી ૬

૭. ફિઝિયોથેરાપી સેન્ટર : ડૉ. પૂનમબેન શાહ : સોમવારથી શનિવાર સવારે ૮.૩૦ થી ૧, સોમવારથી શનિવાર સાંજે ૪થી ૭.

૮. હોમિયોપેથિક સારવાર કેન્દ્રઃ ડો. આયુષીબેન દેસાઇઃ સોમવારથી શનિવાર સવારે ૯.૩૦થી ૧૨.૩૦.

૯. કેન્સર, એઇડ્સ સારવાર (વિના મૂલ્યે) : ડૉ. ભાસ્કર વખારીયા (એમ.ડી.ફિઝીશિયન) : દર શનિવારે સાંજે ૭થી..

૧૦. કેન્સર તથા લીવર માટે હર્બલ દવાઓ (વિના મૂલ્યે): ડૉ. મેઘનાબેન અધ્વર્યુ : દર શનિવારે સાંજે ૭થી..

૧૧. સિવણ ઉદ્યોગ કેન્દ્રઃ (બહેનો માટે સ્વરોજગારની તાલીમ)ઃ શ્રી વિનુભાઈ ફૂલવાડીઃ સોમવારથી શનિવાર. બપોરે ૧થી ૪

૧૨. કરાઓકે સંગીતના વર્ગોઃ શ્રી ધર્મેશભાઈ અંકલેશ્વરીયાઃ દર ગુરુવારે ૫.૩૦ થી ૯, દર રવિવારે ૧૦થી ૨

૧૩. શાસ્ત્રીય સુગમ સંગીતઃ ઉસ્તાદ ગુલામ ફરીદઃ સોમ-બુધ-શુક્ર ૨.૩૦થી ૭

૧૪. કી-બોર્ડ, વાદ્ય સંગીત અને રેકોર્ડિંગઃ શ્રી પરેશભાઈ અંકલેશ્વરીયાઃ શનિવારે સવારે ૧૦થી ૧૧.૩૦ અને રવિવારે સવારે ૧૦થી ૧૧.

૧૫. રેકોર્ડિંગ : શ્રી પરેશભાઈઃ રવિવારે ૧૨.૩૦ થી ૨.૩૦.

૧૬. દાદા ભગવાન સંસ્કાર કેન્દ્રઃ રવિવારે ૪થી ૬

૧૭. દાદા ભગવાન યુવતી સંસ્કાર કેન્દ્રઃ શ્રીમતી હેતલબેન દલાલઃ દર મંગળવાર સાંજે ૪થી ૬

૧૮. જીમનાસ્ટિક પ્રવૃત્તિઃ શ્રી દિવ્યેશભાઈ કદમઃ સોમવારથી શુક્રવાર ૬થી ૮

૧૯. શ્રી અનિરુધ્ધ ઉપસના કેન્દ્રઃ ધૂન-ધ્યાનનો કાર્યક્રમઃ શનિવારે સાંજે ૬થી ૭.૩૦

૨૦. સ્વ. ગિરીશચંદ્ર ભદ્રશંકર ધ્યાન મંદિરઃ સવારે ૬થી સાંજે ૬

૨૧. વસ્ત્રદાનઃ શ્રી વલ્લભભાઈ ડાભીઃ આદિવાસીઓ માટે કપડાં સ્વીકારવા અને જરૂરિયાતમંદોને વિતરણ કરવું.

૨૨. કથકઃ સ્નેહલતાબેનઃ શુક્રવારે ૬.૩૦થી ૮, શનિવારે સાંજે ૩.૩૦ થી ૬.૩૦ અને રવિવારે સવારે ૧૦થી ૧.

૨૩. સાયક્રાટિસ્ટ, ટેરોકાર્ડ, એસ્ટ્રોલોજિસ્ટઃ સીમાબેન અધ્વર્યુ : સોમવારથી શુક્રવાર ૧૨થી ૨.